Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૩
તા.૩૧-૧૦-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૫  સૂર્યાસ્ત : ૦૬:૦૨

તાપમાન: ડીસા ૩૬.૪ | અમદાવાદ ૩૫.૬ | ગાંધીનગર ૩૭.૦ | વડોદરા ૩૬.૦ | સુરત ૩૬.૪ | નલિયા ૩૫.૮

ચાંદી : ૪૦,૫૦૦  સોનું : ૩૦,૨૫૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17  RNI No 20508/71  Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# જીએસટી-નોટબંધી અર્થવ્યવસ્થા ધ્વસ્ત કરનારા બોમ્બ : રાહુલ

## રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા, આઠ નવેમ્બર દુખનો દિવસ હોવાનું જણાવ્યું : કોંગ્રેસ 'ભુગત રહા હૈ દેશ'નામથી કેમ્પેન કરશે : સરકારના જશ્ન સામે કોંગ્રેસ વિરોધ-ધરણાં કરશે : દરેક જગ્યાએ રાત્રે આઠ વાગ્યે કેન્ડલ માર્ચ નીકળશે

નવીદિલ્હી

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે પાર્ટી હેડક્વાર્ટર ખાતે પાર્ટીના મહાસચિવ અને રાજયોના પ્રભારીઓ સાથે મહત્વપૂર્ણ વાતચીત કરી હતી. બેઠક બાદ રાહુલે કહ્યું હતું કે, નોટબંધીના પરિણામ સ્વરુપે લોકોને ભારે નુકસાન થયું છે. નોટબંધી અને જીએસટીને લઈને રાહુલે ફરી એકવાર સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, નોટબંધીના દિવસે ૮મી નવેમ્બરે ભાજપના લોકો ઉજવણી કરનાર છે. તેમને આ વાત સમજાઈ રહી નથી. રાહુલે કહ્યું હતું કે, દેશની અર્થવ્યવસ્થાને જીએસટી અને નોટબંધીના કારણે મોટો ફટકો પડ્યો છે. આની તુલના બોંબ અને ટોર્પીડો સાથે રાહુલે કરી હતી. તેમણે કહ્યું હતું કે, મોદી સરકારે બે મોટી આર્થિક નીતિ નોટબંધી અને જીએસટીથી લોકોને ખુબ નુકસાન કર્યું છે. સારા વિચારને કઈ રીતે ભ્રષ્ટ કરી શકાય છે તેનો દાખલો જીએસટી છે. રાહુલે ઉમેર્યું હતું કે, મોદી સરકારે દેશની અર્થવ્યવસ્થા પર નોટબંધી અને જીએસટીના બે બોંબ ઝીંક્યા છે. રાહુલે નોટબંધી અને જીએસટીને ટોર્પીડો ગણાવીને કહ્યું હતું કે, એક ટોર્પીડોએ અર્થવ્યવસ્થાને મોટો ફટકો આપ્યો છે. બીજો મુદ્દો વધુ ખતરનાક રહ્યો છે. પહેલો ટોર્પીડો નોટબંધીનો હતો જ્યારે બીજો જીએસટીનો રહ્યો છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીને એક વર્ષનો ગાળો પૂર્ણ થઇ રહ્યો છે. કોંગ્રેસ તે દિવસે દેશભરમાં વિરોધ પ્રદર્શન

અનુસંધાન પાના નં.૬

### રાત-દિવસ કામ કરશે કાર્યકરો, ઘેર-ઘેર જશે કાર્યકરો

## મતદારોને રિઝવવા ભાજપનો માસ્ટર સ્ટ્રોક, ૧.૫ કરોડ લોકોની રૂબરૂ મુલાકાત લેવાશે

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

૭ નવેમ્બરથી ભાજપ ૩ ફેઝમાં મતદારોનો સાથે સીધો સંપર્ક સાધવા માટે પ્લાન ઘડી રહી છે. આ પ્લાનમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરેકે-દરેક વોટર્સના ઘરે જઈને તેમનો સંપર્ક સાધવામાં આવશે. આ કાર્યક્રમ ભાજપ ચીફ અમિત શાહની સૌરાષ્ટ્ર યાત્રા સાથે શરુ થશે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં જયારે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી યોજાય તે પહેલા ભાજપના કાર્યકરો વિસ્તારના દરેક દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે.

સૌરાષ્ટ અને કચ્છ વિસ્તારની ૫૪ સીટો પૈકી ૩૯ સીટો ભાજપની છે. ભાજપના જામનગરના ઈન્ચાર્જ ધનસુખ ભંડેરીએ જણાવ્યું હતું કે, 'અમારા બુથલેવલના કાર્યકરો ૭ નવેમ્બરથી મતદારોને આકર્ષવા માટે ડોર-ટુ-ડોર કેમ્પેઈનની શરુઆત કરશે. જે ૧૩ નવેમ્બર સુધી ચાલશે.' કાર્યકરો ૪૦થી ૪૫ લાખ ઘરોની મુલાકાત લેશે. જેમાં ૧.૫ કરોડ જેટલા વોટર્સનો સીધો સંપર્ક કરાશે. રાજકોટના ભાજપ પાર્ટી પ્રવકતા રાજુ ધ્રુવે જણાવ્યું હતું કે, 'અમે દરેક મતદાતાને પર્સનલી મળીશું.' પાર્ટી ઓફિશિયલ્સ દ્વારા જણાવાયું હતું કે, 'પાર્ટીના કાર્યકરો પ્રથમ તબક્કામાં સરકારની લોકકેન્દ્રીત નીતિઓ અને યોજનાઓ દર્શાવતા લીફલેટ્સનું વિતરણ કરશે. અમદાવાદમાં એક ટીમ આ

અનુસંધાન પાના નં.૬

### રાજ્યના નાણાં પ્રધાનોની પેનલ દ્વારા નવા સુચન

## રેસ્ટોરન્ટ અને સ્મોલ બિઝનેસ માટે જીએસટી કાપની માંગણી

**નાના કારોબારીઓ, મેન્યુફેક્ચર્સ તેમજ હોટેલોને વધારે રાહત આપવા માટેની ભલામણ : ટુંકમાં વધુ રાહત મળશે**

નવી દિલ્હી

જીએસટીને લઈને કેટલાક સ્તરે હોબાળો મચેલો છે ત્યારે હવે રેસ્ટોરન્ટ અને નાના કારોબારીઓ માટે જીએસટીમાં કાપ મુકવાનો તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરુપે સેલ્ફ સર્વિસ ભોજનાલય અથવા તો રેસ્ટોરન્ટ માટે ૧૨ ટકાનો ફ્લેટ રેટ રાખવાની હિલચાલ ચાલી રહી છે. જો કે, આ અંગેનો નિર્ણય જીએસટી કાઉન્સિલ લેશે. જે સૂચિત ફેરફાર અંગે ચર્ચા ચાલી રહી છે તે મુજબ નાના કારોબારીઓમાં વર્તમાન એક ટકાના બદલે ૦.૫ અને એક ટકાનો દર રાખવામાં આવશે. મેન્યુફેક્ચર્સ માટે વર્તમાન બે ટકાના બદલે એક ટકા અને રેસ્ટોરન્ટ માટે પાંચ ટકાના બદલે એક ટકા રેટ રાખવામાં આવી શકે છે. જુદા જુદા રાજ્યોના નાણાં પ્રધાનોની પેનલે રેસ્ટોરન્ટમાં અને નાના કારોબારીઓ માટે જીએસટી રેટમાં કાપ મુકવા માટે સુચન કર્યું છે. વધુ રાહત આપવાના વિકલ્પ પર ચર્ચા ચાલી

અનુસંધાન પાના નં.૬

### યોજનાઓને નવા ક્લેવર સાથે રજૂ કરવા તખ્તો તૈયાર

## મોદીની ઓબીસી વર્ગના કલ્યાણ માટે અનેક નવી યોજનાઓ તૈયાર

### ઓબીસી વિદ્યાર્થીઓ માટે રહેવાના શ્રેષ્ઠ હોસ્ટેલોની સાથે સ્કોલરશીપ આપવા યોજના : વિદ્યાર્થીઓને બેડની સાથે સ્ટડી ટેબલ અને ખુરશીની પણ વ્યવસ્થા

નવી દિલ્હી

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓબીસી વર્ગને પ્રભાવિત કરવા માટે સમાજ કલ્યાણની કેટલીક યોજનાને નવા ક્લેવરમાં રજૂ કરવાની તૈયારી કરી લીધી છે. ઓબીસી વિદ્યાર્થીઓ માટે રહેવાની શાનદાર જગ્યાની સાથે સાથે સ્કોલરશીપ આપવાના વિકલ્પ પર તૈયારી કરી લેવામાં આવી છે. સમાજ કલ્યાણ મંત્રાલય દ્વારા આના માટે સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. સમાજ કલ્યાણ મંત્રાલય કેટલીક નવી યોજના ઓબીસી વર્ગના વિદ્યાર્થીઓ માટે લાવનાર છે. મંત્રાલય આની સાથે સાથે એવી પણ ખાતરી કરશે કે તમામ યોજનાનો લાભ જરૂરીયાતવાળા ઓબીસી વિદ્યાર્થીઓને સરળ રીતે મળી શકે. આ પહેલની પાછળ મંત્રાલયના પ્રયાસ છે કે વધુને વધુ ઓબીસી વર્ગને લાભની હદમાં લાવવામાં આવે. મંત્રાલય આના માટે નવી નવી હોસ્ટેલના નિર્માણ માટે માર્ગદર્શન પણ જારી કરશે. મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ નવી હોસ્ટેલ વધુ સારી ગુણવત્તાવાળી તો રહેશે. સાથે સાથે ઉર્જા બચાવનાર પણ હેશે. આ ઈમારતમાં તમામ સુવિધા રહેશે. જેમાં મોટા રૂમ, અલમારી અને શૌચાલય પણ રહેશે. વિદ્યાર્થીઓની સાથે બેડની સાથે સ્ટડી ટેબલ અને ખુરશી પણ રહેશે. હાલમાં બન્ને રાજ્યોમાં ઓબીસી વિદ્યાર્થીઓને મળી રહેલી હોસ્ટેલની સુવિધા ખરાબ હાલતમાં છે. યોજનાના ભાગરૂપે સ્કુલ ડ્રોપઆઉટ રેટ પણ ચકાસવામાં આવનાર છે. ખાસ કરીને ઓબીસી વિદ્યાર્થીઓની તકલીફોને જાણવાના પ્રયાસ કરવામાં આવનાર છે. સરકારના પ્રયાસ છતાં હજુ સુધી દેશમાં તમામ સુવિધા સાથે સજ્જ હોસ્ટેલોના નિર્માણની કામગીરી બાકી રહી છે. મંત્રાલય તરફથી હોસ્ટેલના નિર્માણ માટે કેટલાક માપદંડ નક્કી કરવામાં આવનાર છે. નવી ગાઈડલાઈન્સ મુજબ

અનુસંધાન પાના નં.૬

### તપાસ સમિતિએ રિપોર્ટમાં કલીનચીટ આપી દીધી

## સિવિલ શિશુ મોતમાં સિવિલ હોસ્પિટલને કલીનચીટ મળી

### તપાસ સમિતિએ ઓન ડયુટી ડોકટર્સ-નર્સના નિવેદનો લીધા-સારવાર-સાધનોની કરેલી તપાસ

અમદાવાદ

સિવિલ હોસ્પિટલમાં સેપ્ટીસિનિયા ઈન્ફેકશનના કારણે ત્રણ જ દિવસમાં ૨૦થી વધુ નવજાત શિશુઓના મોત નીપજવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા પ્રકરણમાં સરકાર દ્વારા નીમાયેલી ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિએ પ્રાથમિક તપાસના અંતે સિવિલ હોસ્પિટલને કલીનચિટ્ આપી છે. તબીબી શિક્ષણ વિભાગના નાયબ નિયામક ડો.રાઘવ કે.દીક્ષીતની અધ્યક્ષતામાં નીમાયેલી તપાસ સમિતિએ ઓન ડયુટી ડોકટર્સ અને નર્સના નિવેદન લીધા હતા અને સમગ્ર ઘટનામાં સિવિલ હોસ્પિટલના સાધનો અને સારવારના વ્યવસ્થાપનોની તપાસ પણ કરી હતી અને તપાસના અંતે સમગ્ર મામલામાં સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓ કે તબીબોની કોઇ ચૂક કે બેદરકારી જણાઇ ન હતી અને તેથી સમગ્ર પ્રકરણમાં સિવિલ હોસ્પિટલને કલીન ચિટ્ અપાઇ હતી. સિવિલ હોસ્પિટલમાં ૨૦થી વધુ નવજાત શિશુઓના મોત પ્રકરણમાં અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. સિવિલ હોસ્પિટલના સત્તાધીશોથી માંડી ખુદ રાજયનું આરોગ્ય તંત્ર આ ઘટનાને લઇ દોડતુ થઇ ગયું હતું. ઘટનાના વિરોધમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સિવિલ હોસ્પિટલમાં સુપ્રિટેન્ડન્ટની ઓફિસ ખાતે ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા અને જબરદસ્ત તોડફોડ મચાવવામાં આવી હતી. જેને પગલે પોલીસે સંખ્યાબંધ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી. તો બીજીબાજુ, આમ આદમી પાર્ટીના નેતાઓ પણ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા અને કસૂરવાર સત્તાધીશોના રાજીનામા માંગ્યા હતા. તો, એનસીપીના નેતાઓ પણ ચિત્રમાં આવી ગયા હતા અને કસૂરવારો સામે પગલાં ભરવા માંગણી કરી હતી. સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ દિવસમાં સેપ્ટીસિનિયા ઈન્ફેકશનના કારણે એક જ દિવસમાં ૨૦ જેટલા નવજાત બાળકોના મોત નીપજયા હતા. સિવિલ હોસ્પિટલ સત્તાવાળાઓ અને આરોગ્ય વિભાગના સત્તાધીશો તરફથી સમગ્ર ઘટનામાં એવો બચાવ રજૂ કરાયો હતો, ખરેખર આ બાળકો ઓછા વજન અને ઈન્ફેકશનગ્રસ્ત હાલતમાં જ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, અમે તેઓને પૂરતી અને સઘન સારવાર આપી બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પહેલેથી જ તેમની હાલત ગંભીર હોવાથી બચાવી શકાયા ન હતા. જો કે, વિવિધ રાજકીય પક્ષો દ્વારા મચાવાયેલા હોબાળા અને પ્રજામાં ભભૂકી ઉઠેલા આક્રોશને જોઇ સરકારે ગઇકાલે સાંજે જ અરજન્ટ ધોરણે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી દીધી હતી. આ તપાસ સમિતિના સભ્યોએ

અનુસંધાન પાના નં.૬

### હોટલાઈન ઉપર વાતચીત વેળા ભારતની પાકિસ્તાનને ચેતવણી

## ત્રાસવાદી ઘુસણખોરીને ભારત કોઇ કિંમતે ચલાવી નહીં લે

### જુલાઈ-સપ્ટેમ્બર બાદ ફરીવાર ભારત અને પાકિસ્તાનની વચ્ચે ડીજીએમઓ સ્તરની વાતચીત : નાગરિકોને ક્યારે ટાર્ગેટ બનાવાશે નહીં : ભારતની ખાતરી

નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાનમાં ડીજીએમઓ (ડિરેક્ટર જનરલ ઓફ મિલેટ્રી ઓપરેશન)ની હોટ લાઈન ઉપર વાતચીત થઇ હતી. આ વાતચીત પહેલાથી નક્કી કરવામાં આવી ન હતી. પાકિસ્તાન તરફથી આ વાતચીત માટે અપીલ કરવામાં આવી હતી. આ અગાઉ જુલાઈ અને સપ્ટેમ્બર મહિનામાં પણ બંને દેશો વચ્ચે ડીજીએમઓની એકાએક વાતચીત થઇ હતી. ડીજીએમઓ સ્તરની વાતચીતમાં ભારતે પાકિસ્તાન ને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ત્રાસવાદી પ્રવૃત્તિને કોઇપણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. ઘુસણખોરીને પણ કોઇ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. આજે દિવસમાં બપોરના ગાળામાં બે વાગે વાતચીત થઇ હતી. પાકિસ્તાનના ડીજીએમ ઓએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભારતીય સુરક્ષા દળોએ અંકુશરેખા ઉપર કોઇપણ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો છે. ભારતના ડીજીએમઓ લેફ્ટી જનરલ એકે ભટ્ટે પાકિસ્તાનના ડીજીએમઓ સમક્ષ ભારપૂર્વક કહ્યું હતું કે, હથિયાર સાથે સજ્જ ત્રાસવાદીઓ પાકિસ્તાની આર્મીના સમર્થનમાં આગળ આવી રહ્યા છે જેના જવાબમાં ભારતીય સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓને પાકિસ્તાની સેના સમર્થન આપી રહી છે. ભારતના ડીજીએમ ઓએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ ત્રાસવાદીઓ ઘુસણ ખોરી કરીને ભારતમાં પ્રવેશ કરવા ઈચ્છુક હતા. ભારતીય સેનાને ટાર્ગેટ બનાવવા ઈચ્છુક હતા. તેમની પાસે ઘાતક હથિયારો હતા. પાકિસ્તાની સેના ત્રાસવાદીઓને સમર્થન આપી રહી છે જે કોઇ કિંમતે ચલાવી લેવાશે નહીં. જો ત્રાસવાદીઓ અંકુશરેખા પાર કરતી વેળા પાકિસ્તાની સેના તરફથી સમર્થન મેળવતા રહેશે તો તેમને નુકસાન ઉઠાવવું પડશે. ભારતીય સેના ભવિષ્યમાં પણ કઠોર પગલા લેતી રહેશે. ભારતીય ડીજીએમઓએ એમ પણ કહ્યું હતું કે, ભારતીય સેના હમેશા પ્રોફેશનલ માપદંડને લઇને આગળ વધશે. ક્યારે પણ નાગરિકોને ટાર્ગેટ બનાવશે નહીં. ભટ્ટે એમ પણ કહ્યું હતું કે, ભારતીય સેના ક્યારે પણ ગોળીબાર કરી રહી નથી. માત્ર જવાબ આપી રહી છે. બીજી બાજુ પાકિસ્તાન સરકારે હાલમાં જ ૬૮ ભારતીય માછીમારોને છોડી મુક્યા હતા. પાટનગર સ્થિત પાકિસ્તાની દૂતાવાસના સુત્રોએ કહ્યું હતું કે, તેમને વાઘા સરહદના રસ્તે પ્રદેશ મોકલી દેવામાં આવ્યા છે. આ માછીમારો ખોટી રીતે પાકિસ્તાનની સરહદમાં ઘુસી ગયા હતા.

## કોંગ્રેસ લોકોના અસંતોષ, સરકારની નિષ્ફળતા પર વધુ ફોકસ કરશે

(જી.એન.એસ) અમદાવાદ

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે 'આ પાર કે પેલે પાર' જેવી રાજકીય સ્થિતિ ઉદ્ભવી છે. રાજ્યમાં ભાજપના સળંગ બાવીસ વર્ષના શાસનથી સ્વાભાવિકપણે પ્રજામાં અમુકઅંશે 'એન્ટિ-ઈન્કમ બન્સી' જોવા મળે છે. વિધાનસભાની ૧૮૨ બેઠક પૈકી એક-એક બેઠકના ઉમેદવાર નક્કી કરવામાં રાહુલ ગાંધીની રાહબરી હેઠળ 'માઈક્રો પ્લાનિંગ' કરનાર પક્ષ આગામી દિવસોમાં પ્રજામાં ફેલાયેલા અસંતોષ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને રાજનીતિ કરશે.

છેલ્લા કેટલાક સમયથી રાજ્યના રાજકારણમાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી ચર્ચાસ્પદ બન્યા છે. ખાસ કરીને કોંગ્રેસની રાજનીતિ આ ત્રણેય યુવા ચહેરાને ખાસ મહત્ત્વ આપીને આગળ ધપતી હોવાનું જનમાનસમાં વર્તાઇ રહ્યું છે. મતદારોને આકર્ષી શકે તેવા ચહેરાની તલાશમાં પક્ષ હાઈકમાન્ડે અલ્પેશ ઠાકોરનું દબદબાભેર કોંગ્રેસમાં સ્વાગત કર્યું છે, જોકે અલ્પેશ ઠાકોરના કોંગ્રેસ પ્રવેશથી અન્ય સમાજમાં ગણગણાટ ફેલાયો છે.

પ્રદેશ કોંગ્રેસનાં સૂત્રો કહે છે, "હાઈકમાન્ડને પણ અન્ય કોંગ્રેસ સમર્થક સમાજમાં સતત આ યુવા ત્રિપુટીને લઇ અપાઇ રહેલા મહત્ત્વની ચર્ચાઓ થઇ રહી છે. યુવા ત્રિપુટીના કારણે પક્ષ પોતાના મૂળ મુદ્દાઓથી કંઈક અંશે ફંટાઇ ગયો છે તેમ પક્ષના કેટલાક આગેવાનોને પણ લાગી રહ્યું છે. આ નેતાઓએ પોતાની લાગણીથી પક્ષ હાઈકમાન્ડને વાકેફ પણ કરેલ છે.

આ બધા કારણસર હાઈકમાન્ડે હવે પછી એન્ટિ-ઈક્રમબન્સી પર વધુ ભાર મૂકવાનો નિર્ણય લીધો છે."

કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રીય સ્તરના નેતાઓના ગુજરાત પ્રવાસનું આયોજન ઘડી કઢાયું છે. હવે પક્ષ સોશિયલ મીડિયા ઉપરાંત રાષ્ટ્રીય નેતાઓની જાહેર સભાના માધ્યમથી પ્રજામાં જીએસટી, મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, શિક્ષણ-આવાસ અને આરોગ્ય ક્ષેત્રનું ખાનગીકરણ વગેરે મુદ્દાઓ પર ફેલાયેલા અસંતોષને વાચા આપીને મતદારોની સહાનુભૂતિ મેળવશે. ડો.મનમોહનસિંહ, સામ પિત્રોડા, શશી થરુર, નવજોતસિંહ સિદ્ધુ, જ્યોતિરાવ સિંધિયા, કામ્યા, આનંદ શર્મા વગેરેના ગુજરાત પ્રવાસમાં સરકારની નિષ્ફળતાઓ વિશે આક્રમક વલણ અપનાવાશે.

### વિચાર વૈભવ...

## સપનું !

લૂઈ નામની એક સ્ત્રીને એક દિવસ સપનું આવ્યું. સપનું ખરેખર ભયંકર હતું. સપનામાં એણે જોયું કે નર્કમાંથી કોઈ એને કાગળ લખી રહ્યું હતું. ચારે તરફ ચિચિયારીઓ સંભળાતી હતી. હૃદયને થંભાવી દે અને ભયથી ગાત્રોને ગાળી દે તેવા અવાજો આવતા હતા. આગના ભડકા બળી રહ્યા હતા. ભડકે બળતી આગ અને દર્દનાક અવાજો વચ્ચે કોઈ બેઠું હતું. એ કોણ હતું એ જોવાની લૂઈએ કોશિશ કરી. પરંતુ આગના ભડકાઓ વચ્ચે લખનારનો ચહેરો એ સ્પષ્ટ જોઈ ન શકી. એ એટલું જ જોઈ શકી કે પેલી વ્યક્તિએ એ કાગળ શિંગડાવાળા દૂતને આપ્યો અને લૂઈને આપી આવવા જણાવ્યું.

લૂઈએ જોયું કે નર્કનો દૂત પેલી ટપાલ લઈને બરાબર એના ઘરની સામે જ ઊતર્યો. દીવાલની આરપાર ચાલીને એ ઘરમાં આવ્યો અને લૂઈના હાથમાં એ કાગળ આપ્યો.દૂતના ગયા પછી ધ્રૂજતા હાથે લૂઈએ કાગળ ખોલ્યો. એમાં લખ્યું હતું.'મારી વહાલી મિત્ર લૂઈ!

આજે હું નર્કમાં છું. તને આ કાગળ લખવા પાછળનું પ્રયોજન એટલું જ છે કે હું અહીંયા આવી એની પાછળ મારા પોતાના સિવાય અન્ય જ કોઈ જવાબદાર હોય તે સાને હું જાણ કરવા માંગું છું. હું માનું છું કે મને નર્કમાં ધકેલવા માટે તું પણ અમુક અંશે જવાબદાર છો. તને આ વાંચીને નવાઈ લાગશે. પરંતુ હું તને જરા વિસ્તારથી સમજાવું છું.'

આટલું વાંચતા જ લૂઈને પરસેવો થઈ ગયો. એના હાથની ધ્રુજારી થોડી વધી ગઈ. એણે ફરીથી કાગળમાં નજર નાખી અને આગળ વાંચવા લાગી. લખ્યું હતું, 'જો લૂઈ! હું તારી મિત્ર હતી. અરે! તારી ખાસ મિત્ર હતી એમ કહું તો પણ ચાલે કારણ કે આપણી દોસ્તી જ એવી હતી. આપણે રાતદિવસ જોડે રહેતાં, ગપ્પા મારતાં, પિકનિક કરતાં, રેસ્ટોરંટમાં જતાં. ખૂબ મજા કરતાં. આપણે આટલાં નજીક હતાં. પરંતુ તેં મને મારી જુગારની આદત છોડાવવા કેમ ક્યારેય કાંઈ કહ્યું નહીં? તું મારી સાથે ઢગલો વાતો કરતી પણ મારી દારૂની લત અંગે કેમ એકેય વાર વાત ન કરી? તને ખબર હતી કે હું ડ્રગ્સની બંધાણી થઈ ગઈ હતી તો પણ તેં કેમ મને ક્યારેય ટોકી નહીં? ખરાબ માણસોની જોડે ઘણી બધી વાર મને ઊભેલી જોયા છતાં તું કેમ એ અંગે નહોતી બોલી? એ વખતે તું કેમ મને ખિજાઈ નહીં? કેમ તેં ક્યારેય મોં ન બગાડ્યું? તને ભગવાન પર આટલો વિશ્વાસ છે પરંતુ તેં મને ભગવાન તરફ વાળવાનો કેમ કોઈ દિવસ પ્રયાસ ન કર્યો? હું જાણું છું કે તું એવું માનતી હઈશ કે આ બધી મારી વ્યક્તિગત બાબતો છે અને એમાં તારે વળી શું કામ માથું મારવું જોઈએ, બરાબર? પરંતુ એવું નથી લૂઈ! હું પણ જાણું છું કે શિખામણ કોઈ માંગે તો જ અપાય, પરંતુ મિત્રોમાં એવો નિયમ ન પાળીએ તો ન ચાલે? તારે મને ક્યારેક તો આવી કોઈક શિખામણ આપવી હતી. હું માનું છું કે કદાચ તારી કોઈક વાત કે એકાદ શિખામણ મને નર્કની આગથી બચાવી લેત.

ટૂંકમાં મારી જિંદગીમાં પ્રકાશ પાથરવાની જે તક તારી પાસે હતી એનો તેં ઉપયોગ જ ન કર્યો. મારી સૌથી સારી મિત્ર તરીકે તેં એ મોકો ગુમાવી દીધો. એક મિત્રને બચાવવા માટે બીજા મિત્રે બધા જ પ્રયત્નો કરવા જોઈએ. મારા જીવનને સુધારવાની એક મિત્ર તરીકેની ફરજ તું ચૂકી ગઈ છો. એટલે જ એ જાણ કરવા માટે હું આજે તને પત્ર લખી રહી છું કે મારી નર્કની યાતના માટે અમુક અંશે તું પણ જવાબદાર છો. બસ!

એ જ લિ.માર્શા,

-તારી એક વખતની ખાસ મિત્ર!'

પત્ર પૂરો થયો. લૂઈ સફાળી જાગી ગઈ. એ બેબાકળી થઈ ગઈ હતી, પરસેવે રેબઝેબ હતી. બેચાર ક્ષણ પછી એને ખાતરી થઈ કે આ તો ફક્ત એક સપનું જ હતું. એક ખૂબ ખરાબ સપનું! એણે હળવી અને સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો. પરંતુ ખબર નહીં કેમ પણ પેલા નર્કની આગના ભડકા એને એની આંખ સામે એમ જ દેખાતા હતા.

એ ઊભી થઈ. બારી ખોલી એણે પોતાના અને માર્શાના સંબંધ અંગે વિચાર્યું તો પત્રની વાત એને ઘણી સાચી લાગી. ખરેખર પોતે માર્શાને સુધારવા કે સાચા રસ્તે ચડાવવા ક્યારેય પ્રયત્ન જ નહોતો કર્યો. એની જિંદગી માટે એ જ જવાબદાર છે એવું સામાન્ય વલણ પોતે પણ અપનાવી લીધું હતું. બધા એમ જ કરતા હોય છે. એમાં પોતે ખોટું પણ શું કર્યું હતું?

આવું વિચારતાં એણે થોડીવાર આંટા માર્યા. ઊંડા શ્વાસ લીધા. સવાર પડવાને હજુ ઘણી વાર હતી. સવારે ઊઠીને માર્શાને પોતે જરૂર સમજાવશે એવું નક્કી કરીને એ આડી પડી. પડ્યા પડ્યા થોડીવાર સુધી એણે હવે પોતે માર્શા નહીં માંગે તો પણ શિખામણ આપશે એવું પણ વિચાર્યું અને પછી સૂઈ ગઈ.

લૂઈ સવારે થોડી મોડી ઊઠી. આગળની રાતનું સપનું તેમજ વિચારો હજુ એના મનમાં ઘૂમરાતા હતા. ફ્રેશન થઈને એણે માર્શાના ઘરે ફોન લગાડ્યો. કોઈ બિલ નામના માણસે ફોન ઉપાડ્યો.

'માર્શાને ફોન આપશો પ્લીઝ?' લૂઈએ કહ્યું.

'લાગે છે કે તમને સમાચાર નથી મળ્યા!' બિલે કહ્યું

'કયા સમાચાર? શેના સમાચાર?' લૂઈએ થોડીક અધીરાઈ સાથે પૂછ્યું.

'કાલે રાત્રે નવ વાગ્યે ચિક્કાર દારૂ પીને કાર ચલાવતી વેળા માર્શાની કાર અથડાઈ ગઈ અને એ સ્થળ પર જ મૃત્યુ પામી!' બિલે જણાવ્યું.

લૂઈના હાથમાંથી ફોન પડી ગયો. એ સ્તબ્ધ થઈ ગઈ. બસ, એમ જ ઊભી રહી ગઈ.

આપણાં સગાંવહાલાં કે મિત્રોને શિખામણ કે સાચી સલાહ આપવામાં શું કામ સંકોચ અનુભવવો? બહુ બહુ તો એમને ખોટું લાગશે, કે આપણને બે શબ્દો સંભળાવી દેશે! પરંતુ જિંદગી કદાચ કહેવાનો મોકો જ ન આપે તો? એના કરતા તો જે કહેવું હોય તે કહી જ દેવું!

આઈ.કે.વીજળીવાળા

**સૂર્યોદય - ૬.૪૨ સૂર્યાસ્ત - ૬.૦૬**

## તિથિદર્શન

કારતક સુદ-૧૧ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :અગીયારસ મંગળવાર નક્ષત્ર:શતતારા સવારે ૭.૩૮ પછી પુર્વ ભાદ્રપદ યોગ : ધ્રુવ કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.સ.) રાત્રે ૧.૪૪ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

પ્રાયેણામકુલાન્તિતં કુલજાઃ શ્રીવલ્લભં દુર્મગા દાતારં કૃપાણા
ઋજૂનનૃજવો વિત્તાન્વિતં નિર્ધનાઃ વૈરુપ્યા પહતાશ્ચ કાન્તવપુષં ધર્માશ્રયં
પાપિનો નાના શાસ્ત્ર વિચક્ષણં ચપુરૂષં નિન્દન્તિ મૂર્ખાજનાઃ ॥

સુભાષિત રત્ન ભાડાંગારના બીજા અધ્યાય ‘સામાન્યનીતિ’ આ શ્લોક માણસની નકારાત્મક - ટીકારાત્મક દષ્ટિની નિંદા કરે છે.: આ વિશ્વમાં ઘણુંખરુ તો એવું જ જોવા મળે છે કે પતિત ખરાબ કુળમાં જન્મેલા લોકો કુલીન કુળમાં જન્મેલા પુરુષની નિંદા કરતા હોય છે. જેમનો નશીબ જેમને સાથ નથી આપતું અર્થાત કમનશીબ લોકો, ભાગ્યશાળી જનોની સદાય નિંદા કરે છે. જે કંજૂસ લોભી છે તે ઉદાસ હાથે અપાતા દાન જોઈ નથી શકતા તેની દાન આપનારની ‘ઉડાઉ’ તરીકે નિંદા કરતાં હોય છે. જે કપટી લુચ્ચા લોકો છે તેમને સજ્જનની સરળતા ખટકતી હોય છે. આવા લોકો સજ્જનને ‘ભોળો’ ‘મૂર્ખ’ કહી ઉતારી પાડતાં હોય છે. જે નિર્ધન - ગરીબ હોય છે તે ધનિકની ટીકા કરે છે અને તેમની આવકના સ્ત્રોત- માર્ગ - રીતની મીઠું- મરચું નાખી ટીકા કરે છે. સૌંદર્ય ધરાવતી સ્ત્રીઓ કે સ્વરૂપવાન યુવાનોને કુદરતી શુભેચ્છાથી સૌદર્ય મળ્યું હોય છે છતાં તેના ટીકા-કારો તેને ‘બનાવટી’ કહી ટીકા કરે છે. પાપીજનો ધાર્મિક - સરળ ભગત લોકોની ઢોંગી છે એમ કહી નિંદા કરે છે. મૂર્ખ લોકો જ્ઞાનીની ટીકા કરે છે. આમ, સામાન્ય રીતે નિંદકો કોઈનું સારું પાસું જોઈ નથી શકતા.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મોઢે આવેલો કોળિયો છીનવાઇ જાય. પડવા-વાગવાથી સંભાળવું.**
**વૃષભ : (બ.વ.ઉ.)આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.**
**કર્ક : (ડ.હ.) )કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**સિંહ : (મ.ટ.) મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**
**કન્યા : (પ.ઠ.ણ.) મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.**
**તુલા : (ર.ત.) મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.**
**વૃશ્ચિક :(ન.ય.)વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.**
**ધન : (ભ.ફ.ધ.)ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.**
**મકર : (ખ.જ.)લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતના બિસ્માર્ક અને લોખંડી પુરૂષ અને હમણાં ‘ભારતરત્ન’નો ઈલ્કાબ જેમને પ્રદાન થયો એવા મહામાનવ સરદાર પટેલની જન્મજયંતી છે.

એમનો જન્મ ૩૧-૧૦-૧૮૭૫ના રોજ ખેડા જીલ્લાના કરમસદ ગામાં થયો હતો. ખેડા સત્યાગ્રહના આ વિરલ સત્યાગ્રાહી,ભારતના મહાન ઘડવૈયા અને દેશી રાજયોનું વિલીનીકરણ જેવું મહાન કાર્ય કરનાર આપણા આ લોકલાડીલા સરદાર વિશ્વમાનવ બની ગયા હતા. અખંડ ભારતનું સર્જન કરવાના તેમના અનન્ય અને અદ્વિતીય પ્રદાન માટે આપણે હંમેશા એમના ઋણી રહીશું.

આ મહાન કર્મવીરનું ૧૫-૧૨-૧૯૫૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# સંયમનો સ્વીકાર એજ સાચું પરાક્રમ છે : આચાર્ય ગુણરત્નસૂરિ

### મુમુક્ષુ ધરા બગડીયાને ૨૩ નવંબરનું દીક્ષામુહુર્ત અપાયું

સુરત

સુરત- પાલ- ગુરુરામ પાવન ભૂમિ - સૂરિપ્રેમભુવનભાનુ જયઘોષ- જિતેન્દ્ર ઉપધાનગરીમાં પૂજયપાદ ૩૭૦ દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. તપસ્વી આ.શ્રી રવિરત્નસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ ૨૦૦ થી વધુ સાધુ- સાધ્વી ભગવંતોની નિશ્રા અને ૨૫૦ થી વધુ ઉપધાનના તપસ્વીઓની હાજરીમાં ભાવનગર (હાલ પાર્લે પોઈન્ટ) નિવાસી મુમુક્ષુ ધરાબેન સુપુત્રી ભરતભાઈ હિંમતલાલ નાગરદાસ બગડીયાનું દીક્ષાનું મુહુર્ત ૨૩ નવંબરનું આપવમાં આવ્યું.

હવે ઉમરા બલરફાર્મમાં દાંતા નિવાસી ગજીબેન અંબાલાલ મહેતા પરિવાર આયોજિત સમૂહ દીક્ષાનો આં-કડો ૧૪ એ પહોંચ્યો છે.

આ પ્રસંગે પ્રવચન આપતા દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.એ કહ્યું કે મનુષ્ય જીવન સૃષ્ટિનો તાજ છે. કારણ કે મોક્ષ પ્રાપ્તિનું સાધન સંયમ જીવનનો સ્વીકાર આ.મનુષ્ય જન્મમાં જ કરી શકાય છે.

આચાર્યશ્રી રવિરત્નસૂરિજીએ કહ્યું કે આંદલા અને ચરવલા પછીનું સ્ટેપ રજોહરણ છે. માર્ગદર્શક આચાર્યશ્રી રશ્મિરત્નસૂરિજીએ કહ્યું કે એક આત્મા સર્વવિરતિજીવનનો સ્વીકાર કરે ત્યારે માત્ર પરિવાર જ નહિં, ચૌદ રાજલોકના જીવોને સુખ અને શાંતિની અનુભૂતિ થાય છે. સંસારમાં ડગલે ને પગલે વૈરાગ્યના નિમિત્તો ખડકાયેલા છે. આથમતા સૂર્યને જોઈને આત્મા જાગે, સૂર્યગ્રહણને જોઈ, ઘરડા વ્યક્તિને જોઈ, ખરતા પાન, સફેદ વાળ, મૃત્યુ આદિ ઢગલા બંધ નિમિત્તો આપણા આત્માને જગાડનાર તૈયાર છે. માત્ર સંવેદનાશીલ હ્રદયની જરૂરત છે.

મુમુક્ષુ ધરાએ પોતાના ઉદ્‌ગારો વ્યક્ત કરતા જણાવ્યુ કે સર્વ વિરતિની પ્રતિજ્ઞાની તાકાત અદ્‌ભુત છે. તીર્થંકરો જન્મથી ત્રણ જ્ઞાનના સ્વામી હોય છે. દીક્ષા લેતાં જ ચોથુ જ્ઞાન થાય છે. ઉત્કૃષ્ટ પાણી કરી પાંચમું જ્ઞાન પ્રાપ્ત કરે છે. પર્યાવરણની શ્રેષ્ઠ રક્ષા જૈન સાધુ પોતાની જીવનશૈલીથી કરે છે.

# કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપુત સમાજનું સ્નેહમિલન

પ્રતિનિધિ કંબોઈ


સજ્જનસિંહ સોલંકી

તા. ૨૯/૧૦/૧૭ ના રોજ કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપુત સમાજનું નવા વર્ષનું સ્નેહમિલન રાનેર ખાતે ઉત્તર બુનિયાદી સ્કુલમાં મહંતશ્રી નિજાનંદ મહારાજ (ગોતરકા આશ્રમ) ના આશિર્વાદ સાથે યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કાંકરેજ તાલુકામાંથી મોટી સંખ્યામાં યુવાનો- વડીલો ઉપસ્થિત રહ્યા હતા. કાંકરેજ યુવા જાગીરદાર રાજપુત કેળવણી મંડળના પ્રમુખ - ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહામંત્રી - વિનુભા સોલંકી, મહામંત્રી પુરાણસિંહ વાઘેલાએ કાર્યક્રમમાં દુર દુરથી પધારેલ મહેમાનોનું કંકુ તિલક અને પુષ્પ આપી ભવ્ય સ્વાગત કર્યું હતું.

નિજાનંદ મહારાજે પોતાની વાણીમાં જણાવ્યું હતુ કે રાજપુતોએ પોતાનો ધર્મ સાચવવો પડશે અને દરેક સમાજ સાથે મળી ચાલવું પડે, ક્ષત્રિયો લોકોની રક્ષા કરતા હતા અને કરતા આવ્યા છે, ત્યારે લોકો તમારી કદર કરે છે, તેથી સમાજમાં વ્યસનો દુર કરી અભ્યાસ (શિક્ષણ) વધારવાની જરૂર છે. ત્યારબાદ મહાકાલ સેના, કાંકરેજને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. મહાકાલ સેનાએ ઘણી ગાયોને કતલખાને જતી બચાવી હતી. તે માટે પ્રમાણપત્ર અપાયેલ. આ કાર્યક્રમમાં મફાજી સોલંકી, સુખદેવસિંહ સોઢા, ભારતસિંહ ભટેસરીયા, કરણસિંહ વાઘેલા, જેણુભા વાઘેલા, દેવુસિંહ સોલંકી, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, વિનુભા સોલંકી, શૈલેષસિંહ વાઘેલા, બચુભા વાઘેલા, પ્રહલાદસિંહ વાઘેલા, સિધ્ધરાજસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, ઈશુભા વાઘેલા, જોતુભા જાદવ, રાનેર સરપંચ - શંકરસિંહ જાદવ, પોપટસિંહ જાદવ, ભેમસિંહ જાદવ, વિજુભા વાઘેલા, કિર્તિસિંહ વાઘેલા, કિતુભા વાઘેલા-ઉંબરી, મોઘસિંહ જાદવ અને મોટી સંખ્યામાં વડીલો યુવાનો ઉપસ્થિત રહી નવા વર્ષની શુભેચ્છાની આપલે કરી હતી.

# ઝેરડામાં સત્કાર સમારોહ

પ્રતિ. ઝેરડા


અનિલ શાહ

ડીસા તાલુકાના ઝેરડા ગામે નવનિયુક્ત ગુજરાત ખાદી વિકાસ નિગમના ચેરમેન સરદારભાઈ પીરાભાઈ રાઠોડ (ઓડ) અને ગુજરાત વેટ હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીનો સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો, કાર્યકરો, શુભેચ્છકો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજર રહી બંન્નેને ઉષ્માભેર આવકારી વિવિધ ભેટ - સોગાદો અને ફુલહાર પહેરાવી સન્માન કર્યું હતું.કાર્યક્રમનું આયોજન અને સંચાલન ભાજપના કર્મઠ કાર્યકર અશોકભાઈ રાઠોડે કર્યું હતું.

# અપના હાથ જગન્નાથ...

# વીડી અને જુનાડીસાને જોડતા બનાસ નદીના પટમાં ગ્રામજનોએ જાતે રસ્તો બનાવ્યો

### અગાઉ બનાવેલ રસ્તો બનાસ નદીના વહેણમાં ધોવાઈ ગયો હતો

પ્રતિનિધિ વડાવળ

જુનાડીસાની સામે બનાસ નદીના કિનારે આવેલ વીડીગામના રહીશોએ ‘અપના હાથ જગન્નાથ’ ના સુત્રને સાર્થક કરતા બનાસ નદીના પટમાં જોડતા રસ્તાનું કામ કરી રોજીંદી સમસ્યાનો હાલ પુરતો ઉકેલ આવ્યો છે. વીડી પંથકમાં વસેલા કુટુંબોને રોજીંદા વ્યવહાર માટે જુનાડીસા અત્યંત નજીક ગણાય છે. પણ વચ્ચે બનાસ નદી આવેલ હોવાથી બનાસ નદીના પૂર વખતે સંપર્ક તુટી જાય છે.


નરસિંહ દેસાઈ

બનાસ નદીના પૂર વખતે તેમને કુંપટ અને વડાવળ ગામના રસ્તાઓ ઉપયોગ કરવો પડતો હોય છે જે ઘણું દૂર પડતુ હોય છે. જેથી વીડીમાં રહેતા રહીશો દ્વારા બનાસ નદીના પટમાં મરૂડ અને કાંકરા નાખી જાતે રસ્તો બનાવી રોજીંદી આવનજાવન કરતા હોય છે. ત્યારે આ વર્ષે બનાસનદીમાં આવેલા પૂરમાં બનાવેલ રસ્તો ધોવાઈ જતા

અનુસંધાન પાના નં.૬

### બનાસ નદીના પટમાં કોઝવે બનાવવાની માંગ

વીડી અને જુનાડીસાને જોડતા આ રસ્તા પર કોઝવે બનાવવામાં આવે તો લોકોને વધુ સરળતા રહી શકે છે અને મોટા વાહનો પણ ચાલી શકે તો હાઈવે પર વાહનોનું ભારણ પણ ઓછું થાય. આ ઉપરાંત જુનાડીસાની શાળામાં પણ આજુબાજુથી અભ્યાસ માટે બાળકો જાય છે. જેથી જો કોઝ- વે બનાવવામાં આવે તો રસ્તાની કાયમી સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે.

## ધાનેરામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા ભગવાનના અન્નકૂટ દર્શન અને સત્સંગ

પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા માં આવેલા સ્વામિનારાયણ સત્સંગ કેન્દ્ર માં આજે ભગવાન સ્વામિનારાયણ ના અન્નકૂટ દર્શન અને સંતોના સત્સંગ- પ્રવચન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ભગવાન સમક્ષ વિવિધ ૩૦૦ વાનગીઓનો અન્નકૂટ પ્રસાદ ધરાવાવમાં આવ્યો હતો સાથે ભક્તો દ્વારા ભગવાન શ્રીજી ને વિવિધ લાઈટિંગથી શુશોભિત કરવામાં આવ્યા હતા જેથી મનમોહક દ્રશ્યો સર્જાયા હતા ભગવાનને ધરાવવામાં આવેલા અન્નકૂટના દર્શન અને સત્સંગમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા સત્સંગ બાદ ભોજન-પ્રસાદ ની વ્યવસ્થા પણ મંડળ દ્વારા કરવામાં આવી હતી.

## આમળાનું આગમન...


વિનોદ બાંડીવાલા

ડીસા સહિત જિલ્લામાં લાભ પાંચમ વિતિ જવા છતાં હજુ સુધી ઠંડીનો ચમકારો વર્તાતો નથી. દિવસે તો ગરમીનું પ્રમાણ અકબંધ જળવાયેલું રહ્યું છે. ત્યારે શિયાળુ સિઝનના વિલંબ વચ્ચે ગુણકારી આમળાનું બજારોમાં આગમન થઈ ચૂક્યું છે. આયુર્વેદમાં આમળાંનો વિશેષ મહિમા ગવાયો છે. જેથી સ્વાસ્થ્ય પ્રત્યે સભાન લોકો હોંશભેર આમળાંની ખરીદી પણ કરવા લાગ્યાં છે. વિટામીન ડીથી ભરપૂર આમળા આંખો માટે શ્રેષ્ઠ ઔષધ સમાન છે. તેથી ગૃહણીઓ પરિવારના બાળકો માટે આમળાનું અથાણું અચૂક બનાવે છે. જેને બાળકો ટેસભેર આરોગે છે. તેથી શિયાળામાં સસ્તા આમળાંની માંગ વધી પડે છે.

## રોટરી ક્લબ ડીસા દ્વારા કપડાનું તથા ફળનું વિતરણ

ડીસા



રોટરી ક્લબ ડીસા દ્વારા ચાલતી ‘‘આશા કિરણ’’ સ્કુલ ના વિદ્યાર્થીઓ નો મુંબઈના શેઠ જયેશભાઈ પરીખ અને રોટે. રાજુભાઈ શાહ દ્વારા કપડાંનું તથા ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ભિક્ષાવૃત્તિ કરતા બાળકો માટે ઈસ્કોનની પાછળની નાથબાવાની વસાહતમાં રોટરી ક્લબ ડીસા દ્વારા સ્કુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ડૉ.નવિનકાકા, રોટે.હેતલબેન, રોટે. ડીકેશભાઈ, રોટે.રાજુભાઈ શાહ, રોટે.ગોપાલભાઈ તથા રોટરી પ્રમુખ નટુભાઈ પટેલ તથા રોટે.ડૉ.ભરતભાઈ શાહ હાજર રહ્યા હતા.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી : ઈવીએમ ઉપર પ્રથમવાર ઉમેદવારનો ફોટો જોવા મળશે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં સૌપ્રથમવાર ઉમેદવારોના ફોટા ઈવીએમ પર દર્શાવવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન મતદાર પોતાના ઉમેદવારને ઓળખી શકે અને મતદાન કરી શકે તે માટે આ વખતની ચૂંટણીમાં ઈવીએમ પર ઉમેદવારના ફોટા સાથેનું બેલેટ પેપર મુકવાનો નિર્ણય ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવ્યો છે.

રાજસભાની ચૂંટણી વખતથી અમલી બનેલા આ સુધારા મુજબ હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પક્ષના પ્રતિક ઉપરાંત ઉમેદવારના ફોટા પણ દર્શાવવામાં આવશે.

મતદાન કર્યા પછી વી.વી.પેટમાં જે સ્લીપ જશે. તેમાં ઉમેદવારોના ફોટા, પક્ષનું પ્રતિક અને ઉમેદવારોના ક્રમાંક પણ હશે. આ માટે ચૂંટણી પંચે ઉમેદવારને ઉમેદવારી પત્ર ભરતી વેળાએ જ ચાર જેટલા પાસપોર્ટ સાઈઝના ફોટા પંચને આપવાના રહેશે. જે ફરજીયાત કરવામાં આવ્યું છે. પંચના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ ઉમેદવાર ભારતીય નાગરિકત્વ સિવાય કોઈ દેશનું નાગરિકત્વ નથી ધરાવતો તેવી એફીડેવીટ જોડવાની રહેશે. જો કે ચૂંટણી પંચે ઉમેદવારી પત્રનું સરળીકરણ કર્યું છે. ઉપરાંત સોગંદનામુ રજુ કરવાનું હોય છે.તેના ઓનલાઈન સોગંદનામુ રજુ કરવાનો એક વિકલ્પ આપવામાં આવ્યો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

રાજયમાં વિધાનસભાની ચૂંટણીને લઈને ચૂંટણી પંચ તૈયારીઓમાં લાગી ગયુ છે. અને જેમ જેમ ચૂંટણી નજીક આવતી જશે તેમ રાજકીય માહોલ ગરમાશે તેમ મનાઈ રહ્યું છે.

## સલમાન ખાન પર ચઢા ઢિંચાક પૂજા કા બુખાર



‘‘પયાર કરો યા નફરત કરો, લેકિન મુઝે ઈગ્નોર નહિ કિયા જા સક્તા’’. આ લાઈન વાઈરલ સેન્સૈશન પૂજા પર એકદમ સાચી રીતે બેસે છે. પોતાના વિડિયોના કારણે પૂજાએ લોકોનું ધ્યાન પોતાના પરફ ખેંચ્યું. તેમના ગીતોનો લોકો ભલે મજાક બનાવતા હોય, તો પણ તેમના વિડિયો ઈન્ટરનેટ પર છવાઈ ગયા. આ દિવસોમાં ઢિંચાક પૂજા ‘‘બિગબોસ-૧૧’’માં જોવા મળી રહી છે અને આ શોમાં આવ્યા પછી તેમના ફેન્સની લિસ્ટ વધી રહી છે.

હાલમાં જ ટેલિકાસ્ટ થયેલ ‘‘વિકેન્ડ કા વાર’’ માં રોહિત શેટ્ટીએ ઢિંચાક પૂજાને કહ્યું કે, તેઓ પોતાના પ્રખ્યાત ગીત દિલો કા શૂટર ની કેટલીક લાઈન્સ સંભળાવે. સલમાન ખાને પણ આ એપિસોડમાં કહ્યું કે,‘‘ઈન્ડિઆ ઢિંચાક પૂજાને પસંદ કરે છે કારણકે તે ક્યુટ છે.’’જણાવી દઈએ કે સલમાન ખાન બિગબોસ-૧૧ના સેટ પર પ્રથમ વાર જ પૂજાને મળ્યા હતાં.સલમાને એપણ જણાવ્યું હતુ કે, તેઓ પૂજાનું ગીત ઉંઘમાં પણ ગાય છે.

## જે આ હિતમાં કરશે વાત,એને મળશે ખેડૂતોનું મતદાન

ગુજરાતનાં તમામ ખેડુતમિત્રોને કિસાન સેના તરફથી એક સંદેશો આપવામાં આવે છે કે અમારી વર્તમાનપરિસ્થિતિ, પહેલાની પરિસ્થિતિ જેવી જ યથાવત છે. અમે આઝાદીથી અત્યાર સુધી તમામ રાજનૈતિકદળોની વોટબેન્કનાં શોષણનાં શિકાર બનતા આવ્યા છીએ. આપણે કોઈ એવી પાર્ટી પર ભરોસો કરીએ કે જેઆપણને આપણા ઉત્પાદનનો વધારેમાં વધારે સારો ભાવ આપી શકે, વચેટીયા દલાલોનાં શોષણમાંથી મુક્તકરી શકે, આપણા ખેતરમાં ભૂંડ, રોઝડા અને બીજા અન્ય પ્રાણીઓ દ્વારા ગુજારાતા ત્રાસથી આપણનેસુરક્ષિત રાખી શકે, બેન્કોના દેવામાંથી આપણને મુક્ત કરી શકે, વીજળીનો આપણા પર પડતો વધારાનોભાર ઓછો કરાવી શકે, અમને અને અમારા પરિવારને સુરક્ષિત, સક્ષામ, આર્થિક રીતે સંપન્ન બનાવી શકે, અમારા ગુજરાતને ‘હરિયાળું ગુજરાત’ બનાવવામાં પુરતું પાણી આપી શકે, અમારાત ઉત્પાદનનાં તમામઓજારો, જંતુનાશક દવાઓ, યુરીયા, બિયારણ, ખાતર વગેરે વ્યાજબી ભાવમાં આપી શકે, ચૂંટણીના ખોટા આશ્વાસનો આપતાં, ખોટા ભાવોનાં ટેકા આપીને ખોટા ભાવોની જાહેરાતો કરતાં અને ખેડૂતોની હંસી-મજાક કરતાં રાજકીય પક્ષોથી ન્યાય મળી શકે, દરેક કિસાન જાગૃત્ત બને તે માટે આ પત્રકાર પરિષદનાંમાધ્યમથી કિસાન સેનાનાં તમામ સંગઠનો દ્વારા કિસાન સેનાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ ગિરીશ શ્રીમાળી, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડો. જગદીશ ચાવડા, હરિયાણા પ્રદેશ અધ્યક્ષ ડો. અશોક દિક્ષિત, મહારાષ્ટ્રપ્રદેશ અધ્યક્ષ બીપીન પાટીલ અને તમામ સભ્યો સાથે ખેડૂત પરિવારને વિનંતી કરીએ છીએ કે કોઈપણ જાતની લોભામણી વાતોમાં ન આવે.આપણાં કિમતી મતની અત્યારે આ રાજકીય પક્ષોને જરૂરત છે. પણ એક વસ્તુ ધ્યાનમાં રાખજો કે આપણોએક કિમતી મત આપણા ગળાનો ફાંસો ન બની જાય, એ ખાસ ધ્યાનમાં રાખજો. આપણે જાતે ચેતીએ,આપણા પરિવારને ચેતવીએ કે જેથી આપણો ખેડૂત સમાજ સંપન્ન બને, આપણને આપણી ખેતપેદાશોનોપૂરતો ભાવ મળે અને આપણો સમગ્ર ખેડૂત સમાજ એકજૂટ બનીને આ દરેક સમસ્યાનો ઉકેલ લાવવા સક્ષમ બને.

# કોણ બનશે ધારાસભ્ય... ફૈંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી ‘રખેવાળ’ દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને ‘કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો આપણા હાથમાં’ લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

નામ : ____________ ઉંમર ______
સરનામું : ____________ ગામ ______
વ્યવસાય : ____________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ..............................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ..............................

**(૩) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ..............................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ..............................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧)................ | (૧)................ |
| (૨)................ | (૨)................ |
| (૩)................ | (૩)................ |
| (૪)................ | (૪)................ |
| (૫)................ | (૫)................ |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# ડીસા બેઠક ઉપર ભાજપ તરફે ભરતજી ધુંખને ટીકીટ આપવા લોકમાંગણી

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજયભરમાં શિયાળાની શરૂઆતમાં રાજકીય ગરમાવો તેજ બની ગયો છે. બે મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ ચૂંટણી જીતયા માટેની રણનીતિઓ ઘડવાની સાથે ઉમેદવારોની પસંદગી કરવામાં વ્યસ્ત બની ગયા છે. ત્યારે ડીસા વિધાનસભા બેઠકની વાત કરીએ તો ડીસા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર લગભગ નિશ્ચિત હોઈ સામાપક્ષે ભાજપ સક્ષમ ઉમેદવારને ટીકીટ આપવા વિચારી રહ્યા છે.



ડીસા વિધાનસભા બેઠક ઉપર ઠાકોર સમાજની બહુમતિ છે. ત્યારે આ વખતે ભાજપ દ્વારા ઠાકોર સમાજને પ્રતિનિધિત્વ આપી સમાજના ધુરંધર આગેવાન ભરતજી ધુંખ ઉપર પસંદગીનો કળશ ઢોળે તો આ બેઠક ભાજપના ફાળે જાય તેવું નિશ્ચિત હોવાનું મનાઈ રહ્યું છે. કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં ખેડૂત ગરીબ અને દેવાદાર થયો હતો અને વેપાર ધંધા પડી ભાગ્યા હતા. ચારે તરફ કૌભાડો અને ભ્રષ્ટ્રાચારે માઝા મુકી તેવા સમયે રાજયમાં ભાજપ સરકાર આવી અને રાજયની સ્થિતિ સુધરી તેમાંય તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનધુરા સાંભળ્યા બાદ ખેડૂતલક્ષી અનેક કાયદાઓ બન્યા ખેડૂતોને સબસીડીરૂપે મદદ કરતાં ખેડૂતો પગભર થયા. આ ઉપરાંત વેપાર ઉધોગમાં ક્રાંતિકારી પગલા લેતાં વેપારીઓ પગભર થયા અને રોજગારીનું પ્રમાણ ઘટયું ગુજરાતને વિકાસશીલ રાજય તરીકે ગુંજતુ જાવું બાદમાં નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બની સમગ્ર ભારતને વિશ્વના નકશામાં ચમકાવ્યું ત્યારે આવા સમયે વર્ષોયી સત્તાથી વિમુખ રહેલી કોંગ્રેસે કોમવાદ, અરજકાતા ફેલાવી ખેડૂત, વેપારી અને બેરોજગારોની નીતિનો વિરોધ કરી સતા હાંસલ કરવા માંગે છે.

ત્યારે ડીસા વિધાનસભા બેઠક ઉપર ભાજપ તરફે દાવેદારી કરનાર ભરતજી ધુંખની સમગ્ર વિસ્તારમાં આગમી લોકપ્રિયતા છે. ભાજપ પક્ષના તમામ કાર્ય માટે પ્રજાની સેવામાં હેમંશા તત્પર રહેનાર ભરતજી ધુંખને ટીકીટ મળે તો ડીસા બેઠક ઉપર ભગવો લહેરાય તેમાં કોઈ બે મત નથી.

# મુડેઠા ટોલનાકાના કર્મચારીઓની આંખમાં મરચું નાંખી માર માર્યો



સાદુળસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા રાધનપુર નેશનલ હાઈવે ઉપર આવેલ મુડેઠા ટોલનાકાના કર્મચારીઓની આંખમાં કોઈ અજાણ્યા શખ્સોએ મરચુ નાખી ધોકાથી માર મારતાં ચકચાર મચી જવા પામી છે.

ડીસા તાલુકાના મુડેઠા નજીક નેશનલ હાઈવે ઉપર આવેલ ટોલનાકામાં નોકરી કરતા પ્રદિપભાઈ રમેશભાઈ પટેલ મૂળ રહે. કમલીવાડા તા.જિ.પાટણવાળા સાથે ત્રણ અજાણ્યા શખ્સોએ કોઈ કારણોસર ઝઘડો કર્યો હતો. જેમાં પ્રદિપભાઈની આંખમાં મરચાની ભૂકી નાખી ગડદાપાટુનો માર મારી માથામાં ધોકાથી માર માર્યો હતો. આ ઉપરાંત તેમને છોડાવવા વચ્ચે પડેલ પૂજાભાઈ નારણભાઈ આહીરને છાતીમાં લોખંડનું ધારીયુ મારી, ઈજા પહોંચાડતાં બન્નેને સારવાર માટે પાટણ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પ્રદિપભાઈએ ત્રણ અજાણ્યા શખ્સો સામે ભીલડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# નાંદલા સરપંચની મનમાનીની ઉચ્ચ સ્તરે રજુઆતો

## સી.સી. રોડના કામમાં વ્યાપક ગેરરીતિના ગંભીર આક્ષેપ



દેવજી રાજપુત, નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ વાતમ, ગેળા

ગામડાઓનો સોળે કલાએ વિકાસ કરવા માટે ગુજરાત સરકાર અને ભારત સરકાર વિવિધ યોજનાઓ થકી કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવતી હોય છે. જે ગ્રાન્ટ વાપરવાની સત્તા લોકશાહી ઢબે ચુંટાયેલ પંચાયતના સરપંચ અને સભ્યોની હોય છે પરંતુ ઘણીવાર ગામડાઓમાં સરપંચની મનમાની અને ભ્રષ્ટાચારના પરિણામે ગામનો વિકાસ રૂંધાય છે જેનું સીધુ નુકશાન પ્રજાને થાય છે આવું જ કંઈક લાખણી તાલુકાના નાંદલા ગ્રામ પંચાયતના સરપંચ પોતાની બોડીને કોઈપણ પ્રકારના વિશ્વાસમાં લીધા વગર પંચાયતમાં ઠરાવ પણ કર્યા વગર પોતાની મનમાનીથી કામ કરે છે. વળી જ્યારે ઠરાવ થાય ત્યારે ઠરાવમાં કામ અલગ જગ્યાએ બોલે છે અને હકીકત અલગ જ હોય છે અને સી.સી. રોડ જે બનાવ્યો છે તે પણ પંચાયતના ઠરાવ વિરૂધ્ધ જઈને બનાવેલ છે અને કામ બિલકુલ હલકી કક્ષાનું અને ધારાધોરણ વગર કરેલ છે પંચાયતના સભ્યો કંઈક પુછવા જાય તો સરપંચ ઉડાઉ જવાબ આપતા હોવાના આક્ષેપો કરાયા છે. જેના પરિણામે ગામલોકોમાં પણ અસંતોષ ફેલાતા સરપંચ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા ડે.સરપંચ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

**વાઘેલા હિંદુસિંગ ભમરસીંગ**
**(ડે.સરપંચ- નાંદલા ગ્રામ પંચાયત)**

અમારા ગામના સરપંચ પંચાયતના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર પોતાની મનમાનીથી કામ કરે છે અને ઠરાવ પણ ખોટા કરે છે. સી.સી.રોડમાં ગેરરીતિ કરી હલકી ગુણવત્તાનું કામ કરેલ હોવાની રજુઆત મેં તાલુકા વિકાસ અધિકારીને પણ કરેલ છે.

# ડીસામાંથી બાઈક ચોરી કરનાર ઝડપાયો

ડીસા

ડીસાનાં ગાયત્રી મંદિર સામેથી ૧૫ દિવસ અગાઉ થયેલ બાઈક ચોરીની ફરીયાદ આધારે ડીસા શહેર ઉત્તર પોલીસે બાઈક ચોરને ઝડપી કાયદેસની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસાનાં સ્પોટર્સ કલબ ફાસીયાપીર ખાતે રહેતા શ્રવણકુમાર ભમરાજી પંડયા ગત તા.૧૦-૧૦-૧૭ના રોજ ગાયત્રી મંદિર સામે પોતાનું બાઈક નંબર જી.જે.એજી-૬૮૬ને પાર્ક કરી કામ અર્થે ગયા હતા. ત્યારે કોઈ અજાણ્યા ઈસમે બાઈક ચોરી કરી ફરાર થતા શ્રવણભાઈએ ડીસા ઉત્તર પોલીસ મથકે ફરીયાદ કરતાં પોલીસે ફરીયાદનાં આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં ગત રોજ બાઈકની ચોરી કરનાર સંજય ઠાકોર ઉર્ફે કાળીયો ઝડપાઈ જતા પોલીસે આરોપીને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદની દાંતીયા પ્રાથમિક શાળામાંથી ૩૫ હજારના ઉપકરણોની ચોરી

**શાળામાં વેકેશન હોવા છતાં પણ સ્ટાફ ચેક કરવા જતાં ચોરીની જાણ થઈ**

પ્રતિનિધિ થરાદ

શાળાઓમાં રજાઓનો ફાયદો ઉઠાવીને શાળાના બાળકોને ભણવાના કૉમ્પ્યુટરના ઉપકરણોની અવારનવાર ચોરીના બનાવો દરવખતે બનતા હોય છે.તાલુકાના દાંતીયા ગામમાં વેકેશનનો ફાયદો ઉઠાવીને ૩૫ હજારના ઉપકરણોની ચોરીની ઘટના સામે આવીછે. થરાદ તાલુકાની અનેક શાળાઓમાં શિયાળુ અને ઉનાળુ વેકેશન તેમજ અન્ય રજાઓનો ફાયદો ઉઠાવીને સરકાર તરફથી ગામના બાળકોના અભ્યાસ માટે આપવામાં આવેલાં કૉમ્પ્યુટર ઉપકરણોની ચોરીના બનાવો ભુતકાળમાં પોલીસ દફતરે નોંધાયેલા છે.જેમાં એકનો વધારો થતાં ચાલુ વેકેશનમાં તાલુકાની દાંતીયા શાળામાંથી ચોરી થયાનું બહાર આવ્યું છે.

અનુસંધાન પાના નં.૬

This is a public announcement for information purposes only and is not a prospectus announcement and does not constitute an invitation or offer to acquire, purchase or subscribe to securities. Not for release, publication or distribution directly or indirectly into the United States or outside India.

Mahindra LOGISTICS

MAHINDRA LOGISTICS LIMITED

Mahindra Logistics Limited ("our Company" or the "Company" or the "Issuer") was incorporated under its present name as a public limited company under the Companies Act, 1956 pursuant to the certificate of incorporation on August 24, 2007 granted by the Registrar of Companies, Mumbai. Our Company was granted the certificate for commencement of business on October 15, 2007 by the Registrar of Companies, Mumbai. For more information regarding our Company's corporate history, see "History and Certain Corporate Matters" on page 167 of the Red Herring Prospectus dated October 16, 2017 ("RHP").

Corporate Identity Number: U63000MH2007PLC173466

Registered Office: Mahindra Towers, P. K. Kurne Chowk, Worli, Mumbai - 400018. Tel: +91 22 2490 1441, Fax: +91 22 2490 0833; Corporate Office: 1A & 1B, 4th Floor, Techniplex 1, Techniplex Complex, Veer Savarkar Flyover, Goregaon West, Mumbai – 400062, Tel: +91 22 2871 6800; Contact Person: Nikhil Nayak, Chief Financial Officer and Compliance Officer Tel: +91 22 2871 5500; E-mail: cfo.mll@mahindra.com; Website: www.mahindralogistics.com

OUR PROMOTER: MAHINDRA & MAHINDRA LIMITED

INITIAL PUBLIC OFFERING OF UP TO 19,332,346 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH (THE "EQUITY SHARES") OF OUR COMPANY FOR CASH AT A PRICE OF ₹ [•] PER EQUITY SHARE (THE "OFFER PRICE") AGGREGATING UP TO ₹[•] MILLION THROUGH AN OFFER FOR SALE OF (I) UP TO 9,666,173 EQUITY SHARES AGGREGATING TO ₹[•] MILLION BY MAHINDRA & MAHINDRA LIMITED (OUR PROMOTER); (II) UP TO 9,271,180 EQUITY SHARES AGGREGATING TO ₹[•] MILLION BY NORMANDY HOLDINGS LIMITED; AND (III) UP TO 394,993 EQUITY SHARES AGGREGATING TO ₹[•] MILLION BY KEDAARA CAPITAL ALTERNATIVE INVESTMENT FUND – KEDAARA CAPITAL AIF 1, (THE "OFFER FOR SALE" OR THE "OFFER" AND SUCH SHAREHOLDERS OFFERING THEIR RESPECTIVE EQUITY SHARES IN THE OFFER FOR SALE ARE COLLECTIVELY HEREINAFTER REFERRED TO AS THE "SELLING SHAREHOLDERS" AND INDIVIDUALLY AS A "SELLING SHAREHOLDER"). THE OFFER INCLUDES A RESERVATION OF UP TO 125,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹[•] MILLION, FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES (AS DEFINED IN THE DRHP) (THE "EMPLOYEE RESERVATION PORTION"). THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER" AND SUCH NET OFFER AGGREGATES UP TO 19,207,346 EQUITY SHARES. THE OFFER AND THE NET OFFER SHALL CONSTITUTE 27.17% AND 27.00%, RESPECTIVELY, OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. THE OFFER INCLUDES A DISCOUNT OF ₹ 42 PER EQUITY SHARE ON THE OFFER PRICE TO ELIGIBLE EMPLOYEES (THE "EMPLOYEE DISCOUNT").

Price Band: ₹ 425 to ₹ 429 per Equity Share of face value of ₹ 10 each.
Employee Discount: ₹ 42 per Equity Share on Offer Price.
The Floor Price is 42.5 times the face value and the Cap Price is 42.9 times the face value.
Bids can be made for a minimum of 34 Equity Shares and in multiples of 34 Equity Shares thereafter.

Risks to Investors:

1. The two Book Running Lead Managers associated with the Offer have handled 43 public issues in the past three financial years out of which 12 issues closed below the issue price on listing date.
2. None of the listed companies in India have a business model and asset structure similar to ours.
3. The Price/Earnings ratio based on diluted Earnings Per Share (EPS) on standalone basis for the Financial Year 2017, at the upper end of the Price Band, is as high as 66. The Price/Earnings ratio of NIFTY 50 for the Financial Year 2017 was 23.26.
4. The average cost of acquisition of Equity Shares for our Selling Shareholders is ₹ 10 per Equity Share for Mahindra and Mahindra Limited, and, ₹ 122.29 per Equity Share for Kedaara Capital Alternative Investment Fund – Kedaara Capital AIF 1 and Normandy Holdings Limited, and the Offer Price at upper end of the Price band is ₹ 429 per Equity Share.

BID/OFFER PERIOD

OPENS TODAY

CLOSES ON: THURSDAY, NOVEMBER 2, 2017

ASBA* | Simple, Safe, Smart way of Application | *Applications supported by blocked amount (ASBA) is a better way of applying to issues by simply blocking the fund in the bank account. For further details, check section on ASBA below. Mandatory in public issues from January 1, 2016. No cheque will be accepted.

In case of a revision to the Price Band, the Bid/Offer Period will be extended for at least three additional Working Days after revision of the Price Band, subject to the Bid/Offer Period not exceeding a total of 10 Working Days. Any revision in the Price Band and the revised Bid/Offer Period, if applicable, will be widely disseminated by notification to the BSE Limited and National Stock Exchange of India Limited (collectively "Stock Exchanges"), by issuing a press release, and also by indicating the change on the websites of the BRLMs, and at the terminals of the members of the Syndicate.

In terms of Rule 19(2)(b)(ii) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the "SCRR"), this is an Offer for at least such percentage of the post-Offer paid-up Equity Share capital of our Company which will be equivalent to ₹ 4,000 million calculated at the Offer Price and the post-Offer capital of our Company calculated at the Offer Price is more than ₹16,000 million but less than or equal to ₹ 40,000 million. The Offer is being made through the Book Building Process and in compliance with Regulation 26(1) of the SEBI ICDR Regulations, wherein not more than 50% of the Net Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs") (the "QIB Category"), provided that our Company and the Selling Shareholders, in consultation with the BRLMs, may allocate up to 60% of the QIB Category to Anchor Investors, on a discretionary basis (the "Anchor Investor Portion"), of which one-third shall be reserved for domestic Mutual Funds, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the price at which allocation is made to Anchor Investors. Further, 5% of the QIB Category (excluding the Anchor Investor Portion) shall be available for allocation on a proportionate basis to Mutual Funds only. The remainder of the QIB Category shall be available for allocation on a proportionate basis to QIBs, subject to valid Bids being received from them at or above the Offer Price. Further, not less than 15% of the Net Offer will be available for allocation on a proportionate basis to Non-Institutional Investors and not less than 35% of the Net Offer will be available for allocation to Retail Individual Investors, in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. All Bidders (except Anchor Investors) shall mandatorily participate in this Offer only through the Application Supported by Blocked Amount ("ASBA") process, and shall provide details of their respective bank account in which the Bid amount will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs"). Anchor Investors are not permitted to participate in the Anchor Investor Portion through the ASBA process. For details, see "Offer Procedure" on page 318 of the RHP.

**Bidders/Applicants should note that on the basis of PAN, DP ID and Client ID as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorised the Depositories to provide to the Registrar to the Offer, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for unblocking of ASBA Account or for other correspondence(s) related to the Offer. Bidders/Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders'/Applicants' sole risk. Bidders/Applicants should ensure that PAN, DP ID and the Client ID are correctly filled in the Bid cum Application Form. The PAN, DP ID and Client ID provided in the Bid cum Application Form should match with the PAN, DP ID and Client ID available in the depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/Applicants should ensure that beneficiary account provided in the Bid cum Application form is active.**

**Contents of the Memorandum of the Company as regards its Objects:** For information on the main objects and other objects of the Company, see "History and Certain Corporate Matters" on page 167 of the RHP and Clause III of the Memorandum of Association of the Company. The Memorandum of Association of the Company is a material document for inspection in relation to the Offer. For further details, see "Material Contracts and Documents for Inspection" on page 375 of the RHP.

**Liability of the members of the Company:** Limited by shares

**Amount of share capital of the Company and Capital structure:** The authorised, issued, subscribed and paid up share capital of the Company as on the date of the RHP is as follows: The authorised capital of the Company is ₹ 1,050,000,000 divided into 105,000,000 Equity Shares of ₹ 10 each. The issued, subscribed and paid-up share capital of the Company is ₹ 711,419,240 divided into 71,141,924 Equity Shares of ₹10 each. For details, see "Capital Structure" beginning on page 92 of the RHP.

**Names of signatories to the Memorandum of Association of the Company and the number of Equity Shares subscribed by them:** Given below are the names of the signatories of the Memorandum of Association of the Company, at the time of signing of the Memorandum of Association: 49,994 Equity Shares were allotted to Nikhilesh Panchal and one Equity Share was allotted each to Arindam Gosh, Joy Jacob, Chakrapani Misra, Nilanjan Ghose, Bhavik Narsana and Madhur Kohli, on September 13, 2007.

**Listing :** The Equity Shares proposed to be issued through the RHP are proposed to be listed on the Stock Exchanges. Our Company has received in-principle approvals from the BSE and NSE for listing of the Equity Shares pursuant to letters dated August 17, 2017 and August 18, 2017, respectively. For the purposes of this Offer, BSE is the Designated Stock Exchange.

**Disclaimer Clause of the Securities and Exchange Board of India ("SEBI"):** SEBI only gives its observations on the offer documents and this does not constitute approval of either the Offer or the specified securities or the offer document. The investors are advised to refer to page 297 of the RHP for the full text of the Disclaimer Clause of SEBI.

**Disclaimer Clause of BSE (Designated Stock Exchange) :** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Red Herring Prospectus has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Red Herring Prospectus. The investors are advised to refer to page 305 of the RHP for the full text of the Disclaimer Clause of the BSE Limited.

**Disclaimer Clause of NSE :** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to page 305 of the RHP for the full text of the Disclaimer Clause of NSE.

**GENERAL RISKS:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to "Risk Factors" on page 21 of the RHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | REGISTRAR TO THE OFFER | Chief Financial Officer and Compliance Officer |
|---|---|---|---|
| kotak Investment Banking | AXIS CAPITAL | LINK Intime | Nikhil Nayak, 1A & 1B, 4th Floor, Techniplex 1, Techniplex Complex, Veer Savarkar Flyover, Goregaon West, Mumbai 400 062; Tel: +91 22 2871 5500; E-mail: cfo.mll@mahindra.com Website: www.mahindralogistics.com |
| **Kotak Mahindra Capital Company Limited** 1st Floor, 27 BKC, Plot No. 27, G Block, Bandra Kurla Complex, Bandra (East), Mumbai 400 051. Tel: +91 22 4336 0000; Fax: +91 22 6713 2447 E-mail: mll.ipo@kotak.com Investor grievance e-mail: kmccredressal@kotak.com Website: http://investmentbank.kotak.com Contact Person: Ganesh Rane SEBI Registration No.: INM000008704 | **Axis Capital Limited** 1st Floor, Axis House, C-2, Wadia International Centre, P.B. Marg, Worli, Mumbai 400 025. Tel: + 91 22 4325 2183; Fax: +91 22 4325 3000 E-mail: mll.ipo@axiscap.in; Investor grievance e-mail: complaints@axiscap.in Website: www.axiscapital.co.in Contact person: Simran Gadh SEBI Registration No.: INM000012029 | **Link Intime India Private Limited** C-101, 1 st floor, 247 Park, L B S Marg, Vikhroli West, Mumbai 400 083 Tel: +91 22 4918 6200; Fax: +91 22 4918 6195 E-mail: mahindralogistics.ipo@linkintime.co.in Investor grievance e-mail: mahindralogistics.ipo@linkintime.co.in Website: www.linkintime.co.in; Contact Person: Shanti Gopalkrishnan SEBI Registration No.: INR000004058 | Bidders can contact the Chief Financial Officer and Compliance Officer, the BRLMs or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related problems, such as non-receipt of letter of allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account or non-receipt of refund intimations and non-receipt of funds by electronic mode. |

**AVAILABILITY OF RHP:** Investors are advised to refer to the RHP, and the Risk Factors, contained therein before applying in the Offer. Full copy of the RHP is available on website of SEBI at www.sebi.gov.in, the websites of the Book Running Lead Managers at http://investmentbank.kotak.com and www.axiscapital.co.in and websites of BSE and NSE i.e. www.bseindia.com and www.nseindia.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the Registered Office of **MAHINDRA LOGISTICS LIMITED**, Book Running Lead Managers: **Kotak Mahindra Capital Company Limited, Tel:** +91 22 4336 0000, **Fax:** +91 22 6713 2447 and **Axis Capital Limited, Tel:** + 91 22 4325 2183, **Fax:** +91 22 4325 3000 and Syndicate Member: **Kotak Securities Limited, Tel:** +91 22 6218 5470, **Fax:** +91 22 6661 7041 and at the select locations of the Sub-syndicate Members, SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid-cum-Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**APPLICATIONS SUPPORTED BY BLOCKED AMOUNT (ASBA):** Investors have to apply through the ASBA process. ASBA Forms / Bid-Cum Applications Form has to be availed by all the Investors except Anchor Investors. For details on the ASBA process, please refer to the details given in ASBA Form and Abridged Prospectus and also please refer to the section "Offer Procedure" beginning on page 318 of the RHP. ASBA Forms can also be downloaded from the websites of BSE and NSE. ASBA form can be obtained from the list of banks that is available on the website of SEBI at www.sebi.gov.in. ASBA Form can be obtained from the SCSBs, the list of which is available on the website of SEBI.

**Escrow Collection Bank, Refund Bank and Public Offer Account Bank:** Kotak Mahindra Bank Limited

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **MAHINDRA LOGISTICS LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Chief Financial Officer and Compliance Officer**

Place : Mumbai
Date : October 30, 2017

**Mahindra Logistics Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares and has filed the RHP dated October 16, 2017 with the Registrar of Companies, Mumbai. The RHP is available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the websites of the BRLMS, Kotak Mahindra Capital Company Limited and Axis Capital Limited, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold within the United States only to "qualified institutional buyers" (as such term is defined in the Rule 144A under the U.S. Securities Act ("**Rule 144A**")) in reliance on Rule 144A or another available exemption from registration under the U.S. Securities Act and outside of the United States in offshore transactions in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 332

# તંત્રી સ્થાનેથી ...

## તમારો આહાર જ તમારી ઔષધિ છે.

## સેનીટરીવેર્સ પરનો જીએસટી દર ઘટાડવા કેન્દ્ર સમક્ષ રજુઆત

જીએસટીના કારણે અનેક ઉદ્યોગોને સહન કરવાના દિવસો આવ્યા છે. સરકારની એક કર લાદવાની નીતિનો હજુ પણ વેપારી આલમમાં વિરોધ થઈ રહ્યો છે. તેમાં ખાસ કરીને સિરામિક ઉદ્યોગકારો ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે. સરકારે દેશજનોના હિત માટે જીએસટી લાગુ કર્યો પરંતુ અસંખ્ય વેપારીઓને જીએસટીના કર બાબતની સમજ આવી શકી નથી.

દેશમાં ખાસ કરીને મધ્યમ કક્ષાના વેપાર ઉદ્યોગ પર વેરા ભાર ઘટાડવા જીએસટીના દરોની સંપૂર્ણ પુનઃ રચના કરવાની જરૂરિયાત દર્શાવી છે. આ સંદર્ભે મોરબી- વાંકાનેર વિસ્તારના ધમધમતા ૭૦૦ થી વધુ નાના અને મધ્યમ પિરામિક ઉદ્યોગો દ્વારા ઉત્પાદન થતી ફ્લોર ટાઈલ્સ, વોલ ટાઈલ્સ અને સેનેટરી વેર્સ પરનો જીએસટી દર જે ૨૮ ટકા રાખવામાં આવ્યો છે. તે ઘટાડીને ૧૨ ટકા કરવા કેન્દ્રના નાણાંમંત્રી સમક્ષ રજુઆત કરાઈ છે. નહિં તો દેશમાં સિરામિક ઉદ્યોગ સાવ ઠપ્પ થઈ જશે અને અસંખ્ય લોકોની રોજગારી છીનવાશે. તે વાત ચોક્કસ છે.

એક પૂર્વ સાંસદના જણાવ્યા મુજબ દર વર્ષે ૧૮૦૦ મીલીયન ચોરસ મીટર ઉત્પાદન કરતા આ એકમો રૂા. ૨૮૦૦૦ કરોડનું ટર્નઓવર કરે છે અને ૪૫૦૦ કરોડ એકસાઈઝ અને ઈન્કમટેક્ષની આવક ભારત સરકારને સામે છે. તેમજ જે તે રાજ્યને 'વેટ' પણ આવક આપે છે, આ નાના કક્ષાના ઉદ્યોગો ચાર લાખ નાગરિકોને સીધી રોજગારી અને છ લાખ લોકોને આડકતરી રીતે રોજગારી આપવા સાથે ૭૦ ટકા એકમો તો સ્વરોજગાર ક્ષેત્રના છે. દુનિયાના ખૂણે ખૂણે આ ઉદ્યોગો માલની નિકાસ કરે છે. તે કુલ વેચાણના ૩૦ થી ૩૫ ટકા છે. જેથી વિદેશી હુંડીયામણ મળી રહે છે.

વેપાર ખાદ્ય ઘટાડવા આયાતો ઘટે અને નિકાસથી વધુ વિદેશી હુંડીયામણ મળે તે જરૂરી છે. દેશની કુલ વેપાર ખાદ્યમાં ૬૪ ટકા જેટલી વેપાર ખાદ્ય માત્ર ચીન સાથેના વેપારની છે.

ચીનની પાંચ કંપનીઓ દ્વારા દક્ષિણ ભારતમાં મોકલાતી આ આઈટમો જીએસટીના ભારણના લીધે સસ્તી પડે છે. પરંતુ જો જીએસટી ૧૨ ટકા થઈ જાય તો ચીનની ચીજવસ્તુઓ અહીં મોંઘી થવાની શક્યતા છે. તેથી ચીનની આવી નિકાસ બંધ કરી શકાય તેમ છે.દેશમાં સિરામિક ઉદ્યોગ બહોળા પ્રમાણમાં ચાલે છે અને અસંખ્ય લોકો રોજગારી મેળવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જેથી સિરામિકની આઈટમો પર રાજ્યોનો વેટ ૧૫ ટકામાંથી ૫ ટકા સુધી ઘટાડવા માટે ગુજરાત- મધ્યપ્રદેશ, છત્તીસગઢે પહેલ કરી હતી. જે દર્શાવે છે કે આ ઉદ્યોગો પર વેરા ભારણ વધુ હતું. જે સહન થઈ શકતું ન હતું. ૧૯૯૯ માં ૫ ટકાથી ૪૦ ટકાના જુદા જુદા ૧૧ દરે એકસાઈઝ ડ્યુટી લાગતી હતી. એ ઘટાડી માત્ર ૮,૧૬ અને ૨૪ ટકા એકસાઈઝ ડ્યુટી ઘટાડી કરી હતી. ૨૦૦૦ ના વર્ષમાં તો માત્ર એક જ દર ૧૬ ટકા હતો. જે વૈભવી ચીજોને પણ લાગુ પડતો હતો, આમ ૧૬ ટકાથી વધુ વેરો હતો નહિં. જે જીએસટી કાઉન્સિલે ધ્યાનમાં લેવું જોઈએ.હવે ગૌહત્રી ખાતે મળનારી જીએસટી કાઉન્સિલના એજન્ડા પર સિરામિક ઉદ્યોગકારોની માગણીને ધ્યાનમાં લઈને સિરામિક ઉદ્યોગોનો ૨૮ ટકા દર ઘટાડીને ૧૨ ટકા કરવો જોઈએ નહિં તો સિરામિક ઉદ્યોગ ઠપ્પ થઈ જવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

## રોહિત બક્ષી નિખિલ સિંહાના આગામી શો શક્તિપીઠ કે ભૈરવમાં જોવા મળશે



અજોડ અભિનય કુશળતાથી દર્શકોનું મનોરંજન કરનાર અને તે માટે વખણાયેલો પ્રતિભાશાળી રોહિત બક્ષી હવે બિગ મેજિકના આગામી ધાર્મિક શો શક્તિપીઠ કા ભૈરવમાં જોવા મળશે. ચાહકો માટે આ જલસો રહેશે, કારણ કે થોડા વિરામ પછી તે પાછો આવી રહ્યો છે અને આ વખતે ભૈરવની શક્તિશાળી ભૂમિકામાં જોવા મળવાનો છે. ઘણા બધા લોકોએ ભૈરવની ભૂમિકામાટે ઓડિશન આપ્યું અને આખે અમે રોહિત બક્ષીને લઈ લીધો છે. તે ભૂમિકામાં અનુકૂળ રીતે બંધબેસે છે અને તેનો દેખાવ પાત્રનીઆવશ્યકતાઓમાં અનુકૂળ બંધબેસે છે.હું અસલ જીવનમાં કટ્ટર શિવભક્ત છું અને ભારતીય ટેલિવિઝન પર બીજી વાર ભગવાન શિવની ભૂમિકા ભજવવાના આશીર્વાદ મને મળ્યા છે. મારો બહુ વખણાયેલો છેલ્લો ધાર્મિક શો સિયા કા રામમાં તે જ અવતાર ધારણ કર્યા પછી હું આગામી સિરીઝ શક્તિપીઠ કે ભૈરવમાં ભૈરવની ભૂમિકા ભજવવા માટે ભારે રોમાંચિત છું. આ વખતે ભૈરવ નામે શિવની ભૂમિકા ભજવવાનું બહુ પડકારજનક છે, કારણ કે ભૈરવની પરિપ્રેક્ષ્યથી તેમાં ૫૨ શક્તિપીઠ જોવા મળશે. રોહિત બક્ષીનો ભૈરવ તરીકે અદભુત પરફોર્મન્સ જોવા માટે જોતા રહો શક્તિપીઠ કે ભૈરવ, ૧૦ નવેમ્બરથી શુભારંભ, સોમવારથી શુક્રવાર, સાંજે ૭, ફક્ત બિગ મેજિક પર.

### આત્મચિંતન

## શ્રદ્ધાબળથી મહાન કાર્ય સંભવ

સાચું પુછવામાં આવે તો શ્રદ્ધા જ આપણો શ્રેષ્ઠ ધર્મ છે. વર્તમાન સમયમાં પૃથ્વી પર સાચા જ્ઞાનનો સર્વત્ર અભાવ જણાય છે અને સંકીર્ણતાયુકત, સ્વાર્થયુકત અવિદ્યાનો અંધકાર છવાયેલો છે. આવી પરીસ્થિતિમાં આપણે કેવળ પોતાના શ્રદ્ધાદીપની સહાયતાથી જ જીવનના અંતિમ ધ્યેય સુધી પહોંચી શકીએ. આપણીઆ શ્રદ્ધા ધ્રુવતારાની જેમ સરળ હોવી જોઈએ. વીજળી ચમકવાની જેમ ક્ષણિક નહીં જો આપણી અંદર આત્મશ્રદ્ધા હોય તે આપણે માટે સંસારમાં ભૌતિક અથવા આધિભૌતિક કોઈપણ બાબત અશકય રહેતી નથી. આ શ્રદ્ધા બળથી આપણે જે કાંઈ વિચારીએ છીએ જે કાંઈ ઈચ્છીએ છીએ તે જ કરી શકીએ છીએ. શ્રદ્ધા અને વિશ્વાસ દ્વારા આપણે અપારશક્તિ પ્રાપ્ત કરી શકીએ છીએ. મનુષ્ય પોતાને જેવો માને છે તેવો જ બની જાય છે. એક મહાન દાર્શનિકે કહ્યું છે કે 'મનુષ્ય કોઈ વિશેષ માન્યતાના આધારે જ જીવતો રહે છે. જો તેને એ વિશ્વાસ ન હોય કે જીવવાને લાયક કાંઈક છે તો તે જીવતો રહી જ શકે નહીં.' જેમ જેમ નશ્વર જગતની અવાસ્તવિકતાને જોવામાં અને સમજવામાં આવે છે તેમ તેમ તેની અંદર અનંત પ્રત્યેની શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે. તેને શ્રદ્ધા રાખવી પડે છે, કારણ કે શ્રદ્ધા વિના જીવન ટકી શકે નહીં. આત્મજ્ઞાનને માટે શ્રદ્ધા અને ધીરજ અત્યંત આવશ્યક સીડીઓ છે.સૌથી પહેલાં પોતાનામાં શ્રદ્ધા રાખો અને પછી પરમેશ્વરમાં.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ભારતના નં. ૧ હેર ઓઈલ દ્વારા ગિનેસ વર્લ્ડ રેકોર્ડસન!



ભારતનું નં. ૧ હેર ઓઈલ બજાજ આલ્મંડ ડ્રોપ્સ હેર ઓઈલે દુનિયામાં સૌથી લાંબી હેડ મસાજ ચેઈન માટે વિક્રમ નિર્માણ કરવાની અદભુત સિદ્ધિ સ્થાપિત કરીને ગિનેસ વર્લ્ડ રેકોર્ડસનમાં સ્થાન મેળવ્યું છે. બજાજ આલ્મંડ ડ્રોપ્સ પહેલ ભારતભરની સ્ત્રીઓને ઉત્તમ તેલયુક્ત વાળ એ ઉત્તમ પોષિત વાળ છે એ સંદેશ આપવા અને નિયમિત વાળમાં તેલ નાખવાના મહત્ત્વને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરવામાં આવી હતી.આ હેતુ હાંસલ કરવા માટે બજાજ આલ્મંડ ડ્રોપ્સે પ્રેસ, રેડિયો અને ડિજિટલ મંચોનો સાથ લીધો હતો અને લાખ્ખો ભારતીય સ્ત્રીઓને સહભાગી કરી હતી. બ્રાન્ડને ૨૬ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ ગ્રોવેલ્સ મોલ, કાંદિવલી, મુંબઈ ખાતે વિક્રમી પ્રયાસમાં હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો અને લગભગ ૫૦૦ સ્ત્રીઓએ ભાગ લીધો હતો અને દુનિયામાં સૌથી લાંબી હેડ મસાજ ચેઈન માટે વિક્રમ સ્થાપિત કર્યો હતો. બજાજ કોર્પમાં અમે આરોગ્યવર્ધક જીવનશૈલીને પ્રોત્સાહન આપવામાં અને અમારા ગ્રાહકોને ઉત્તમ અહેસાસ, ઉત્તમ દેખાવ અને જીવનમાંથી વધુ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થવા માગીએ છીએ. વાળમાં તેલ લગાવવું તે પારંપરિક રીતે ભારતીય વાળ સંભાળની રીતનો હિસ્સો છે, જે આજે ઘણી બધી સ્ત્રીઓ દ્વારા ગૂંચભરી અને સમય ખાતી પ્રવૃત્તિ માનવામાં આવે છે. અમારો હેતુ ભારતીય સ્ત્રીઓને ચીકાશરહિત પરંતુ વધુ મજબૂત વાળ આપતું હલકું હેર ઓઈલ આપીને વાળમાં તેલ નાખવાની આદતને પ્રોત્સાહન આપવાનો છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આઈઆઈએફએલ હોમ લોન મુખ્ય ઋણદાતા બન્યું



ઈન્ડિયા ઈન્ફોલાઈન હાઉસિંગ ફાઈનાન્સ લિ. (આઈઆઈએફએલ હોમ લોન) ભારત સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી યોજના અંતર્ગત મુખ્ય ઋણદાતા બની ગયું છે. આઈઆઈએફએલે અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ સબ્સિડીના ૧૧ ટકા વિતરણ કરી દીધી છે અને આ સબ્સિડી વિતરણમાં મોટાભાગની બેન્કો અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓથી આગળ છે. આઈઆઈએફએલ હોમ લોન્સનું લક્ષ્ય માર્ચ ૨૦૧૮ એ સમાપ્ત થતા નાણાંકીય વર્ષ સુધી સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના શહેર યોજના અંતર્ગત ૧૫૦૦૦ ગ્રાહકોને જોડવાનું છે. આ યોજના અંતર્ગત જોડાનારા ગ્રાહકોની આ સૌથી મોટી સંખ્યા હશે. પ્રધાનમંત્રીની મહત્વાકાંક્ષી હાઉસિંગ ફૉર ઑલ - ૨૦૨૨નું લક્ષ્ય શહેરોમાં રહેતા ગરીબો માટે ૨ કરોડ ઘર નિર્મિત કરવાનું છે. આર્થિક રીતે નબળા, ઓછી આવક તથા મધ્યમ આવકવાળા વર્ગ માટે પીએમએવાઈ (પ્રધાનમંત્રી આવાસ યોજના) અંતર્ગત ક્રેડિટ લિંક્ડ સબ્સિડી સ્કીમ વ્યાજ પર ૩ ટકા થી ૬.૫ ટકાની આપે છે. આ સબ્સિડીના પરિણામ સ્વરૂપ ઈએમઆઈમાં ૨૨૦૦ રૂ. થી ૨૫૦૦ રૂ. સુધી માસિક બચત થાય છે, જે આ વાત પર નિર્ભર કરે છે કે ગ્રાહક કયા સેગમેન્ટમાં છે.

## સોની એન્ટરટેનમેન્ટ ટેલીવિઝન પર ૨૩ ઓક્ટો.થી દર સોમ.થી શુક્ર.દરરોજ રાત્રે ૧૦.૦૦ કલાકે શરૂ થનાર - એક દિવાના થામાં, શિવના પાત્રને નમીક પૌલએ ભજવ્યો છે



૧. તમારા ઘણાં ચાહકો છે. તમારા પહેલાના શોમાં તમે વકીલની ભૂમિકા ભજવી હતી અને હવે તમે ભૂતના ભાગની ભૂમિકા ભજવી રહ્યા છો. શું તમે આ પ્રકારની અલગ ભૂમિકા ભજવવા માટે પ્રેરિત થયા છો અને આ પાત્ર કેવી રીતે આવતા દિવસોમાં આકાર લે છે?

મને લાગે છે કે પ્રથમ વસ્તુ એ છે કે હું પહેલાં કરતાં કંઈક અલગ કરવા માંગુ છું. તમે જે કંઈ કર્યું છે તે પુનરાવર્તન કરવા નથી માંગતા અને મારા અગાઉના શોમાં જે પાત્રને મેં ભજવ્યો છે તે ખૂબ લોકપ્રિય છે. હું તે પહેલાંની ભૂમિકાને પુનરાવર્તન કરવા નથી માંગતો. જે ક્ષણે મેં આ વાર્તાને સાંભળી હતી તે મને ખૂબ રસપ્રદ લાગી, તે કંઈક નવું હતું અને તે ખૂબ રાહત વિના મસાલા અને ક્ષમતાના પ્રકારની વસ્તુનું મિશ્રણ હતું. ઉપરાંત, હું પવન મલ્હોત્રાથી કંઈક જુદું ભજવું છું. તેથી, વસ્તુઓનું મિશ્રણ છે, તમે જુદી જુદી વસ્તુઓને ચિત્રિત કરો છો અને તે એક પ્રતિભા કામ કરતાં વધુ છે જે મેં મારા છેલ્લા શોમાં નથી કર્યું પણ હું અહીં 'એક દિવાના થા' માં કરીશ. તેથી તે જ હું જે ઈચ્છતો હતો જે તે છે અને બીજી વસ્તુ જ્યારે મેં આ વાર્તા સાંભળી હતી ત્યારે જ વાર્તા અને શોના લોકો મને ગમ્યાં. તે વિશે ખૂબ જ સારી લાગણી હતી. જો કે, હું કેવી રીતે પાત્ર આકાર આપીશ તે વિશે વધુ જાહેર કરી શકતો નથી, તમે પાત્ર વિશે વધુ જાણવા માટે શો જોવું પડશે.

૨. જ્યારે તમે શિવની ભૂમિકા જીતી હતી ત્યારે તમારા પ્રથમ વિચારો શું હતાં? તમારા કુટુંબ અને મિત્રોએ તેના પર પ્રતિક્રિયા કેવી રીતે કરી ?

મારો પ્રથમ વિચાર શક્ય તેટલો જલ્દી કાસ્ટ કરવામાં આવું કારણ કે મારા છેલ્લો શો પ્રસારિત થયો તેને એક વર્ષ થયું. અને દેખીતી રીતે આ ટીમ સાથે કામ કરવા અને આ વાર્તા પર કામ કરવા માટે વિશે હું ઉત્સાહિત છું, મને મારા દેખાવ વિશે વાતચીત કરવાની તક પણ મળી છે. દેખીતી રીતે, હું ઉત્સાહિત અને તેટલો જ બેચેન હતો, જે આજે પણ છું.

## સમસ્ત પાટીદારની એકતાનું ધામ સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર, અમદાવાદ આયોજીત ઐતિહાસિક ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ



સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા તા. ૫-૬-૭ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન ઐતિહાસિક ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.સમિટમાં કન્વેન્શન, એક્ઝિબિશન, બિઝનેસ સેમિનાર, મ્ર્મ મીટીંગ્સ અને જોબફેરનીવ્યવસ્થા કરવામાં આવશે. સમાજના નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને સમર્થન આપવું, સમાજમાં નવાં ઉદ્યોગપતિઓ તૈયાર કરવા અને તેમને ઉપયોગી થવું તેમજ સમાજના શિક્ષિત યુવાનોને તાલીમબદ્ધ કરી તેમને સન્માન સાથે રોજગારી અપાવવી એ આ સમિટના મુખ્ય ઉદ્દેશો છે. સમાજે ઘણા ધાર્મિક અને સામાજિક આયોજનો હાથ ધર્યા છે પરંતુ સમાજના આર્થિક ઉત્થાન સમા એક કદમ સમૃદ્ધિ કી ઓર જેવો આ કાર્યક્રમ દેશ અને ગુજરાતમાં ઐતિહાસિક બની રહેશે.ઉલ્લેખનીય છે કે, સરદારધામ દ્વારા યોજાનાર આ સમિટમાં ૩ લાખથી વધારે મુલાકાતીઓ તથા ૩૨ દેશોમાંથી ૧૦,૦૦૦ જેટલા બિઝનેસ ડેલીગેટ્સના આગમન માટે તૈયારી કરવામાં આવી રહી છે.સમિટ દરમ્યાન આયોજીત એક્ઝિબિશનમાં વિવિધ ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતા ૫૦૦થી વધુ એક્ઝિબિશન સ્ટોલ્સ રાખવામાં આવેલ છે. વધુમાં કન્વેન્શન દરમ્યાન આર્થિક વિકાસના મુદ્દાઓપર ખ્યાતનામ વક્તાઓ દ્વારા અમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત, કન્વેન્શનમાં ભાગ લેનાર ડેલીગેટને કોર્પોરેટ જગત સાથે ચર્ચા-વિચારણા કરવાની અમૂલ્ય તક મળી રહેશે. આ પ્રસંગે પાટીદાર ભાઈ-બહેનોને બિઝનેસ નેટર્વકિંગની વ્યવસ્થા પૂરી પાડવા માટે ખાસ મ્ર્મ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ દરમ્યાન સૌપ્રથમવાર પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડની જાહેરાત કરવામાં આવશે. જે અંતર્ગત વિવિધ કેટેગરીમાં પાટીદાર ઉદ્યોગપતિઓને પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે એક વિશેષ કોફી ટેબલ બૂક પ્રકાશિત કરવામાં આવશે.

## ખાદિમ ઈન્ડિયા લિ.નું પ્રારંભિક મૂડીભરણું (આઈપીઓ) ૨ નવે.ના રોજ ખુલશે અને ૬ નવે.ના રોજ બંધ થશે




અમદાવાદ

ખાદિમ ઈન્ડિયા લિમિટેડ (''કંપની'') જે ભારતની એક અગ્રણી ફૂટવેર કંપની છે, તથા ફૂટવેરના રિટેલ તથા વિતરણ એમ બે મોરચે જેનું લક્ષ્ય કેન્દ્રિત છે, તે તેની ઈનિશિયન પબ્લિક ઓફરિંગ (''આઈપીઓ'' અથવા "ઓફર'') લાવશે, જે ગુરુવાર, ૦૨ નવેમ્બર ૨૦૧૭ના ખુલશે અને સોમવાર, ૦૬ નવેમ્બર ૨૦૧૭ના રોજ બંધ થશે, જેમાં કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુવાળા પ્રતિ ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર્સ'') માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૭૪૫થી રૂ. ૭૫૦ રહેશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડ/ઈશ્યુનો સમયગાળો ૦૧ નવેમ્બર ૨૦૧૭થી શરૂ થશે, જે ઈશ્યુ ખુલતા પહેલાં કામકાજના એક દિવસ અગાઉથી છે.આઈપીઓમાં કંપનીના રૂ. ૫૦૦ મિલિયન સુધી એકત્રિત કરતા નવા શેર્સનો ઈશ્યુ (''ફ્રેશ ઈશ્યુ'') અને ૬,૫૭૪,૦૯૩ જેટલા ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ સામેલ છે, જેમાં ૭૨૨,૦૦૦ ઈક્વિટી શેર્સની સિદ્ધાર્થ રોય બર્મનની (''પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર'') અને ફેરવિન્ડ્સ ટ્રસ્ટીઝ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ, જે રિલાયન્સ ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ્સ ફંડ - પ્રાઈવેટ ઈક્વિટી સ્કીમ (''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર'') વતી ટ્રસ્ટી તરીકે છે, તેની ૫,૮૫૨,૦૯૩ ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ સામેલ છે.કંપની ફ્રેશ ઈશ્યુ થકી ઊભા થનારા ચોખ્ખા ભંડોળનો ઉપયોગ ?) કંપનીએ લીધેલી ટર્મ લોન્સની અને કંપનીએ લીધેલી કાર્યકારી ભંડોળની પૂર્ણતઃ અથવા આંશિક પૂર્વ ચૂકવણી અથવા નિયતાનુસારની પુનઃ ચૂકવણી માટે; અને (ii) સામાન્ય કોર્પોરેટ બાબતો માટે કરવાનો પ્રસ્તાવ ધરાવે છે. ઓફર ફોર સેલ થકી ઊભા થનારા ભંડોળમાંથી કંપની કશું મેળવશે નહીં. તમામ અરજદાર આ ઈશ્યુમાં એપ્લિકેશન સપોર્ટેડ બાય બ્લોક્ડ અમાઉન્ટ (''આસ્બા'') પ્રક્રિયા હેઠળ જ ભાગ લઈ શકશે, જેમાં તેમણે તેમના સંબંધિત બેન્ક ખાતાની વિગતો આપવાની રહેશે, જેમાં સેલ્ફ સર્ટિફાઈડ સિન્ડિકેટ બેન્ક્સ (''એસસીએસબીઝ'') નાણાં બ્લોક કરશે. એન્કર ઈન્વેસ્ટર્સને આસ્બા પ્રક્રિયા હેઠળ અરજી કરવાની છૂટ નથી.

## અમદાવાદના શ્રી..................એ કોન બનેગા કરોડપતિના 'જીયો ઘર બેઠે, જીતો જેકપોટ' સેગમેન્ટમાં ડટ્સન રેડી-ગો જીતી



અમદાવાદ

લોકપ્રિય ક્વિઝ શો કોન બનેગા કરોડપતિ (કેબીસી)ના વિશેષ સેગમેન્ટમાં શહેરમાં ન્યુ રેડી-ગોના પ્રથમ વિજેતા શ્રી................ની જાહેરાત કરતાં ડટ્સન ઈન્ડિયા ખુશી અનુભવે છે.શ્રી..................એ અમિતાભ બચ્ચનના ...........એપિસોડના 'જીયો ઘર બેઠે, જીતો જેકપોટ' સેગમેન્ટના દરેક પ્રશ્નનો સફળતાપૂર્વક જવાબ આપ્યો હતો અને હવે તેઓ ન્યુ ડટ્સન રેડી-ગોના માલીક છે., "અમે ડટ્સન રેડી-ગોના વિજેતા શ્રી.............ને અભિનંદન પાઠવીએ છીએ અને તેમનું ડટ્સન પરિવારમાં સ્વાગત કરીએ છીએ. ડટ્સનનો ઉદ્દેશ્ય યુવા ભારત માટે શ્રેષ્ઠ મોબિલિટીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે. રેડી-ગો અમારી બ્રાન્ડની સફળ પ્રોડક્ટ છે અને જે લોકો જીવનમાં કંઈક નવું કરવા માગતા હોય તેમના માટે નવી સંભાવનાઓ ખોલી છે. અમે અમારી ગ્રાહકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે સતત પ્રયાસો કરતાં રહીશું."

યુવા ભારતની અપેક્ષાઓને પરિપૂર્ણ કરવાના બ્રાન્ડના વિઝન સાથે તાલ મીલાવતા ડટ્સન ઈન્ડિયાએ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલીવિઝન સાથે તેના લોકપ્રિય ક્વિઝ કોન બનેગા કરોડપતિ (કેબીસી)ના વિશેષ સેગમેન્ટ માટે ભાગીદારી કરી છે. જે અંતર્ગત જીયો ઘર બેઠે, જીતો જેકપોટ સેગમેન્ટમાં પ્રશ્ન પૂછાશે અને તેનાથી દેશભરના દર્શકોને બ્રાન્ડ-ન્યુ ડટ્સન રેડી-ગો જીતવાની તક મળશે.

સમગ્ર ભારતમાં કેબીસીના ચાહકો નિયત પ્લેટફોર્મ ઉપર એસએમએસ દ્વારા આમાં ભાગ લઈ શકે છે અને સાચો જવાબ આપનાર ૩૦ લકી વિજેતાઓને ૩૦ એપિસોડમાં ડટ્સન રેડી-ગો કાર જીતવાની તક મળશે.

જૂન, ૨૦૧૬માં ભારતમાં લોન્ચ કરાયેલી ડટ્સન રેડી-ગો બેસ્ટ-ઈન-ક્લાસ ગ્રાઉન્ડ ક્લિઅરન્સ (૧૮૫એમએમ) અને હાઈ સીટીંગ પોઝિશન સાથે એક અર્બન હેચબેક તરીકે સારી મોકળાશ અને કાર્યક્ષમતાનું શ્રેષ્ઠ મિશ્રણ છે.

## મિનિ દ્વારકા ગણતા યાત્રાધામ ઢીમાના દર્શન કર્યા વીના ચાર - ધામની યાત્રાઓ અધુરી ગણાય છે



ઉત્તર ગુજરાતના સુપ્રસિધ્ધ અને મિનિ દ્વારકા ગણાતાં યાત્રાધામ ઢીમા (ધરણીધર) વિશે શ્રી ભગવાનના મહાત્મય અહી - આપતા ગૌરવ થાય છે. અને આનંદ પણ દુનિયામાં પણ ના હોય એવું અદભૂત અને વિરલ દ્રશ્ય છે. શ્યામ સુંદર શ્રી શામળાજી (ધરણીધર) ભગવાનનું એક વાત અહિયા નોંધવી ઘટે કે ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તારમાં આવેલા આ યાત્રાધામને એક વખત જોવું એ જીવનનો એક લ્હાવો છે.

પરમાત્મા શ્રી વારાહ ભગવાનના સ્વરૂપનું ખંડન થયા પછી લગભગ સવાસો વર્ષ સુધી શ્રી વારાહ ભગવાનની પુજા થતી હતી અને શ્રી સાલીગ્રામજી ભગવાનની સેવા થતી હતી અને પંડિત વારાહ મુર્તીની જાંઘમાંથી જાગેશ્વર મહાદેવનું એક ભવ્યલિંગ બન્યું જે અત્યારે પણ શ્રી ધરણીધરજી ભગવાનના મંદિરની બાજુમાં જોગેશ્વર મહાદેવ તરીકે પ્રસ્થાપિત છે શ્રીજીના અન્નય ભક્ત કુલોત્પન્ન ઢીમાના (સાંચોરાં) બ્રાહ્મણ ગદાધર દલપતરામ શ્રી સાલીગ્રામજી ભગવાનની નિયમિત સેવા પુજા કરતા અને આ ખાલી સિંહાસન પર પરમાત્માનું વિરાટ સ્વરૂપ અહિયાં બિરાજે એવું તેઓ ઝંખતા હતા. એક દિવસની વાત છે. ઢીમા ગામના જ રૂદાભાઈ કેંડ (પટેલ)ને રાત્રે સ્વપ્ન આવ્યું કે હું વાંસવાડા (રાજસ્થાન) ના ડુંગરોમાં બિરાજ્યો છું અને તમે મને અહીંયાં લેવા માટે આવો ત્યારે આ વ્યક્તિને પરમાત્માને વાતની સત્યતા માટે તારી ગાયોને બે વાછરડાં જન્મ લે અને લાલ કકુંના ચાંલ્લાવાળા હોય તો વાત સાચી માનજે. પરંતુ જેને આપ્યા માલિક બ્રહ્મણાંડ સ્વપ્નમાં આવે તેને પછી શું હોય ત્યારે રૂદાભાઈ પટેલે સવારે આવીને પુજારીને વાત કરી અને તેજ સમયે શ્રી એ સ્વપ્નમાં એવી પ્રેરણા કરી હતી તે પ્રમાણે બરાબર તેજ સમયે બને ગાયોને બંને વાછરડા જોઈને બંને જણા હરખાઈ ગયા અને સ્વપ્નની વાત સાચી જાણી લીધી પ્રભુની આ અદ્ભુત પ્રેરણાથી ગદાધર સેવક (પુજારી) આનંદિત થઈ ગયા હવે બને જણા પરમાત્માને લેવા વાંસવાડા જવાથી તાલાવેલી કરવા લાગ્યા. અને ઘરના તમામ લોકોને પરમાત્માને લઈને આવશે નહીતર છેલ્લે... છેલ્લે... રામ... રામ... કહીને મિત્રોએ ગામમાંથી વીદાય લીધી તેઓ હરખાતા હરખાતા પૂર્વ દિશા તરફ ચાલી નીકળ્યા પોતાના એકાદ મિત્રો સાથે ગયા તે સમયના તે સમયના જંગલો ભયંકર અને માનવ વસવાટ વિનાના હોવાથી અહિંયા રાત્રે શું પણ દિવસે ચાલતા પણ બીક લાગતી તેમજ ચોર લુટારાઓ અને જંગલી હિંસક પશુઓની ભયંકર બીક લાગતી હતી. અને આવા કેટ કેટલાય અસંખ્ય સંકટો વેઠીને બંન્ને મીત્રો વાંસવાડા પહોંચ્યા આવી પરિસ્થિતિમાં મુશ્કેલીઓ વેઠવાથી (આપતીઓ) શરીર પણ કૃશ બની ગયા છે હવે વાંસવાડાના ડુંગરે ડુંગરે ખુબ ભમ્યા છતાં કોઈ સહિ (સાચું) ઠેકાણું મળતું નથી. અંતે જાણે ભગવાન ભક્તોની કસોટી કરતાં કરતાં હજુ સુધી પણ કસોટી બાકી હશે ભક્તો વીચારતા વીચારતા છેવટે કસી સુઝ ન પડતાં એક વટવૃક્ષ નીચે બેસી પરમાત્માને ગદગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા હે ભગવાન તું ક્યાં બિરાજમાન છો જગતના માલિક હવે તું કંઈક રસ્તો બતાવ નહિ તો અમારા શરીરમાંથી પ્રાણ પણ નીકળી જશે. આવો દ્રઢ સંકલ્પ કરી અન્નજળનો ત્યાગ કરી તેજ સ્થાન પર તેઓ બેસી ગયા શીતકાળની ભયંકર ઠંડીમાં શરીર પણ ઠુંઠવાઈ ગયા છે. જયાં થોડું જોકું આવે ત્યાં જ એક અદભુત અને વિરાટ સ્વરૂપ રૂદાભાઈ પટેલને દર્શન આપ્યા અને કહ્યું કે સવારમાં સુર્યોદય જે દીશામાં છે તે દિશામાં ચાલતા ચાલતા બાવન કદમ પર એક મહાન શિલા આવશે તે શિલા ખસેડશો તો નીચે ભોયરામાં તમને મારું સાક્ષાત વિશ્વકર્મા રચિત મારું સ્વરૂપ દેખાશે આવું માર્ગદર્શન આપીને તે અદ્રશ્ય થઈ ગયા પછી તો ગદાધરજીએ અને રૂદાભાઈ પટેલ અને એક બે મિત્રોને જગાડયાં બધાને ઉપરોક્ત ઘટનાથી વાકેફ કર્યા રાત્રે ભગવાનના ભજન સંર્કિતન કર્યા અને સુર્યોદય થતાં જ તે દિશામાં પ્રયાણ કર્યું ઉતરાણના સુર્યે થઈ ગયા હોવાથી સહેજ ઈશાંન તરફ જતા બાવન કદમ પર મોટી શિલા નજરે પડી અને તેના પર કુંમકુંમનો એક દિવ્ય પંજો પણ દેખાયો. શીલા બહુ વજનદાર હોવા હોવાછતાં પણ પરમાત્માના દર્શન કરવાની પ્રબળ ઈચ્છા હોવાથી તેમને વાર લાગી નહી છતાં પણ પરમાત્માના દર્શન કરવાની પ્રબળ ઈચ્છા હોવાથી તેમને વાર લાગી નહી અને નીચે ભોયરામાં જઈને જોયું તો શંખ, ચક, ગદા અને પદ્મમથી યુક્ત ચર્તુભુજ સ્વયંમ સ્વરૂપ શ્રી ધરણીધરજી ભગવાનનું અલૌકિક સ્વરૂપ જોવા મળ્યું છે આવું વિરાટ સ્વરૂપ જોઈને બધા ભક્તો ભાવવિભોર બની ગયા અને પરમાત્માને બે હાથ જોડીને કહ્યું કે હે ભગવાન તે અમારી લજ્જા રાખી છે અને પરમાત્માને બે હાથ જોડી દંડવત કરી (પ્રાર્થના) કરી અને પુજા કરી બહાર નીકળ્યાં.

વાંસવાડા (રાજસ્થાનમાં) ડુંગરોમાં ફળફળાદી ખાઈને ભોયરામાંથી પરમાત્માને બભભીડીને ઉંચકીને ગાડામાં સ્વયં સ્વરૂપ શ્રીજી ની પધરામણી કરી ઉપર સુકું - લીલું ઘાસ નાખ્યું છે. અને પછી ત્યાંથી નીકળ્યાં ધીરે - ધીરે રાજસ્થાનના જેતપુર ગામમાં ગાડું લઈને તેઓ પહોચ્યા તેજ ગામના એક પુરોહીત બ્રાહ્મણનો તેમને સંગાથ થયો અને તેઓએ પરમાત્માના સ્વયં સ્વરૂપની બધી વાત કરી. ત્યાંથી આગળ જતા (બ્રાહ્મણ) ના આગ્રહથી વાંકડિયા- ગડગામમાં શ્રીજી અને ગાડા સાથે તેઓ સાથે પુરોહિતે મીઠો આવકાર આપ્યો અને ગદાધરજીને પણ નાહીધોઈને ભગવાનની પ્રાર્થનામાં મસ્ત બન્યા એટલામાં પુરોહિત પણ ભારે લાલચું હોવાથી રાજાના દરબારમાં જઈને વાત કરી કે ઢીમાના એક બ્રાહ્મણ અને પટેલ વાંસવાડાથી ભગવાનનું ભવ્ય સ્વરૂપ લઈ જઈ રહ્યાં છે રાજા પણ ભગવાનનો ભારે ભક્ત હતો તેણે પુરોહિતને ઘરે જઈ અને અલૈકિક મુર્તિના દર્શન કરી ધન્ય બન્યા અને હવે આ મુર્તિને અહીંયાથી બીજે જવા ન કહ્યું આ દિવ્ય સ્વરૂપને અહીયા પધરાવીને પરમાત્માનું એક વિશાળ મંદિર બંધાવીશ તથા સુંદર સેવા પુજા અને વ્યવસ્થા કરીશ પરંતુ બંન્ને ભક્તો માન્યા નહિ તેઓએ બંન્નેએ પ્રાર્થના કરી અને કહ્યું કે હે પ્રભુ જગતના માલિક આ રાજાને સદબુધ્ધિ આપો હે ભગવાન રાત્રે રાજાને સ્વપ્નમાં પરમાત્મા શ્રી ધરણીધરજી ભગવાનના સાક્ષાત સ્વરૂપમાં આવ્યા અને આ દિવ્ય સ્વરૂપ ભક્તોને પાછું આપવાનું કહ્યુ રાજાએ સવારે પ્રધાન મંડળ બોલાવ્યું તથા બંન્ને ભક્તો હરખાઈ ગયા પરંતુ રાજાએ પરમાત્માની મુર્તિના વજનની ભારોભાર સોનું તોળવાનું કહ્યું અને સોનું (રાજાને) મને આપી દો અને (શ્રીજીને) તમે લઈ જાઓ આવું જયારે રાજા બોલ્યા ત્યારે બંન્ને ભક્તો વિચાર કરવા લાગ્યા અને ભગવાનને મનમાં પ્રાર્થના કરવા લાગ્યા હે ભગવાન જો તું અમને સ્વપ્ને આવ્યો હોય અને તારે ઢીમામાં આવીને વસવું હોય તો હે જગતના માલિક મડદ મુછાળા મોહન જો આટલું સોનું છે એમ કહીને રૂદાભાઈ પટેલના કાનમાંથી સોનાની નાની વાળી (ઠાંસીયો) કાઢીને જયાં ત્રાજવામાં મુકયો ત્યાં જ ત્રાજવું નીચું થઈ ગયું અને પરમાત્મા સોનાની વાળીથી તોળાઈ ગયાં અને તુલસીના પાંદડે પરમાત્મા તોળાઈ ગયા અને ગામ લોકો દ્વારા ભગવાનશ્રી ધરણીધરજીના પ્રતિષ્ઠા વિ.સં.૧૪૭૭ ને જેઠ સુદ અગિયારશ (નિર્જળા એકાદશી) મંગળવારના દિવસે થઈ. અને તાજેતરમાં તા.૩૦/૫/૨૦૧૭ જેઠ સુદ અગિયારશથી તા.૫/૬/૨૦૧૭ દરમિયાન ભવ્ય ધ્વજારોહણ અને શિખર પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો જેમાં લાખ્ખો શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા મિનિ અંબાજી ગણાતા ઉત્તર ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમામાં દર પુનમે લાખ્ખો શ્રધ્ધાળુઓ ઢીમામાં બિરાજમાનશ્રી ધરણીધર ભગવાનના દર્શનાર્થે આવે છે રાજસ્થાન, કચ્છ, કાઠિયાવાડ, મુંબઈ, અમદાવાદ, મહારાષ્ટ્ર, વડોદરા સહિત ભારતભરમાંથી યાત્રાધામ ઢીમામાં સ્થિત ધરણીધરજી ભગવાનના દર્શનાર્થે આવે છે. ભગવાનનો મંદિરની બાજુમાં જ શેષ - અવતાર શ્રી ઢીમણનાગજી મહારાજનું મંદિર આવેલું છે.

લોક - વાયકાઓ પ્રમાણે યાત્રાધામ ઢીમાનું નામ જ તેમના નામ પરથી પડયું હોવાનું મનાય છે. શ્રધ્ધાળુઓના શ્રધ્ધા વિશ્વાસ અને આસ્થાનો અદ્ભુત સમન્વય રચાય છે તેવા યાત્રાધામ ઢીમા ધરણીધર ધામના વિકાસને લઈને રાજય સરકાર કટિબંધ્ધ બને તે યાત્રાળુઓ માટે જરૂરી છે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રાધામ ઢીમાનો એક યાત્રાધામ તરીકે સમાવેશ કરવામાં આવે તો મિનિ દ્વારકા અને મિનિ શામળાજી પણ બને તો નવાઈ નહિ ભગવાન શ્રી ધરણીધરજી આપ સૌની મનોકામનોઓ પૂર્ણ કરે...જય ધરણીધર ભગવાન

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભક્તિને લગતાં સાહિત્યનાં અજવાળાં...

# સુવાક્યો

એક ચિત્રશબ્દો વગરનીફ લખાયેલી કવીતા જેવું છે.
બાળપણમાં કશુંક કરવાનો અને કશુંક બનવાનો સોનેરી સમય હોય છે.
એક ચિત્રશબ્દો વગરનીફ લખાયેલી કવીતા જેવું છે.
બાળપણમાં કશુંક કરવાનો અને કશુંક બનવાનો સોનેરી સમય હોય છે.
માનવીની સહુથી મોટો મિત્ર એની દસ આંગળીઓ છે.
સાદગી એ સફળતાનું સહુથી મોટું રહસ્ય છે.
ઘણા લોકો મોતથી એટલા બધા ડરી જાય છે કે એ લોકો જીંદગીની શરૂઆત જ નથી કરી શકતા.



**આરાધના** નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## શિક્ષણનો મુળ હેતુ 'જ્ઞાન' મેળવીને તેનું જીવનમાં અનુસરણ કરવાનો છે

આપણી પાસે ગમે તેટલું જ્ઞાન હોય પરંતુ ખરા સમયે તે યાદ ન આવે કે જીવનમાં અનુકરણીય ન થાય તો તે જ્ઞાન ભારરૂપ છે.

ચાર મીત્રો ગુરૂના આશ્રમમાં રહીને ખુબ જ ભણ્યા. અનેક પ્રકારની વિદ્યામાં પારંગત થઈને ઘર તરફ આવતા હતા. રસ્તામાં એક હાડપીંજર જોવા મળ્યું.

પહેલો મિત્ર કહે આ હાડપીંજર ખુંખાર વાઘનું છે. તેનું પ્રાણીશાસ્ત્રના શરીરનું જ્ઞાન તેણે પ્રગટ કર્યું.

બીજા કહે તેને હું મારી વિદ્યા વડે સજીવ કરી શકુ છું. ત્રીજાએ કહ્યું આવું હમણાં ના કરતો. કારણ કે જો એ ખરેખર વાઘ હશે અને જીવીત થશે તો આપણને જ ખાઈ જશે. પણ આ તો જીદ્દી હતો. તેને પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવાની તક જોઈતી હતી.તેણે કોઈનીય વાત માની નહીં. મંત્ર ફુંકીને તેણે હાડપીંજર ઉપર અંજલી ફેંકી. તેના જ્ઞાનના પ્રભાવથી તે હાડપીંજર કે જે વાઘનું હતું તે સજીવન થઈને તેમને જ મારવા માટે પંજો ઉંચો કરીને તેમની સામે આવી ગયું.

સદ્નસીબે ચોથો મિત્ર તે મારણ વિદ્યા પણ જાણતો હતો. તેથી તેણે કોઈ મિત્રનો વાઘ શિકાર કરી જાય તેના પહેલાં મંત્ર ભણીને અંજલી ફેંકી અને વાઘ પાછો હાડપીંજર થઈ ગયો.

આ રીતે જ્ઞાન મળે તો પણ તેનો કેવી રીતે જીવનમાં ઉપયોગ કરવો તે વાત આપણે સમજવી પડશે.

અત્યારે જ્ઞાન મેળવવા માટે આપણી પાસે ઘણી જ જોગવાઈ છે. સારાં પુસ્તકો, ટીવી, મોબાઈલ અને હવે તો ઈન્ટરનેટ સાથે જોડાણ કરીને દુનિયાભરની માહિતી ક્ષણ વારમાં મેળવી શકાય છે પરંતુ તે જ્ઞાન મેળવયા પછી આપણે તેનો ઉપયોગ કઈ રીતે કરીએ છીએ તે અગત્યનું છે.

પેલા મિત્રોની જેમ હાડપીંજરના વાઘને જીવીત કરવાની વાત અત્યારે વધારે સાબિત થાય છે. અનેક રીતે આ જ્ઞાનનો દુરૂપયોગ કરીને આપણે તે ખુંખાર વાઘને જીવીત કરીને આપણી જાતે જ શિકારીની સામે મોતનો કોળીયો બનવા જઈ રહ્યા છીએ.

આપણે જ્ઞાનનો સદઉપયોગ કરીએ.

આપણું શ્રેય તો ભલે કરીએ પરંતુ બીજાને તકલીફ ના પહોંચે તેનું ધ્યાન રાખીએ, કારણ કે છેવટે તો

અનુસંધાન પાના નં.૬ ઉપર

## પૃથકત્વેન તું યજજ્ઞાનં નાના ભાવાન્પૃથિગ્વિધાન્ ।
## વેત્તિસર્વેષુ ભુતેષુ તજજ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ।।

**અધ્યાત્મ** ૫૮૮ પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ

સાત્ત્વિક જ્ઞાન ઉર્ધ્વ ચૈતન્યથી જ પ્રાપ્ત થઈ શકે છે. સાધારણ મનોમય ચેતના એકત્વનું દર્શન કરી શકતી નથી. તે બહુત્વમાં, ભેદમાં, વિભાજનમાં વહેંચાયેલી હોય છે. ગીતા મનની સાધારણ વૃત્તિથી થતા જ્ઞાનને રાજસિક જ્ઞાન કહે છે.આગળના શ્લોકમાં સાત્વિક જ્ઞાનનું વર્ણન કર્યા બાદ હવે આ શ્લોકમાં 'રાજસ જ્ઞાન' નું વર્ણન કરતાં ભગવાન કહે છે કે :

**પૃથકત્વેન તું યજજ્ઞાનં નાના ભાવાન્પૃથિગ્વિધાન્ ।**
**વેત્તિસર્વેષુ ભુતેષુ તજજ્ઞાનં વિધ્ધિ રાજસમ્ ।। ૧૮-૨૧ ।।**

'પણ પરંતુ (તુ) જે જ્ઞાન (યત્ જ્ઞાનમ્) સઘળાં, સર્વ બધાં સૌ (સર્વેષુ)ભુતોમાં-પ્રાણીઓમાં જીવોમાં (ભુતેષુ) જુદા જુદા પ્રકારના જુદી જુદી જાતના વિભિન્ન (પૃથક વિધાન) અનેક ભાવોને અનેક પ્રકારની અવસ્થાઓને (નાના ભાવાન) ભિન્નતાને લીધે ભિન્ન ભાવે-ભેદભાવથી (પૃથક ત્વેન) જાણે છે. (વેત્તિ) તે જ્ઞાનને (તત્ જ્ઞાનમ) રાજસ રજોગુણી (રાજસમ્) જાણ. વિદ્ધિ.'

જે જ્ઞાનથી મનુષ્ય જુદાં જુદાં દેખાતાં સર્વ ભુતોમાં અનેક ભાવોને રહેલા જુએ છે. તે જ્ઞાનને 'રાજસ જ્ઞાન' કહે છે. રાજસ જ્ઞાનથી દરેક પ્રાણીમાં સુક્ષ્મથી સુક્ષ્મ ભેદ જણાય છે. એક જ વસ્તુમાં રાજસજ્ઞાનથી વિવિધ ભેદ દેખાવા લાગે છે અને તે પૃથક છેતેવો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એક જ માનવ જાતિમાં બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ વર્ણભેદ, બ્રહ્મચારી, ગૃહસ્થાદિ, આશ્રમભેદ,ધર્મભેદ, ભાષાભેદ, જ્ઞાતિભેદ, ચિન્હ ભેદ જેવા અનેક ભેદો પર દ્રષ્ટી રાખીને ભેદોને વધારી ભેદોની ભિન્નતાને ફેલાવીને જે ભેદની વૃદ્ધિ કરવામાં આવે છે તે રાજસજ્ઞાનથી થાય છે. રાજસદ્રષ્ટી સર્વત્ર ભેદ ઉભા કરે છે તેથી એકબીજા સાથે સંપ રહેવો અસંભવ બની જાય છે. રાજસ જ્ઞાનમાં 'રાગ' એટલે કે આસક્તિની મુખ્યતા હોય છે. ચૌદમા અધ્યાયના શ્લોક ૭ માં પણ કહ્યું છે કે, 'રજો રાગાત્મકં વિધ્ધિ' અર્થાત રજોગુણને તું રાગરૂપ જાણ' રાગનો એ નિયમ છે કે તેમાં કોઈના પ્રત્યે આસક્તિ પ્રિયતા પેદા કરે છે તો કોઈના પ્રત્યે દ્વેષ પેદા કરે છે. આ રાગના કારણે જ દેવતા, મનુષ્ય, પશુ પક્ષી, યક્ષ-રાક્ષસ, વૃક્ષ લતા વગેરે જેટલાં પણ ચર-અચર પ્રાણીછે એ પ્રાણીઓની વિભિન્ન આકૃતિ, સ્વભાવ, નામ, રૂપ, ગુણ વગેરેને લઈને 'રાજસ જ્ઞાન'વાળો મનુષ્ય એમાં રહેવાવાળા એક જ અવિનાશી આત્માને તત્વથી અલગ અલગ સમજે છે. શ્લોકમાં રહેલ 'તું પદ' રાજસજ્ઞાનને સાત્ત્વિક જ્ઞાનથી ભિન્ન બતાવવા માટે મુકયું છે.

રાજસજ્ઞાન વાળા લોકો સર્વત્ર ભિન્નતા જુએ છે. તત્વજ્ઞાનના ત્રણ પ્રકાર છે : ૧.વ્યક્તિ વિષયક તત્વ જ્ઞાન ૨. સમાજવિષયક તત્વજ્ઞાન અને ૩.પ્રભુવિષયક તત્વજ્ઞાન જ્યાં વ્યક્તિ વિષયક તત્વજ્ઞાન આવે ત્યાં ભિન્નતા આવવાની જ.વ્યક્તિ વિષયક તત્વજ્ઞાનમાં સમાજ અને પ્રભુ હોતા નથી. આજે તો વ્યક્તિ અને સમષ્ટી. આ બે જ વાતો ચાલે છે રાજસ માણસોનો ભોગ પણ વ્યક્તિ વિષયક હોય છે. તત્વ વેત્તાઓની ભાષામાં જ્ઞાનની આ બાલ્યાવસ્થા કહેવાય છે. જેમ બાલ્યાવસ્થામાં ઘણા દોષો થાય છે તેમ અહીં પણ જ્ઞાનની બાલ્યાવસ્થામાં ઘણા દોષો હોય છે. રાજસજ્ઞાન સંસારનું કારણ છે.રાજસજ્ઞાન એટલે પૃથકત્વનું જ્ઞાન. અયથાર્થ દર્શન વિવિધપણાનોભાવ,આવા જ્ઞાન વડે વ્યક્તિને પોતાના શરીરમાં રહેલ આત્મા તેમજ અન્યનો આત્મા અલગ અલગ લાગે છે. તેઓનું જ્ઞાન ભેદવાળું હોય છે. જેમ કે આત્માઓનો એકબીજાથી ભેદ, આત્માઓ ઈશ્વરથી અલગ છેએવો ભેદ આત્માઓ ચૈતન્ય છે, અન્ય પદાર્થો ચેતન છે, એવો ભેદ. અચેતન પદાર્થોનો પણ અંદર અંદરનો ભેદ. આમ જે જ્ઞાનથી મનુષ્ય અલગ અલગ શરીરોમાં અંત:કરણ સ્વભાવ, ઈન્દ્રીયો પ્રાણ વગેરે સંબંધથી પ્રાણીઓને પણ અલગ અલગ માને છે. તે જ્ઞાન 'રાજસ' કહેવાય છે. રાજસ જ્ઞાનમાં જડ, ચેતનનો વિવેક હોતો નથી. આ જે જ્ઞાન વડે મનુષ્ય પ્રત્યેક શરીરમાં રહેલા પોતાના આત્માથી બીજા આત્મા અલગ છે એમ જાણે છે તે જ્ઞાનને રજોગુણથી ઉત્પન્ન થયેલું જાણવાનું છે.

**જીવન દર્શન** ભગવાનદાસ બંધુ

## સંબંધોને આધારકાર્ડ સાથે લીંક કરતો મહત્વનો તહેવાર દીપાવલી અનેક આશા-અરમાનો સાથે જ આવે છે



પ્રતિવર્ષ એક નવી ઉજાસ લઈને આવે છે. ગઈકાલને ભુલવા અને આવતીકાલને સુધારવા માટે દીપાવલી-નૂતન વર્ષ એક મહામુલો અવસર છે. સંબંધોનો સરવાળો, સદ્ગુણોનો ગુણાકાર, ભુલોનો ભાગાકાર, બચેલા દુર્ગુણોની બાદબાકી કરીને નવા વર્ષમાં મગલ પ્રવેશ કરવાથી આનંદને આવકારો મળે છે. દરેક વર્ષ આવે છે, આપણને સૌને ખુશમિજાજ રાખવા માટે પરંતુ એ જીંદગીનું એક વર્ષ ઓછું પણ કરે છે. સંબંધ સુધારવા, સંબંધો ઉભા કરવા,સંબંધો રીન્યુ કરવા કે સંબંધોને આધારકાર્ડ સાથે લીંક કરવા માટે દીપોત્સવી એક મોંઘેરો અવસર છે. જીવન ભુલોથી ભરેલું છે, સંબંધો એટીએમ કાર્ડ જેવા છે. બેંકમાં જેટલું બેલેન્સ હોય તે પ્રમાણે જ ચેક પાસ થાય કે એ.ટી.એમ.માંથી રકમ મળે તે રીતે જ સંબંધોનું ભાથુ પણ જેટલું મજબુત હોય તે મુજબ જ આપણાં કામ થાય કે વ્યવહારો ચાલે છે.

અંધકારને વિદાય અને અજવાળાને આવકાર એટલે ભારતભૂમિનો અનેરો, રંગીલો, મોજીલી, મસ્તીનો અવસર દીપાવલી. દિપાવલીના તહેવારોમાં જાતજાતનાં અને ભાતભાતનાં આયોજનો થાય છે. થાક ઉતારવા અને જીવનને થનગનાટભર્યું કરવા માટે દિવાળીનો ઉત્સવ એક અજીબ પ્રકારની ભૂમિકા ભજવે છે. દીપાવલીનું મુલ્યાંકન દરેક વ્યક્તિ પોત પોતાની રીતે કરે છે અને પોતાની શક્તિ મુજબ સૌ એને ઉજવે છે. હિંદુ મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન એમ તમામ ધર્મોના લોકો દીપાવલીની મોજ માણે છે. હળવું, મળવું, ભેટવું, જુનું ભુલવું, હસવું, ખીલવું અને આનંદિત થવું એ દીપાવલી સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા ખુબ જ નજીકના શબ્દો છે. ગરીબ-તવંગર એમ સૌ કોઈ એક જુદા જ મિજાજથી દીપાવલીને આવકારે છે અને ઉજાસની મહાઅપેક્ષા સાથે ઉજવે છે. જગત પિતા પરમકૃપાળુ પરમાત્મા શ્રીરામચંદ્રજી ભગવાન લંકા ઉપર વિજય મેળવી રાવણને હરાવી અયોધ્યા પધાર્યા અને એ દિવસોમાં જે દિવાઓ પ્રગટાવવામાં આવ્યા તેને અનુલક્ષીને જ પ્રતિવર્ષ આપણે દીપાવલી ઉજવીએ છીએ.

વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, દીપાવલી, નૂતનવર્ષ, ભાઈબીજ, લાભપાંચમ અને કાર્તિક પૂનમ એમ ૧૯ દિવસ સુધી માત્ર નિજાનંદી અને પરમાનંદી બનીને મહાસુખની કલ્પનાઓ સાથે જીવવું એ જ પ્રત્યેક વ્યક્તિનું લક્ષ્ય હોય છે. ગમે તેવો ચમરબંધી દુશ્મન પણ સામે મળે તો ભેટવું કે રામ રામ કરવા અને વેરઝેર ભુલીને ભવિષ્ય ઉજ્જવળ બનાવવું એ દીપાવલી ની સૌથી મોટી પ્રેરણા છે. આખા વર્ષ દરમ્યાન હસ્યો ના હોય એ વ્યક્તિ પણ ધારે તો દિવાળીના દિવસે આનંદથી હસી શકે એટલી મોકળાશ આ તહેવારમાં છે.

આપણી ભવ્ય પરંપરાને નૈતિક જવાબદારી છે. જીંદગીના ઓછા થતા જતા વર્ષોમાં પણ જ્યારે દિવાળી આવે ત્યારે આપણો આનંદ બેવડાઈ જાય છે. અલગ અલગ પ્રકારનાં પૂજન, વિવિધ પ્રકારની વેશભુષા, નીતનવી મીઠાઈઓ, વિશિષ્ઠ પ્રવાસનાં આયોજન, આખાયે પરિવારનું સમુહમિલન, નવા વિચારોને આવકાર એમ સર્વ પ્રકારે દીપાવલીના તહેવારો જીવનમાં એક નવો સંદેશ લઈને આવે છે.

બાળપણમાં ઉજવેલી દિવાળી જેમ જેમ મોટા થતા જઈએ તેમ તેમ કયારેક ઉત્સાહ ઘટતો હોય તેવું લાગે છે છતાં પણ દીપાવલી અદ્ભુત આનંદ સાથે આપણા જીવનને એક નવી દિશા આપે છે. સમગ્ર જીવનને એક નવા મોડ ઉપર લઈ જવા માટે પણ દિવાળીની ખુબ જ મહત્વની ભૂમિકા છે.

દીપાવલીના દિવસોમાં નાનાં નાનાં બાળકોને ફટાકડા ફોડતાં કે આનંદ કિલ્લોલ કરતાં જોવાં એ એક અમૂલ્ય લ્હાવો છે. વડીલોને વંદન કરી પાયલાગણ કરી, નમસ્કાર કરી આશીર્વાદ લેવાનો એક વિશિષ્ઠ આનંદ આવે છે. સોશીયલ મીડીયાને લીધે ખુબ જ જરૂરી એવી માનવીય આત્મીયતામાં ઘટાડો આવ્યો છે.છતાં પણ મુળભુત પરંપરાઓ આજે પણ જીવંત છે તેનું ગર્વ છે. આજે ઘણી બધી બાબતોને આધારકાર્ડ સાથે લીંક કરવામાં આવી રહી છે

ત્યારે સંબંધોને પણ આધારકાર્ડ સાથે લીંક કરવાનો દીપાવલીનો આ અભૂતપુર્વ અવસર સૌની જીંદગીમાં એક નવો ઉજાસ લાવે તેવી સદ્ભાવના સાથે આપ સૌને પણ દીપાવલીના રામ રામ સાથે લાભપાંચમ આપ સૌ માટે લાભકારી બની રહે તેવી દિલથી શુભકામનાઓ..

**ભગવાનદાસ બંધુ**
**મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## જાગો લોકો રાજયના હટે કાળી રાત !
## થાય ઉજાસ સત્યનો, મંગળ થાય પ્રભાત !!

**ચિંતન** યશપાલસીહ ટી.વાઘેલા

આંખના પલકારામાં દિપોત્સવીનો ઝાકઝમાળનો તહેવાર મોંઘવારી, બેંકોની લાઈનો વચ્ચેય ઉત્સહ ઉમંગભેર ઉજવ્યો ને ૨૦૭૪ ના નવા વર્ષમાં સુર્ય કીરણોના વધામણાં યે કર્યા. ભાઈબીજની ઉજવણી મેળા, મેળાવડાથી કરી કાત્યોકનો સિદ્ધપુરનો મેળો તો આપણા પંથકમાં બહુ પ્રસિદ્ધ છે. ૨૦૭૪ ના નવા વર્ષની પ્રથમ ચિંતન રત્નકણીકાના આ મણકાની શરૂઆત કંઈક અલગ શબ્દોથી કરી કેમ ખરૂં ને ? યાર આ શરૂઆત પણ તમારા હૃદયની જ છે. સર્વેને નૂતન વર્ષાભિનંદનનું નવું વર્ષ ચૂંટણીઓના માહોલમાં શરૂ થશે. એટલે કે થયું છે. આજકાલ પ્રજાની ખબર અંતર શુભેચ્છા પાઠવનાર 'લોકસેવકો' બહોળી સંખ્યામાં જોવા મળશે. મીઠાઈના પેકેટ કે પાંચસો હજારના કવર મળે તો બહુ હરખાતા નહીં. પરિવાર કુટુંબ સાથે બહુ ખુલ્લા દિલથી એ મીઠાઈ-નાણાંનો ઉપયોગ કરી નાખજો.. ચૂંટણી ટાણે સમજ્યા વગરના મનદુ:ખ પરિવાર, કુટુંબમાં બીજા લોકો દિવાળી નહીં દિવાસળી ચાંપીને કરતા હોય છે ને પરિવાર કુટુંબમાં એવા સભ્યોને પકડે કે જેઓ મંથરાની ભૂમિકા ભજવવામાં બહુ માહેર હોય છે ને આવી મંથરાઓ સ્ત્રી પુરૂષ આત્મામાં ભટકતી ફરે છે. જે દિવાસળી ચાંપવામાં બહુ સફળ થઈ જાય છે. ગુજરાતમાં વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણી આ વખતે અગ્નિ પરીક્ષા જેવી રહેશે તેવું ભાજપ-કોંગ્રેસ બંને પક્ષ ગણત્રી કરી રહી છે. વિકાસના વાવાઝોડામાં કોનો કેટલો વિકાસ થયો ને પાંચ પચ્ચીસ વર્ષથી જ નહીં આઝાદીના બે પાંચ વર્ષ પછીથી પ્રજા જે રીતે રીબાઈ રહી છે તેનો સળવળાટ જોવા મળે છે. વિકાસના કાર્યોના ખાતમુહુર્ત તમારા ગામ, નગર, વિસ્તારના મહોલ્લા-પરામાં થતા હશે. લોકસેવકોને તેમના ચુસ્ત ચમચાચઓ થકી અગરબત્તીના ધુમાડાને દિવડા પ્રગટાવી તમારા હાથે તાળીઓ પડાવતા હશે. તમે ખુશ થઈને તાળીઓ પાડો કે ન પાડો તેઓ આવા ખાતમુહુર્ત ઉદ્ઘાટનથી ખુશ થાય છે ને તેમના ચમચાઓને ખુશ કરે છે તે વાત ચોક્કસ છે. વર્ષમાં પાંચ વાર એકના એક રોડ બને, શૌચાલયના બે પાંચ રોડા ઈંટને બે પાવડા રેત સીમેન્ટની થેલી પતરાં આપીને તમારા શૌચાલયના નાણાં હડપ કરી જાય, ખેતી, પશુપાલન, ગરીબ,બેકાર, રમત, ઉત્સવો, વિદ્યાર્થીઓ, વિધવા, ત્યકતા જેવા નામે લુંટાય તેવી રીતે લુંટી રહ્યા છે. આ તત્વોને તમારા પરસેવાની કમાણી ઉંચા ટેક્ષ, વેક્ષના નામે ઉઘરાણું કરીને મોંઘવારીના મારાથી પીડી રહ્યા છે કોણ બોલે ? બોલી તો જુઓ, ડીસા-જુનાગઢમાંથી બનાવટી ઘી પકડાય, મીઠાઈ, ફટાકડાની દુકાને 'દિવાળી' પર દરોડા પડે તો બહુ હરખાતા નહીં.આ ભ્રષ્ટ અધિકારીઓ દિવાળીનું પેકેટ નાનું પડતાં આ બધા નાટક થાય છે. ઉનાળામાં કાર્બાઈડયુકત કેરી અખાદ્ય કેરી રસ પર દરોડા વગેરે શું સુચવે છે ? આજે બારેમાસ ખુલ્લેઆમ જાહેરમાં દેશી-વિદેશી દારૂ, અફીણ, ગાંજોને ગુટકા તમાકુ ઠલવાઈ-વેચાઈ રહ્યા છે. લોકોને ઉલ્લુ બનાવવા હ્સો નહીં આપતાં કે કલર કે પાણીના ભરેલા શીશા, ખોખા બગડેલ તેમ પ્રિન્ટ-ઈલેકટ્રોનિક મીડીયામાં પ્રસિદ્ધિ કરાવે. કયાંય વરલી જુગાર, સટ્ટાના અડ્ડાઓ પકડતાં જોયા છે. તેમાંય તરકટ ચાલે ગામમાં ભિખારી મવાલી જેવા રોજીંદા પોલીસ સ્ટેશને ઉપયોગી થતા એવા બે પાંચ વ્યક્તિ ઉપર કેસ કરે ને તેમને જામીન પણ એટલે પ્રજા તંત્રમાં કયાં કેવું ચાલે છે તે આપણી સમક્ષ જ છે. હમણાં એક વ્યક્તિ મળ્યો જ જે નજીકના જ ગામડામાં રહેતો હતો. તેનું આ શહેરમાં કોઈ ઘર પોતાનું કે ભાડે નહોતું. છતાં તેના નામે શૌચાલય બન્યા ને તેના બીલ પણ મંજુર થયા. આ બાબતે મેં પુછયું ત્યારે તે કહે મને ખબર જ નથી. કોઈકે મારા નામનો દુરૂપયોગ કરીને આ કર્યું છે. આ તો ફકત ઉદાહરણ છે. દરેક ગામ-શહેરમાં આ કહેવાતા હિંદુરક્ષક લોકસેવકો શૌચાલય, સ્મશાન કફનના પૈસા ચાઉં કરી જાય તો બીજું કેવું કરે છે તે તો હું ને તમે નજરોનજર જોઈ રહ્યા છીએ પણ આ લુખ્ખા, અસામાજીક તત્વોનો વિરોધ તો કરી જુઓ. કેવી હાલત તમારીથાય છે ? એનડી ટીવીના રવિશકુમારને મળવાનું થયું ત્યારે એ સત્યનો ચિતાર રજુ કરે છે ત્યારે તેમની અને તેમના પરિવારની કેવી કફોડી હાલત છે તે જણાવ્યું હતું. આજે દિવાળીએ તમે જોતાં હશો કે ઉધઈના રાફડાની જેમ અધિકારીઓની માફક પત્રકારોએ નીકળી પડયા છે ને જાહેરાત કે અન્ય નામે ખુલ્લેઆમ ઉઘરાણું કરતાં નજરે પડે જેને જીંદગીમાં કયારે 'પત્રકાર' નો 'પ' લખ્યો નથી તેવા લોકો માઈક કલમના સહારે લોકશાહીની ચોથી જાગીરના નામને કલંકિત કરી રહ્યા છે. આવા લોકોને જાહેરમાં

અનુસંધાન પાના નં.૬ ઉપર

## 'જીવી જાવ મરી જાવ'

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

રાજાએ ચિઠ્ઠી ખોલી, તેમાં 'મરી જાવ' લખેલું હતું તેથી સ્પષ્ટ થયું કે નગરશેઠે લીધેલી ચિઠ્ઠીમાં 'જીવી જાવ' જ લખેલું હશે. મંત્રીશ્વર, નગરશેઠ અને અધિકારી સિવાય બીજા કોઈને કયાં સત્ય હકીકતની ખબર હતી ? પોતાની બુદ્ધિથી નગરશેઠ છુટી ગયા.. સભાનું પણ વિસર્જન થયું.

નગરશેઠ ઘણા ખુશ હતા. તો વળી મંત્રીશ્વર એટલા જ નારાજ હતા.કારણ કે નગરશેઠે પોતાની બુદ્ધિથી મંત્રીશ્વરની ચાલ સાવ નિષ્ફળ કરી નાખી હતી પણ મંત્રીશ્વરનો કાંટો તો ઉભો ને ઉભો જ રહ્યો ને ? જો હવે આ કાંટાનો ધ્વંસ ન થાય તો ભવિષ્યમાં આ નગરશેઠ તરફથી મને તકલીફ થવાની શકયતા ઉભી રહે અને કદાચ મારી પોલ ખુલ્લી કરી નાંખે તો.એવા વિચારોમાં મંત્રીશ્વરે બે ત્રણ દિવસ વીતાવ્યા તેટલામાં જ ફરીથી નગરશેઠ ઉપર ખોટો આરોપ મુકીને ખોટેખોટા આક્ષેપ કરીને રાજસભામાં લઈ આવ્યા. જોકે આ વખતે પણ તેમણે પુર્વની જેમ જ અધિકારી દ્વારાબંને ચીઠ્ઠીમાં 'મરી જાવ' એમ લખાવી જ દીધું હતું. સાથે સાથે મહારાજા સમરસેનને પણ તેમણે જણાવ્યું જ હતું કે, આવી રીતે ચિઠ્ઠી ગળવાથી શું મતલબ ? જે ચિઠ્ઠીમાં લખ્યું હોય તે સભા વચ્ચે વાંચી લેવાની.. મહારાજાએ પણ મંત્રીશ્વરની આ વાતમાં પોતાની સંમતિ આપી હતી.

રાજાએ ચિઠ્ઠી ખોલી, તેમાં 'મરી જાવ' લખેલું હતું તેથી સ્પષ્ટ થયું કે નગરશેઠે લીધેલી ચિઠ્ઠીમાં 'જીવી જાવ' જ લખેલું હશે. મંત્રીશ્વર, નગરશેઠ અને અધિકારી સિવાય બીજા કોઈને કયાં સત્ય હકીકતની ખબર હતી ? પોતાની બુદ્ધિથી નગરશેઠ છુટી ગયા.. સભાનું પણ વિસર્જન થયું.

નગરશેઠ ઘણા ખુશ હતા. તો વળી મંત્રીશ્વર એટલા જ નારાજ હતા.કારણ કે નગરશેઠે પોતાની બુદ્ધિથી મંત્રીશ્વરની ચાલ સાવ નિષ્ફળ કરી નાખી હતી પણ મંત્રીશ્વરનો કાંટો તો ઉભો ને ઉભો જ રહ્યો ને ? જો હવે આ કાંટાનો ધ્વંસ ન થાય તો ભવિષ્યમાં આ નગરશેઠ તરફથી મને તકલીફ થવાની શકયતા ઉભી રહે અને કદાચ મારી પોલ ખુલ્લી કરી નાંખે તો.એવા વિચારોમાં મંત્રીશ્વરે બે ત્રણ દિવસ વીતાવ્યા તેટલામાં જ ફરીથી નગરશેઠ ઉપર ખોટો આરોપ મુકીને ખોટેખોટા આક્ષેપ કરીને રાજસભામાં લઈ આવ્યા. જોકે આ વખતે પણ તેમણે પુર્વની જેમ જ અધિકારી દ્વારાબંને ચીઠ્ઠીમાં 'મરી જાવ' એમ લખાવી જ દીધું હતું. સાથે સાથે મહારાજા સમરસેનને પણ તેમણે જણાવ્યું જ હતું કે, આવી રીતે ચિઠ્ઠી ગળવાથી શું મતલબ ? જે ચિઠ્ઠીમાં લખ્યું હોય તે સભા વચ્ચે વાંચી લેવાની.. મહારાજાએ પણ મંત્રીશ્વરની આ વાતમાં પોતાની સંમતિ આપી હતી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## હે શંભુ બાબા ઝોલી ભર દો

**સૌરભ** બી.કે.નીતાબેન

"આજ તુજે કુછ દેને કે લીયે બઢે હે, પરમપિતા કે હાથ ભર લે ઝોલીતૂ રત્નો સે સદા રહેગી તેરે સાથ "

આપણે મંદિરમાં જઈને ભગવાન આગળ કહીએ છીએ."હે શંભુ બાબા ઝોલી ભર દો " પ્રભુ સ્વયંભુ નિરાકાર શિવ સર્વની ઝોલી ભરાવાવાળા છે.માટે જ તો આપણે ભગવાન પાસે જઈએ છીએ.ભગવાન આપણી ઝોળી ભરે છે.જરૂર પરંતુ આપણે એ પણ જાણવાની જરૂર છે કે શેનાથી ઝોળી ભરે છે ? આ ભરેલી ઝોળી ખાલી કોણ કરી દે છે ? કેવી રીતે ખાલી થઈ જાય છે.?અને ફરીથી ઈશ્વર આપણી ઝોળી ક્યારે ભરશે.આ સવાલોના જવાબ મેળવીએ તો જાણવા મળશે કે ખરેખર કંઈ ઝોળી ભરવાની છે.

ભગવાનની પાસે આપણે કાંઈ સ્થુળ ઝોળી લઈને જતા નથી.આપણી બુધ્ધીરૂપી ઝોળીને ભરવાની વાત છે.અને આ બુધ્ધીરૂપી ઝોળીમાં જ્ઞાન રત્નો ભરવાના છે.જ્ઞાન રત્નોથી ઝોળી ભરાશે તો આપણુ જીવન ધન્ય ધન્ય બની જશે.પરમપિતા પરમાત્મા વર્તમાન અતિ ધર્મગ્લાનીના સમયે આવીને આપણા સર્વ આત્માઓની બુધ્ધીરૂપી ઝોળી જ્ઞાન રત્નોથી ભરપુર કરે છે.જેથી જીવનમાં ગુણ શક્તિઓનો ખજાનો મળે છે.અને જીવન મુલ્યવાન બને છે.પરમપિતા પરમાત્માના હાથ આગળ વધ્યા છે.આપણી ઝોળી ભરવા માટે આપણે ઝોળીને ભરી લઈએ.

આપણે એક વાતનું ધ્યાન રાખવું પડશે કે ઝોળીમાં કાણું તો નથી.?જો ઝોળીમાં નાનું પણ કાણું હશે તો રત્નો વેરાઈ જશે.ઝોળીને બરાબર ચકાસીને પછી તેમાં રત્નો ભરો.નહી તો અમૂલ્ય રત્નો પણ વેરાઈ શકે છે.આપણી ઝોળી ખાલી થઈ જશે.બુધ્ધી રૂપી ઝોળીમાં કાણું કઈ રીતે પડે છે ? કપડાની ઝોળીનું કાણું તપાસીને **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## મોદીની ઓબીસી...

પાના નં .૧ ચાલુ

તમામ હોસ્ટેલમાં રેન વોટર હાર્વેસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવશે. આની સાથે સાથે ઉપયોગ નહીં થનાર પાણીને રિસાયકલ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. દિવ્યાંગો માટે વિશેષ પ્રકારના શૌચાલયો બનાવવામાં આવશે. નક્કી કરવામાં આવેલી સમય મર્યાદામાં હોસ્ટેલોના નિર્માણને પૂર્ણ કરવા માટે સરકારે નક્કી કર્યું છે કે, કન્સ્ટ્રક્શનનું કામ શરૂ થયાના એક વર્ષની અંદર જ બીજા હિસાબી રકમ પણ આપી દેવામાં આવશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પહેલા આ માર્ગદર્શિકા સપાટી ઉપર આવી છે. બંને રાજ્યોમાં ઓબીસી મતદારોની સંખ્યા ખુબ મોટી છે. ગુજરાતમાં ઓબીસી ૪૦ ટકા અને ૧૮૦ પૈકી ૭૦ બેઠકો ઉપર ચાવીરુપ ભૂમિકા અદા કરે છે. હિમાચલ પ્રદેશમાં પણ ઓબીસી વસતી ૧૫.૩ ટકા છે અને મતદારોની દ્રષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ છે.

## મતદારોને રિઝવવા..

પાના નં .૧ ચાલુ

લીફલેટ્સના કન્ટેન્ટ અને ડિઝાઈન પર કામ કરી રહી છે.' બીજા રાઉન્ડમાં જ્યારે પક્ષ તેના ઉમેદવારો જાહેર કરી દેશે ત્યારે પર્સનલ વિઝિટ્સ શરૂ થશે. આ બીજા રાઉન્ડમાં ઉમેદવારોના પ્રોફાઈલ અને માહિતીવાળા લીફલેટ્સ વહેંચવામાં આવશે. જેમાં ઉમેદવારને લગતી સઘળી માહિતી આવરી લેવાનો પ્રયત્ન કરાશે.

અમિત શાહ પણ સૌરાષ્ટ્રની મુલાકાતે ૩ દિવસ માટે આવશે. તેમની આ મુલાકાત દરમિયાન તેઓ ભાજપના કાર્યકર્તા અને ઉચ્ચ પદધારકોને મળશે. સૌરાષ્ટ્ર ભાજપના ગઢ સમાન રહ્યું છે પરંતુ પાટીદાર આંદોલન, નોટબંધી અને જીએસટીની સહિયારી અસરને દૂર કરવા માટે પાર્ટીના કાર્યકરો દિવસ-રાત પ્રયત્નો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૫માં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનને કારણે સ્થાનિક ચૂંટણીમાં ઘણી સીટો ગુમાવવી પડી હતી.

## રેસ્ટોરન્ટ અને..

પાના નં .૧ ચાલુ

રહી છે. ટુંક સમયમાં જ રાહત આપવામાં આવી શકે છે. નાના વેપારીઓ, મેન્યુફેક્ચર્સ અને હોટેલો માટે ફ્લેટ એક ટકા ટેક્સ તેમજ રેસ્ટોરન્ટમાં રેટમાં કાપની માંગ કરવામાં આવી છે.ય પાંચ રાજ્યોના નાણાં પ્રધાનોની પેનલે સુચન કર્યુ છે કે સ્ટેન્ડેલોન રેસ્ટોરન્ટ માટે ફ્લેટ ૧૨ ટકા જીએસટી રેટ માટે સુચન કર્યુ છે. એરકન્ડીશન્ડ હોય કે ન હોય તેમાં ૧૮ ટકા જીએસટી રેટ રાખવાની વાત થઇ રહી છે. હાલમાં મિડલ ક્લાસ દ્વારા જે રેસ્ટોરન્ટમાં ભોજન કરવામાં આવે છે તેમાં ૧૮ ટકા જીએસટી ટેક્સ છે. નવી સ્કીમ ચોક્કસ વર્ગને લાગુ થનાર છે. રૂપિયા ૨૦ લાખથી લઇને એક કરોડ સુધી વાર્ષિક ટર્ન ઓવર ધરાવતા કારોબારીઓ અને મેન્યુફેક્ચર્સને ફ્લેટ રેટ ટેક્સ લાગુ થનાર છે. રેસ્ટોરન્ટ અને કારોબારીઓ પર બોજને ઘટાડી દેવા દેવા માટેની વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે. વેપારીઓને પણ રાહત આપવાની હિલચાલ ચાલી રહી છે. આ તમામ સુચનના સંબંધમાં અંતિમ નિર્ણય જીએસટી કાઉન્સિલમાં લેવામાં આવનાર છે. કાઉન્સિલમાં કેન્દ્રિય અને રાજ્યોના નાણાંપ્રધાનો પણ સામેલ છે. આ બેઠક આગામી મહિનામાં મળનાર છે. નાના કારોબારીઓને વધુ રાહતની જાહેરાત હવે ટુંક સમયમાં કરવામાં આવનાર છે. છેલ્લા કેટલાક દિવસથી આને લઇને હિલચાલ ચાલી રહી છે.

## જીએસટી-નોટબંધી...

પાના નં .૧ ચાલુ

કરનાર છે. મોદી સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ પાર્ટી સંપૂર્ણપણે તૈયાર છે. આજે યોજાયેલી બેઠકમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ પણ સામેલ રહ્યા હતા. બંને નેતાઓએ નોટબંધી અને જીએસટી પર મોદી સરકારને ઘેરવાની રણનીતિ અસરકારક રહી છે. કોંગ્રસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું છે કે, નોટબંધી અને જીએસટીના લીધે દેશની અર્થવ્યવસ્થા પહેલાથી જ આઈસીયુમાં છે. નોટબંધીના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કોંગ્રેસ પાર્ટી દેશભરમાં વિરોધ પ્રદર્શન કરનાર છે. કોંગ્રેસના નેતૃત્વમાં દેશભરમાં કાર્યક્રમો થશે. કોંગ્રેસના વિરોધ પ્રદર્શનની થીમ એમએમડી એટલે મોદી મેડ ડિઝાસ્ટર રહેશે. સુત્રોનુ ંકહેવું છે કે, બેઠકના એજન્ડામાં ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીની રણનીતિ પણ હતી. ગુજરાતમાં પાટીદારની ભાજપને લઇને નારાજગી અને દલિત સમુદાયની નારાજગી મુશ્કેલરુપ સ્થિતિ સર્જી શકે છે. કોંગ્રેસ પાર્ટી હાર્દિક પટેલ, જિગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરના સમર્થનથી ખુશખુશાલ છે. બીજી બાજુ ભાજપ દ્વારા આની સામે રણનીતિ તૈયાર થઇ રહી છે. પાટીદાર નેતા હાર્દિક પટેલને કઇ રીતે પોતાની તરફેણમાં કરવામાં આવે તે બાબત કોંગ્રેસ માટે પડકાર સમાન છે. હાર્દિકે ૩જી નવેમ્બર સુધી વલણ સ્પષ્ટ કરવા કહેવામાં આવી ચુક્યું છે. કોંગ્રેસ માટે આ વખતે સ્થિતિ સાનુકુળ દેખાઈ રહી છે પરંતુ ભાજપ હજુ પણ આક્રમક રીતે આગળ વધવા માટે તૈયાર છે.

## સિવિલ શિશુ..

પાના નં .૧ ચાલુ

આજે સિવિલ હોસ્પિટલમાં જે વોર્ડમાં બાળકો દાખલ કરાયા હતા ત્યાં તેમ જ સિવિલ હોસ્પિટલના અન્ય સ્થળોએ તપાસ કરી સારવાર અને સાધનોના વ્યવસ્થાપનની પૂરતી તપાસ હાથ ધરી હતી. એટલું જ નહી, બનાવ વખતે ફરજ પર હાજર ડોકટરો અને નર્સોના નિવેદનો લઇ તેમની પૂછપરછ કરી સમગ્ર પ્રકરણમાં સાચી હકીકત જાણવાનો પ્રયાસ કર્યો હતો. સઘન તપાસ બાદ સમિતિએ પ્રાથમિક તપાસના અંતે સિવિલ હોસ્પિટલ અને તેના સત્તાધીશોને કલીનચિટ્ આપી હતી.

## વીડી અને જુનાડીસાને...

અનુસંધાન ૨ નુ ચાલુ..

વીડીના રહીશોને ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પરંતુ લોકજાગૃતિના પગલે થોડા દિવસો અગાઉ ફરી સરકારી તંત્રના સહયોગ વિના જાતે જ રસ્તો બનાવી વીડીના રહીશોએ સમસ્યાનો ઉકેલ આણ્યો છે. જેથી અત્યારે નદીના પટમાંથી ટુવ્હીલર અને થ્રી અને ફોર વ્હીલર સાધનો આરામથી ચાલી રહ્યા છે. પ્રજાજનોને રોજના અનેક કિલોમીટરનો આંટો ખાવો બચી ગયો છે.

## થરાદની દાંતીયા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

શાળાના શિક્ષકોએ સોમવારે થરાદ પોલીસમથકમાં આ અંગે લેખિત રજુઆતમાં જણાવ્યું હતુંકે શાળામાં વેકેશન હોવા છતાં પણ શાળાની ચકાસણી કરવા જતાં શાળાના રૂમોના તાળાં તુ?ટયાની જાણ થવા પામી હતી.આથી તપાસ કરતાં રૂપીયા ૩૫ હજારની કિંમતનાં કૉમ્પ્યુટર સેટ (પ્રિન્ટર, સીપીયુ, યુપીએસ) તથા પાણીની મોટરની ચોરી થવા પામી હતી. પોલીસે આ બનાવની વધુ કાર્યવાહી હાથ ધરી હતી. શિક્ષણજગતમાં આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

## માલસણ શાખાના...

પાના નં .૮ ચાલુ

કેનાલના અધિકારીઓ બારોબાર ચાઉ કરી દે. વધુમાં મુળજીભાઈ ગોહીલે મીડીયા સમક્ષ જણાવ્યું હતુ કે આજની તારીખમાં નર્મદા કેનાલનું જવાબદાર તંત્ર દરવાજા ચડાવાનું બહાનુ બતાવી રહ્યા છે. જો ખારીયા- ટોટાણાની મુખ્ય કેનાલોમાં સાફસફાઈ રીપેરીંગ થઈ શકતું હોય તો વાવ પંથકની કેનાલો રીપેરીંગ કરવામાં કયો ગ્રહ નડે છે? નર્મદા કેનાલનું જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી આજદિન સુધી કેનાલોમાં પાણી ન છોડી આ વિસ્તારના ખેડુતોને પીયતથી વંચિત રખાયા છે. નર્મદા કેનાલમાં પડતા ગાબડા અને ગેરરીતિઓના મુદ્દે સીબીઆઈ દ્વારા સાચી તપાસ હાથ ધરવામાં આવે તો કેટલાય નર્મદા શાખાના અધિકારીઓ ના.કા.ઈજનેરો, સુપરવાઈઝરો અને કોન્ટ્રાક્ટરોને જેલના સળિયા પાછળ હવા ખાવાનો વારો આવી શકે છે પરંતુ આ બાબતે તપાસ કેમ થતી નથી? આ પાછળ કયું પરિબળ ભાગ ભજવી રહ્યું છે? તેવા વેધક સવાલો કર્યા હતા.

## થરાદના ભોરોલ તીર્થમાં ...

પાના નં .૮ ચાલુ

સરપંચ,માજીસરપંચ,યુવાનો અને આગેવાનોની બેઠક મળી હતી.જેમાં દારૂને ગામવટો આપવાનો અને પ્રજાજનોને તેનો અમલ કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.મિટીંગમાં ગામમાં કોઇ પ્રકારનો દેશી વિદેશી દારૂ લાવવા વેચવા પર પ્રતિબંધ ફરમાવી ગામનો કોઇ પરિવાર આવી અસામાજીક પ્રવૃતી સાથે સંકળાયેલ હોય તો જ્ઞાતિ મહોલ્લામાં દારૂનુ વેચાણ કરનાર પરિવારના વડીલને તેને દારૂ ન વેચવા સમજાવવા છતાં પણ ન માને તો ગામના આગેવાનો સાથે મળીને વેચનાર પાસેથી ૨૧ હજાર તથા પીધેલો પકડાય તો નો દંડ વસુલ કરવાનો સામૂહિક નિર્ણય કરવામાં આવ્યો હતો.

તદુપરાંત દારૂની બદીને જડમુળથી ડામવા માટે અસરકારક શિક્ષાના ભાગરૂપે આવા વ્યક્તિઓના કોઇએ જામીન પણ થવું નહી અને દુકાનદારોએ કોઇ ચીજવસ્તુ ન આપવી કે અનાજની ઘંટી પર દળણુ પણ નહી દળી આપવાની કડક જોગવાઇ પણ કરવામાં આવી હતી.સાથે સાથે આજુબાજુના ગામમાંથી પણ જો કોઇ તેમના ગામમાં દારૂ આપેતો આવા વ્યક્તિ સામે ભોરોલ ગામે સામુહિક રજુઆત કરી પોલીસ કાર્યવાહી કરાવવાનો પણ નિર્ણય કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે રજવાડા વખતમાં સ્ટેટ તરીકે ઓળખાતું ભોરોલ વર્તમાન સમયમાં જૈનતીર્થક્ષેત્ર તરીકેની પણ ભારતભરમાં પ્રખ્યાતિ ધરાવે છે. ત્યારે ભોરોલના ગ્રામજનોનો આ નિર્ણય અન્ય ગામોના લોકો માટે પણ ઉદાહરણરૂપ બનવા પામ્યો હતો.

## નેનાવા નજીક ટ્રકમાં ...

પાના નં .૮ ચાલુ

બોર્ડરની ચેક પોસ્ટ ઉપર સઘન વાહન ચેકીંગ કરવા અને દારૂના કેશો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ છે. જે આધારે ગતરોજ આર.કે. પાઠક (પોલીસ ઈન્સપેક્ટર ધાનેરા), એન.સી. ચૌહાણ (પો.સ.ઈ ધાનેરા) તથા ભેમજીભાઈ ધનરાજભાઈ, હરેશભાઈ ભીખાભાઈ, પ્રકાશભાઈ ભીખાભાઈ, જબ્બરસીંગ હુકમસીંગ, અરજણાજી સ્વરૂપાજી, પ્રધાનજી ધારસીજી, વિજયસિંહ સોમસિંહ, ઈશ્વરભાઈ હરસીંગાભાઈ તથા રમેશભાઈ કચરાભાઈ વગેરે પો.સ્ટાફના માણસો સાથે નેનાવા ચેકપોસ્ટ પર સઘન વાહન ચેકીંગ હાથ ધર્યું હતુ અને બાતમી આધારિત નાકાબંધી કરી હતી. જે દરમિયાન ટાટા ગાડીની અંદર સંતરા (માલ્ટા) ના કટ્ટા નીચે સંતાડેલ પરપ્રાંતિય વિદેશી દારૂની પેટી નંગ-૩૫૦ બોટલ નંગ- ૪૨૦૦ કિ.રૂા. ૧૯,૬૮,૦૦૦/- તથા કિંમત રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની ગાડી તેમજ મોબાઈલ નંગ- ૨ કિ.રૂા. ૧૦૦૦/- ના મળી કુલ ૨૯,૬૯,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ટ્રક ગાડીના ચાલક મનપ્રીતસિંગ ગુરૂચરણસીંગ ગુરૂદતસીંગ શીખ (મજબી) રહે. સંગત કલન તા. સંગત મંડી જી.ભટીંડા (પંજાબ) તથા ખુશપ્રીતસિંગ પરસોતમસીંગ ભુરાસીંગ શીખ (મિસ્ત્રી) રહે. બાબા ફરીદનગર ૫/૨ બી. બીબીવાલા ચોક ભટીંડા તા. જિ.ભટીંડા (પંજાબ) વાળાઓને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસામાંથી ૨૦...

પાના નં .૮ ચાલુ

(ઉ.ફે.કે.કે) જેણે ડીસાના સરગમ બંગ્લોઝ ખાતે રહેતા નલીન દ્વારકાદાસ પટેલ પાસે રૂપિયા ૨૦ લાખની ખડણી માગતાં નલીન પટેલે ડીસા ઉત્તર પોલીસે આરોપી કિશોર કાંતીલાલ લુહાર (ઉર્ફે . કે.કે)ને તા.૨૬-૧૦-૧૭નાં રોજ ઝડપી પાડી જેલ ના હવાલે કર્યો હતો. ત્યારબાદ નામ દાર કોર્ટમાં રજુ કરાતા નામ દાર કોર્ટ આ આરોપીને ૩ દિવ,નાં રીમાન્ડ મજુર કરતા પોલીસે આરોપીને ઝેલ હવાલે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : .......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ..........................................................
મોકલનારની સહી : ..............................................

## સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

સીવી શકાય છે.બુધ્ધીરૂપી ઝોળીમાં પડેલ કાણું કેવી રીતે પુરવું ?

આપણે જેવી વસ્તુ લઈએ છીએ ત્યારે લેવાની પધ્ધતી અલગ અલગ હોય છે.પાણી લેતા હોઈએ ત્યારે થોડુંક ઢળી પણ જાય તો વાંધો નહી પાણી જ છે ને ? દૂધ હાથમાં લઈએ... ત્યારે કેટલુ ધ્યાન રાખીએ છીએ.પાણીથી તો વધારે ખરું જ.અને ઘી નો ગ્લાસ લઈને જઈએ ત્યારે વધારે ધ્યાન રાખીએ છીએ અને આ તો રત્નો છે.રત્નોને લેવા માટે આપણી ઝોળી કેવી મજબુત જોઈએ.અમૂલ્ય ચીજ કઈ રીતે લઈ જઈએ છીએ.હીરા, મોતી, રત્નો, સોનાની ચીજને કેટલી સાવધાનીથી લઈ જઈએ છીએ.માત્ર થેલીઓમાં નથી મુકતા ૧, ૨, ૩ પેકીંગ કર્યા પછી તેને સાચવીને લઈ જઈએ છીએ.

વર્તમાન સમયે આપણા સહુના પરમપિતા પરમાત્મા ધરા પર આવીને જ્ઞાન રત્નો લુટાવી રહ્યા છે.આપણે આપણા જીવનને અમુલ્ય બનાવવું હોય તો આ અમુલ્ય રત્નોને સાચવી લઈએ.નહી તો રત્નો વેરાઈ જશે.એક એક રતન લાખોના છે, પરમાત્મા અનાગર છે.આપણે એવું સાંભળતા આવ્યા હતા.

હીરા સમાન જીવન એટલે ગુણો અને શક્તિઓથી ભુરપૂર.અને જે આવા ગુણવાન વ્યક્તિના અંગમાં આવે તે પણ ગુણોથી પ્રભાવિત થઈને ગુણવાન જીવન જીવવાનું પસંદ કરે છે.

વર્તમાન સમયે આપણા પિતા આપણી ઝોળીને રત્નોથી, વરદાનોથી ભરપૂર કરવા આવ્યા છે, ગુણ, શક્તિઓના ખજાનાથી આપણને પણ ભરપૂર કરવા આવ્યા છે પછી આપણે જનમ જનમ કરેલી અરજીઓની હવે સુનાવણી થઈ છે.આપણી અરજી પાકી છે.હવે આપણે આપણી ઝોળીને ફેલાવી અવિનાશી, વરદાનો, રત્નોને પોતાની પાસે ભરવાનાં છે ભૌતિક, ધન, રત્નો સાથે આવશે નહી.અને પરમાત્માએ આપેલા રત્નો સદા સાથે રહેશે.અવિનાસી અનમોલ ખજાનાથી સ્વયંમા ભરપુર કરીએ.સમય ચાલ્યો જેશે. પછી વરદાનો લેવા આવીશું તો ઝોળી ખાલી લઈને પાછા ફરવું પડશે.પરમાત્માના હાથ આપણી તરફ આગળ વધ્યા છે.દાતાનો હાથ વરદાની બનીને આગળ વધ્યા છે.આપણે આપણી બુધ્ધીરૂપી ઝોળીની ખૂબ મજબુત અને વધુ ફેલાવી રાખીએ. જેટલાં વરદાનો લઈ સકાય એટલા લઈ લઈએ.

**બી.કે. નીતાબેન**

## શ્રધ્ધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

અલ્પ સમયમાં જ ફરી વાર રાજસભામાં ગુનેગાર તરીકે નગરશેઠને જોઈને રાજાજી ઉકળી પડયા : કેમ શેઠજી ! હમણાં હમણાં તમારો લોભ ઘણો વધી ગયો લાગે છે.. થોડા જ દિવસોમાં તમે ફરીથી પકડાયા છો. પહેલી વાર તો તમે ભાગ્યના કારણે છુટી ગયા પણ હવે મને લાગે છે કે આ વખતે તમે નહીં છુટી શકો. ઉઠાવો ચિઠ્ઠી એટલે ખબર પડે તમારૂં ભાગ્ય કેટલું બળવાન છે ? હા પણ આ વખતે ધ્યાન રાખજો. પહેલાની જેમ ચિઠ્ઠી ગળી ના જતા. નહીંતર બરાબરનો દંડ કરીશ. ચાલો તમારા ભાગ્યનાં દર્શન કરાવો. એક વખત તો છોડયા પણ હવે તેમને બતાવી દેવું પડશે. અમે પણ કાંઈ કમ નથી..

સાચી વાત છે મહારાજ ! આપ માનો છો એવું જ છે. આ વખતે હું નહીં છુટી શકું.. આપના મંત્રીઓ અને અધિકારીઓ લાલચુ થઈ ગયા હોય, ફુટી ગયા હોય, ધન માટે અનીતિ કરવા પણ તૈયાર હોય તો મારા જેવા સત્યવાદીઓ કયાંથી છુટી શકે ?

રાજા એકદમ આશ્ચર્યથી જોવા લાગ્યા તો વળી મંત્રીશ્વર અને અધિકારી એકદમ ગુસ્સાભરી નજરે નગરશેઠની સામે જોવા લાગ્યા, તમે શું કહેવા માગો છો ? જરા સ્પષ્ટતાથી વાત કરો મને તમારી વાતમાં કંઈ ખબર ન પડી.. રાજાજી બોલ્યા.

હું એટલું જ કહેવા માગું છું કે જો આજે હું ચિઠ્ઠી ખોલીશ તો તેમાં 'મરી જાવ' એમ જ લખેલું હશે..દુર બેસેલા મંત્રીશ્વર અને અધિકારીની નજર શરમથી નીચી થઈ ગઈ.પણ તમારૂં ભાગ્ય તમને..મને સાથ આપવાનું જ નથી.. અધવચ્ચે જ નગરશેઠ બોલી ગયા.. બંનેય ચિઠ્ઠીમાં મંત્રીશ્વરે અધિકારીને ફોડીને 'મરી જાવ' એમ જ લખાવ્યું હોય તો મારૂં ભાગ્ય મને કયાંથી સાથ આપે ? આપ ચિઠ્ઠી ખોલીને જુઓ તો ખરા તેમાં શું લખેલું છે ?

અધિકારી દ્વારા લખાયેલી બેય ચિઠ્ઠી રાજાએ જોઈ અને ખરેખર નગરશેઠે જે કહ્યું હતું તેવું જ થયું. બંનેય ચિઠ્ઠીમાં 'મરી જાવ' એવું લખેલું હતું. મહારાજા સમરસેને ગુસ્સાભરી નજરે અધિકારીની સામે જોયું. અધિકારી તો થરથર ધ્રુજવા લાગ્યો. જાણે તેના પગ નીચે ધરતીકંપ થતો હોય, મને માફ કરો, માફ કરો મહારાજ.. આમાં મારી કાંઈ ભુલ નથી. પ્રધાનમંત્રીએ મને કહ્યું હતું એટલે મેં આમ કર્યું.. હવે તો હું આવી ભુલ કયારેય નહીં કરૂં.. માફ કરો આપ મને માફ કરો.. કાકલુદી કરતાં અધિકારીએ કહ્યું.

ધીરે ધીરે રાજાજીને પોતાની નફરતભરી નજર પ્રધાનમંત્રી તરફ ફેરવી પણ શરમના કારણે અત્યાર સુધી મંત્રીશ્વર નીચે જ જોયા કરતા હતા. ઉંચું જોવાની તેમની શક્તિ જ કયાં હતી ? હવે નગરશેઠને બદલો વાળવાનો બરાબરનો સમય મળ્યો હતો પણ ના ! તેઓ મંત્રીશ્વરને પાઠ ભણાવવા ચોક્કસ ઈચ્છતા હતા. તેમણે કહ્યું, રાજાજી આપને ખ્યાલ હોય તો પહેલાં મને મારવા માટે મંત્રીશ્વરે આ જ કીમીયો વાપર્યો હતો. પણ મેં એ વખતે બુધ્ધિ વાપરી ચાલાકીપુર્વક હું ચિઠ્ઠી ગળી ગયો. જેથી બે કામ એકસાથે થઈ ગયા. સાપ પણ મર્યો નહીં ને લાઠી તુટી પણ નહીં. હું પણ બચી ગયો ને મંત્રીશ્વર પણ ફસાયા નહીં. જો એ વખતે મારી ચીઠ્ઠીમાં 'જીવી જાવ' એમ જલખેલું હોત તો હું શા માટે એ ચિઠ્ઠી ગળી જાઉં? પણ મારેય કલંક વહોરવું ન હતું અને મંત્રીશ્વરને ફસાવવા દેવા ન હતા. એટલે હું ગળ ગયો. હવે તો હદ થઈ બીજી વખત પણ મંત્રીશ્વરે મારા ઉપર ખોટો આરોપ મુકયો એટલે મારે રહસ્યનો ઘટસ્ફોટ કરવો પડયો. છેલ્લેહું આપને એટલો જ અનુરોધ કરૂં છું કે આપ મંત્રીશ્વર અને અધિકારીને વધારે પડતો દંડ ન કરશો. અને આ સમસ્યાનું મુળ ચિઠ્ઠીથી થતા નિર્ણયને આપ બદલો તો વધારે સારૂં..રાજા સમરસેને નગરશેઠની વાતનેમાન્ય આપ્યુ. મંત્રીશ્વર અને અધિકારીને ખાસ દંડ તો ન કર્યો પણ ભવિષ્યમાં કોઈ અનીતિ ન કરે તેથી તેમને પદભ્રષ્ટ કર્યો અને આ ચિઠ્ઠી પ્રથા બંધ કરી.. **મુનિ રાજસુંદર વિજય**

## આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

આપણે બધા એકબીજાને સહારે જ જીવન જીવવાનું છે.

પરિવાર, મિત્રો, પાડોશીઓ તથા આપણી સામે આવતાં અનેક વ્યક્તિઓ, પદાર્થો અને સમગ્ર પર્યાવરણને સાચવીને જ આપણે સુરક્ષિત રહી શકીશું તેવી ભાવના કેળવીને આપણા જ્ઞાનનો જીવનમાં જ્યારે જ્યાં પણ જરૂર પડે ત્યાં સદ્‌ઉપયોગ કરીએ.જીવો અને જીવવા દો, અન્યને પણ સારી રીતે વિકસાવશે. જ્ઞાન તો પ્રકાશપુંજ છે, તેના સહારે સાચો માર્ગ પસંદ કરીને આગળ વધવા આપણને પરમ પિતા પરમાત્મા સદ્‌બુધ્ધિ આપે એ જ અભ્યર્થના.. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

ગામ નગરના ચોકમાં ઉભા રાખીને ખુલ્લા પાડવા જોઈએ. પત્રકાર પ્રિન્ટ, ઈલેકટ્રોનિક મીડીયાનો હોય તે લોકશાહી પ્રજા વિસ્તારનો રક્ષક છે ને તેને રાજકીય પક્ષ-સરકારી અધિકારીઓ કે અન્ય બદી રૂપ બાબતોને ખુલ્લી પાડી પ્રજા સમક્ષ મુકી તેનો સાચો ધર્મ બજાવવો જોઈએ પણ આજે શું જોવા મળે છે ? ? ગુજરાત-હિમાચલ પ્રદેશની વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણી એક સાથે થઈ હતી પણ નોટબંધી-જીએસટી પછી પ્રજાના રોષને લઈ ભાજપ શાસિત ગુજરાત વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર ચુંટણી પંચે ન કરતાં વિવાદને ચર્ચાનો વિષય બન્યું છે એ પબ્લીક હૈ સબ જાનતી હૈ મગર કુછ બોલ નહીં શકતી જેવી સ્થિતિ છે. ગુજરાત -હિમાચલ પ્રદેશની ચૂંટણી એ ચૂંટણી પંચની તટસ્થતા સામે પણ પ્રજામાં વિહવળતા પેદા કરી છે તમે વિશ્વાસ કરો કોના પર આ ખરેખર લોકશાહી છે? છગનભાઈ પોતાના છોકરાને જ કલીનચીટ આપે ત્યારે ખરેખર હવે તમે શું કહો ? આજે ચારેબાજુ જે પ્રક્રિયા ચાલી રહી છે તે જોઈ પ્રામાણિક સાચા વ્યક્તિ માટે 'મૌન' રહેવું જ સારૂં છે. તેવી સ્થિતિ જોવા મળે છે. ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારોમાં પશ્ચિમ વિસ્તારમાં બેંકોમાં ૮મી નવે. ૨૦૧૬ ની નોટબંધી પછી લાઈનો લાગતી હતી તેવી લાગી રહી છે. લોકો વરસાદ કે પૂરથી નુકશાન થયું નથી છતાં પોતાના ખાતામાં 'ચૂંટણી દેવી' ને ધ્યાનમાં રાખીને જમા થયેલા પૈસા ઉપાડવા તલપાપડ બન્યા છે. અમારા આ જિલ્લામાં કરોડપતિઓ, નોકરીયાતનું ગામ અંત્યોદય કક્ષામા સમાવેશ થયું. જેમાં પુર, વરસાદની કોઈ અસર નથી થઈ છતાં તમામને કેશડોલ્સને જમીન, પાક ધોવાણના પૈસા મળવાના ચાલુ થયા. જ્યારે અસરગ્રસ્તો તડપી રહ્યા છે. આ લોકશાહી છે. આ બધા તમારા હૃદય મનના વિચારો છે. હું તો મારી કલમ દ્વારા નાનકડી ચિંતન ચિનગારી પ્રગટાવી દિવ્ય જયોત પ્રગટાવવા જ પ્રયત્ન કરીશું. નવા વર્ષના વધામણા કરી ચૂકયા છીએ.વાચક મિત્રો ભય, ભુખ, ભ્રષ્ટાચાર, મોંઘવારી, ભેળસેળ, નકલખોરી, કેફી પદાર્થોનું વેચાણ કરતી બદીઓ, બેફામ વધી રહી છે. જીસ કે હાથમાં લાઠી ઉસ કી ભેંસ જેવી હાલત આજે ભારત માતા અને તેના સંતાનોની છે. આ કહેવાતા લોકસેવકોની નસમાં તેઓના વશમાં હોય તો આ લોહી કઢાવીને વિદેશી કરાવી નાખે તેમ છે. આપણે જ ટેક્ષ, વેટ, બેટની થપ્પડો ખાધે રાખવાની છે. ચૂંટણીઓ આવે છે એટલે કેશલેસને નોટબંધીનું તરકટ ઢીલું પડયું છે. ગુજરાતમાં જો સ્પષ્ટ બહુમતી મળ ગઈ તો પછી પ્રજાને વિસ્તારની હાલત જો જો ખબર પડશે. કોઈપણ રાજકીય પક્ષ હોય તે પોતાની ખીચડી પકવવા જ પ્રયત્ન કરે છે. સ્પષ્ટ બહુમતીમાં વિરોધ પક્ષની ભૂમિકા નબળી બની જાય છે. એટલે 'લોકશાહી' ?? શાસક પક્ષ જેટલો જ વિરોધ પક્ષ મજબુત બને ને પ્રજા, પ્રેસ, પોલીસ ખરેખર લોકશાહીની વ્યાખ્યા સમજે ને જાગૃત બને તો જ આ કહેવાતા લોકસેવકોને તમને 'સ્ટીલ'ના સહયોગીઓની આંખ ખુલશે. બાકી તો પાછા રીબાવવાનું જ છે. બુમાબુમ ખોટી પાડો કે ન પાડો.. આવા સમયે જાગૃત બનો ને રાજય-દેશ બચાવો તમામ વાચક ચાહક, શુભેચ્છક, હિતચિંતક સૌ કોઈને ૨૦૭૪ ના નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવું છું.. ભારત માતા કી જય.. અસ્તુ..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૦૦૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૨૫૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૧૧૦૦
ભીંડા ૪૦૦-૫૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

## પાટણ જિલ્લા માહિતી કાર્યાલય ખાતે કલેક્ટરના હસ્તે મીડિયા સેન્ટરનું ઉદઘાટન


રાજુભાઈ ઠક્કર

જિ.પ્રતિ પાટણ તા.૩૦/૧૦/૧૭ ને સાંજે ૪/૧૦ કલાકે પાટણ જિલ્લા માહિતી કચેરી ખાતે ચૂંટણી અધિકારી વ કલેકટર આનંદ પટેલના શુભ હસ્તે મીડિયા સેન્ટરનું રીબીન કાપી ઉદઘાટન કરાયું બાદમાં પ્રેસ કોન્ફરન્સમાં ચુંટણી અંગેની માહિતી આપી સુચનો મેળવ્યાં તથા (વી.વી.પેટ) મશીન અંગે પત્રકારો પાસે મતદાન કરવા અંગેની પેકટીકલી તેમજ પટીકો ચર્ચા દરમ્યાન જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં પાટણ પ્રાત અધિકારી દલપતભાઈ બી.ટાંક, નાયબ માહિતી નિયામક શ્રીમતી કાન્તાબેન એસ.પટેલ, સહાયક નિયામક ભરતભાઈ રાવલ, સીનીયર સબ એડીટર ડી.પી. પટેલ, વોઢેરભાઈ તેમજ પત્રકારોમાં રાજુભાઈ એ.ઠાકોર (રખેવાળ) ખેંગાર યોગી (લોકપ્રભાત) અશ્વિનમામા જનકભાઈ રાવલ (દિવ્ય ભાસકર) વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

## હિંમતનગર મદ્રેસા હાઈસ્કુલ ખાતે પટણી સુન્ની જમાત કોમ બહાવીરનો સમુહ લગ્નોત્સવ યોજાયો

**૬૧ નવદંપતી નિકાહના પવિત્ર બંધનથી જોડાયા**



હિંમતનગર

પટણી સુન્ની જમાત કૌમે બવાહીર, હિંમતનગર દ્વારા ૭૫ મા સમુહલગ્નોત્સવનું સુંદર આયોજન મદ્રેસા હાઈસ્કુલ કેમ્પસમાં કરવામાં આવ્યું. જે ૧૯૭૨ માં ગુજરાતમાં પ્રથમ સમુહલગ્નનો ચીલો આ સમાજે પાડ્યો. આ સમુહલગ્નમાં કુલ ૬૧ જોડાઓ નિકાહના પવિત્ર બંધનથી જોડાયા હતા. દુલ્હાઓને આશીર્વાદ આપવા માટે ગામ- પરગામના મહેમાનો, સરકારી અધિકારીઓ, નગરપાલિકાના પ્રમુખ નીલાબેન તથા કમિટિના પ્રમુખ, સીનીયર સીટીઝનના પ્રમુખ શંકરભાઈ પટેલ (સી.ટી.કેબલના સંચાલક), મંત્રી ગીરીશભાઈ ત્રિવેદી, ગુજરાત પટણી સુન્ની જમાત ફેડરેશનના પ્રમુખ સિદ્દિકભાઈ મેઘરજી તથા યુસુફભાઈ મેઘરજી, અશરફનગર છાપરીયાના પ્રમુખ, મનસુરી સમાજના પ્રમુખ, વેલ્ફેર કમિટીના પ્રમુખ, કોર્પોરેટરો, ધારાસભ્ય રાજુભાઈ ચાવડાએ હાજરી આપી હતી. ખાસ હઝરત સુબ્હાની મિયાં કચ્છોછવી તથા હઝરત સૈયદ જાવેદમીયાં અલ્વી સાહેબે દુલ્હા- દુલ્હનો , સમાજ અને દેશ માટે તંદુરસ્તી સાથે તરક્કીની દુઆ માંગી હતી. આ સમારંભને સફળ બનાવવા કન્વીનર ખલીલ અહમદ ડોઈ, સેક્રેટરી ઈમ્તીયાઝ લાલા, પ્રમુખ મો.ઈકબાલ મુતવલ્લી તથા કારોબારી સભ્યોએ સુંદર આયોજન કર્યું હતું.

## વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| એરંડા | ૮૭૭-૮૮૩ |
| રાયડો | ૬૪૫-૬૫૧ |
| બાજરી | ૨૪૫-૨૬૨ |
| રાજગરો | ૭૩૦-૭૮૧ |
| મગફળી | ૬૬૧-૮૦૧ |
| ગવાર | ૬૨૮-૬૭૩ |
| મગ | ૬૦૧-૭૭૭ |
| અડદ | ૬૦૦-૭૯૧ |
| તલ | ૧૨૬૧-૧૩૦૦ |

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૮૬૫-૮૭૭ |
| રાયડો | ૬૩૧-૬૩૫ |
| બાજરી | ૨૩૪-૨૪૩ |
| ઘઉં | ૩૦૨-૩૭૧ |
| ગવાર | ૬૨૯-૬૫૧ |
| મગ | ૭૬૫ |
| તલ | ૧૩૮૭-૧૪૨૨ |
| અડદ | ૫૯૦-૮૧૧ |
| ચોળી | ૫૭૬-૭૭૧ |
| મગફળી | ૬૦૦-૮૦૧ |
| કપાસ | ૮૮૦-૮૯૧ |

**પાલનપુર**

| | |
|---|---|
| એરંડા | ૮૨૨-૯૦૨ |
| ઘઉં | ૩૦૦-૩૫૫ |
| બાજરી | ૨૧૬-૨૫૬ |
| મગફળી | ૬૬૦-૮૩૦ |
| મગ | ૭૬૧-૭૭૯ |
| અડદ | ૫૮૧-૭૨૧ |
| રાયડો | ૬૩૦-૬૫૦ |
| રાજગરો | ૭૩૬-૮૩૦ |

**લાખણી**

| | |
|---|---|
| એરંડા | ૮૭૦-૮૮૪ |
| રાયડો | ૬૫૦-૬૬૬ |
| બાજરી | ૨૨૮-૨૫૦ |
| ર.બાજરી | ૨૭૦-૩૭૭ |
| ચીકુડી | ૭૨૫-૮૬૮ |
| ગવાર | ૬૫૦-૬૭૯ |
| રજકો | ૧૯૭૦-૨૩૫૦ |
| વરી. | ૮૧૫ |
| તલ | ૧૩૦૦-૧૩૮૨ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| રાયડો | ૬૪૦-૬૬૪ |
| એરંડા | ૮૫૦-૮૮૯ |
| મગ | ૬૦૦-૮૫૦ |
| અડદ | ૫૦૦-૮૮૧ |
| ગવાર | ૬૭૧-૬૭૫ |
| ચોળા | ૪૭૫-૭૦૦ |
| ઘઉં | ૩૧૪-૩૬૬ |
| બાજરી | ૧૮૮-૨૬૦ |
| કપાસ | ૮૫૦-૯૩૧ |

**ધાનેરા**

| | |
|---|---|
| ઘઉં | ૩૪૫ |
| બાજરી | ૨૨૫-૨૬૬ |
| જુવાર | ૩૦૦ |
| મગ | ૭૦૧-૧૦૦૨ |
| ચોળા | ૬૦૦-૧૦૫૧ |
| ગવાર | ૬૦૦-૬૬૫ |
| બીજડા | ૧૨૨૫-૧૪૫૦ |
| મગફળી | ૬૦૦-૮૧૨ |
| રાયડો | ૬૨૧-૬૬૭ |
| એરંડા | ૮૫૦-૮૭૩ |
| જીરૂ | ૩૦૦૦-૩૪૨૯ |
| તલ | ૧૨૧૫-૧૩૬૪ |
| મેથી | ૫૦૦-૫૩૦ |
| સુવા | ૬૬૧-૭૪૦ |
| રાજગરો | ૬૦૦-૭૦૪ |
| રજકો | ૧૮૦૦-૧૯૨૫ |
| અજમો | ૭૬૦-૭૭૬ |
| અન્ય | ૬૫૬-૮૪૦ |

**થરાદ**

| | |
|---|---|
| રાયડો | ૬૫૫-૬૯૬ |
| એરંડા | ૮૭૦-૮૮૨ |
| જીરૂ | ૨૫૦૦-૩૬૦૦ |
| મેથી | ૪૪૦-૫૩૦ |
| ઈસ. | ૧૮૦૦-૨૦૪૧ |
| મગ | ૬૦૦-૯૦૦ |
| ગવાર | ૬૪૦-૬૮૮ |
| અજમો | ૧૦૭૧-૧૩૩૦ |
| મગફળી | ૬૦૦-૭૮૧ |
| ચીકુડી | ૭૬૦-૮૫૦ |
| મેથી | ૪૪૦-૫૩૦ |

**રાહ**

| | |
|---|---|
| રાયડો | ૬૬૦-૬૭૦ |
| એરંડા | ૮૪૦-૮૫૦ |
| બાજરી | ૨૫૦-૨૬૦ |
| ચીકુડી | ૮૦૦-૮૨૫ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૩૦૦૦-૩૬૦૦ |
| એરંડા | ૮૮૦-૮૮૬ |
| રાયડો | ૬૪૦-૬૫૫ |
| ગવાર | ૬૪૦-૬૬૨ |
| ઘઉં | ૩૦૫-૩૩૪ |
| બાજરી | ૨૨૦-૨૫૧ |
| મગ | ૬૪૦-૮૭૧ |
| અડદ | ૬૯૦-૮૩૩ |
| ચોળા | ૪૬૦-૪૮૫ |
| બંટી | ૩૧૨-૩૨૨ |
| રજકો | ૨૨૦૦-૨૫૮૬ |
| મેથી | ૪૪૦-૪૬૬ |

## હિંમતનગરમાં જૂની અદાવતમાં ટોળાના આતંકથી તંગદિલી

હિંમતનગર

હિંમતનગર શહેરના બસસ્ટેન્ડ રોડ ઉપર આવેલ પરમારવાસમાં સોમવારે મોડી સાંજે ટોળાએ એક ઘર ઉપર છૂટા પથ્થર અને ઈંટો મારી આતંક મચાવ્યો હતો. જેમાં બે વ્યક્તિઓને ઈજા થઈ હતી અને બે ટુવ્હીલર વાહનો તથા મકાનના બારી બારણાને નુકશાન થયું હતું. બી ડિવિઝન પોલીસે ૨૮ શખસો વિરુદ્ધ રાયોટીંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહીતી અનુસાર સોમવારના રોજ સાંજે સાડા આઠેક વાગ્યાના સુમારે હિંમતનગર શહેરના બસસ્ટેન્ડ રોડ પર ડોડિયા સ્કેલની પાછળ પરમારવાસમાં રહેતા બાબુભાઈ કોદરભાઈપરમારના ઘેર અપ્પો અરવિંદ વાઘેલા, અલ્પેશ રમેશભાઈ વાઘેલા, પિંકીભાઈ જગદીશભાઈ વાઘેલા, વિજય મંડપવાળો, જીગો, બાબુભાઈ રણજીતભાઈ વાઘેલા, દિનેશભાઈ સંપતભાઈ વાઘેલા, જયેશભાઈ જગદીશભાઈ વાઘેલા અને વીસેક માણસોનું ટોળું લાકડીઓ, હોકી, પાઈપો લઈ ધસી આવ્યુ હતું અને અગાઉ ધવલભાઈ તથા હંસાબેન સાથે થયેલ બોલાચાલીની અદાવત રાખી આવી અપશબ્દો બોલી છૂટા પથ્થરો મારી મકાનના બારી બારણાને નુકશાન પહોંચાડ્યુ હતું.

ટોળાએ એક્ટીવા નં.જી.જે-૯-સી.કે.૪૮૪૪ અને પલ્સર બાઈક નં.જી.જે-૯-સી.ટી. ૨૨૫૧ તથા મકાનના બારી બારણાને ભારે નુકશાન પહોંચાડ્યું હતું. હંસાબેન બાબુભાઈ પરમાર અને નયનાબેન રામાભાઈ પરમારને ઈંટો વાગતા ઈજાઓ થવા પામી હતી. પોલીસે કુલ ૨૮ શખસો વિરુદ્ધ રાયોટીંગ અને એટ્રોસીટી અંતર્ગત ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉંઝામાં દિવાળી બાદ ઘરફોડ અને વાહન ચોરીના બનાવોથી લોકોમાં ભય

ઉંઝા

ઉંઝા ખાતે દિવાળી બાદ ઘરફોડ અને બાઈક ચોરીના બનાવોનું પ્રમાણ વધી રહ્યું છે. ગત શનિવારની રાત્રે એલઆઈસીના એક ઓફિસરના બંધ મકાનનું તાળું તોડી સોનાચાંદીના દાગીના સહિત રૂા.૪૯૦૦૦ ની કિંમતના મુદામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. લોકોમાં ભય ફેલાયો છે. શહેરમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બને તેવી માંગ ઉઠી છે.જાણવા મળતી વિગતો અનુસાર ઉંઝા એલઆઈસી કચેરીના ડેવલપમેન્ટ ઓફિસર હિમાશુંભાઈ નવિનભાઈ ત્રિવેદી તા.૨૫/૧૦/૧૭ ના રોજ ઉંઝા - વિસનગર રોડ પર આવેલા અયોધ્યાનગરના મકાનને બંધ કરીને તેઓ ગાંધીનગર પિતાના ઘરે ગયા હતા. ત્યારે રાત્રી દરમ્યાન તેમના મકાનને તસ્કારોએ ટાર્ગેટ બનાવી ઘરનું તાળું તોડી તિજોરીમાંથી ૫૦૦ ગ્રામની ચાંદીની પ્લેટ, સોનાની બુટ્ટી વીટી અને પાંચ હજાર રોકડ રકમ સહિત રૂા.૪૯૦૦૦ ની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે ઉંઝા સીટી પોલીસમાં ફરીયાદ નોંધાવામાં આવી હતી.

જયારે બે દિવસ અગાઉ ધનજીનગર પાસે રાજેન્દ્રનગરમાં અરવિંદભાઈ પટેલના ઘર આગળ પાર્ક કરેલ મોટર સાયકલ રાત્રી દરમ્યાન કોઈ ચોરી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી છે.

## રાધનપુર લોહાણા સમાજનું ગૌરવ


કમલ ચક્રવર્તી

રાધનપુર

સિદ્ધપુર મુકામે ગોકુલ કેમ્પસ ખાતે ચાલી રહેલી પુજય રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહમા લોહાણામહાપરિષદ સ્થાપિત તેમજ દતાણી ફાઉન્ડેશન કલકતા દ્વારા પ્રેરિતઆંતર રાષ્ટ્રીય શ્રેષ્ઠ બાલ પ્રતિભા એવોઁડથી રાધનપુરની શેઠ કે.બી.વકિલ વિદ્યલક્ષી વિદ્યાલયમાં ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા જિનીલ કલ્પેશભાઈ અખાણીએ કરેલ ગણિતવિજ્ઞાનની વિવિધ પ્રવૃતિઓના સંદભઁમાં લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટક તથા દાતા પરિવાર તરફથી સન્માન કરવામા આવ્યું.સન્માન મેળવતા અગાઉ પ્રખર ભાગવત મમઁજ્ઞ પુજય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)એ આશિઁવચન પાઠવ્યા હતા. જિનીલે ગુજરાત ગણિત મંડળ, ગુજરાત વિજ્ઞાન અકાદમી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમા રીસઁચ,ગણિત મહોત્સવ, ગણિત વિજ્ઞાન પર્યાઁવરણ પ્રદશઁન,રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ તેમજ ઈકો કલબની વિવિધ પ્રવૃત્તિઓમા જિલ્લા તેમજ રાજયકક્ષાની પ્રવૃત્તિઓમા ઉત્સાહપુવઁક ભાગ લીધો છે.

ભારત વિકાસ પરિષદ, રાધનપુર શાખા દ્વારા ગુરુ વંદન છાત્ર અભિનંદન કાયઁક્રમ અંતઁગત તેનુ શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે પણ સન્માન થયું થઈ ચુકયુ છે.જિનીલે રાધનપુર લોહાણા નુ ગૌરવ વધાયુઁ છે.

## સિધ્ધપુરના કાર્તિકી પૂનમના લોકમેળાના વ્યવસ્થાપન અંગે જિલ્લા કલેક્ટરે સમીક્ષા કરી



પાટણ

પાટણ જિલ્લાના વિખ્યાત માતૃતર્પણ તીર્થ સિધ્ધપુર ખાતે તા ૨ નવેમ્બરથી તારીખ ૮ નવેમ્બર૨૦૧૭ સુધી યોજાનારા પૌરાણિક અને પરંપરાગત કાત્યોક લોકમેળા માટે જિલ્લાના સંબંધિત ખાતાઓ દ્વારાકાર્યરત કરાયેલી વ્યવસ્થા અને પ્રબંધ અંગે જિલ્લા કલેક્ટર આનંદ પટેલે સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શકરી પારંપારિક લોકમેળો તેના મહિમા અને મહાત્મ્ય સાથે યોજાય તેમ જ મેળાના મુલાકાતીઓ અને યાત્રિકોનેકોઈ તકલીફ ન પહોંચે તેવો સુચારુ પ્રબંધ ગોઠવવા અનુરોધ કર્યો હતો. સિધપુર મેળાના આયોજન માટે આઅગાઉ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે બેઠકો યોજી સબંધિત ખાતાઓને મેળા અંગેની વિવિધ ફરજોથી વાકેફઅને માર્ગદર્શિત કરાયા હતા.સિદ્ધપુરનો મેળો પૌરાણિક સરસ્વતી નદીના પટમાં યોજાય છે. મેળા દરમિયાન કાયદો-વ્યવસ્થા અને સલામતી, આરોગ્ય, ટ્રાફિક નિયમન અને સેનીટેશનની વ્યવસ્થા, ઈમર્જન્સી મેડિકલ સેવાઓ, તેને લગતો કંટ્રોલરૂમ, મેળા દરમિયાન નિયમિત સાફ સફાઈ, રસ્તાઓની મરામત, પાણી પુરવઠા વ્યવસ્થાપન, વીજળી પ્રબંધન, પાર્કિંગ, રખડતા ઢોરનું નિયંત્રણ, મેળામાં યોજાતી અશ્વ દોડ-ઉંટ દોડની વ્યવસ્થા, ૧૦૮ સેવા,સંસ્થાઓ સાથેનું સંકલન સહિત વી.આઈ.પી. પ્રોટોકોલ, પોલીસ કંટ્રોલ અને ફાયરબ્રિગેડ વગેરે વ્યવસ્થાઓ માટે સ્થાનિક અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કારગત કરાયેલી વ્યવસ્થાઓનું ચુસ્ત અમલીકરણ કરી ભાવિકોને મહત્તમ રીતે ઉપયોગી બનવાનો કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો. સિદ્ધપુરના પ્રાંત ઓફીસર જસવંતજેગોડા સહિત તાલુકા વહીવટી તંત્ર, સિધ્ધપુર પાલિકા અને સબંધિત ખાતાઓના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## રાધનપુરમાં વિધાનસભાની ચૂંટણી અંગે માર્ગદર્શન અપાયું


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકમાં આચારસંહિતા સહીત અન્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, પ્રાંત અધિકારી એસ.ડી. ગિલવાએ ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષના અગ્રણીઓને રાત્રે દસ વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવા,કોઈ પણ કાર્યક્રમ કરવો હોય તો મંજૂરીલેવી,ખર્ચની વિગતો ક્યારે અને કેવી રીતે પુરી પાડવી,બેલેટપેપર ઉપર ઉમેદવારના ફોટા અંગે તેમજ વી.વી.પેટ મશીનનો રૂબરૂમાંઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી,આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી,તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ જીલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી ,૨૦૧૭ જાહેર થયા બાદનો અમલ શરૂ

પાટણ

પાટણ જીલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી ,૨૦૧૭ જાહેર થયા બાદ અમલમાં આવેલ આદર્શ આચારસહિતાને ધ્યાને લેતા જીલ્લાની વિવિધ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવે છે .પાટણ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં ભીત લખાણ -૪૬ ,પોસ્ટર -૨૬ ,બેનર -૪૮ ,અન્ય ૪ મળી કૂલ -૧૨૪ આચાર સહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે .જયારે ખાનગી મિલકતો પરથી ભીત લખાણ -૧૧ ,પોસ્ટર -૭ ,બેનર -૫ ,અન્ય -૧ મળી કૂલ ૨૪ આચારસંહિતા ભંગને લગતી બાબતો દૂર કરવામાં આવેલ છે . આ ચૂંટણીઓની જાહેરાત થયા તારીખથી આજ સુધી કૂલ ભીત લખાણ -૨૦૭૪ ,પોસ્ટર ૬૩૩ ,બેનર -૪૬૭ અન્ય ૧૭૯૨ મળી કૂલ -૪૯૬૬ આચારસંહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે .જયારે ખાનગી મિલકતો પરથી ભીત લખાણ -૪૦૪ ,પોસ્ટર -૧૪૫ ,બેનર -૧૨૭ ,અન્ય -૧૪ મળી કૂલ ૬૯૦ આચારસંહિતા ભંગને લગતી બાબતો દૂર કરવામાં આવેલ છે .કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે જીલ્લા પોલીસ વિભાગ દ્વારા આજ સુધી કૂલ ૪૮૯ લાઈસન્સવાળા હથિયાર જમા કરવામાં આવ્યા છે ,અને પાટણ જીલ્લામાં કૂલ ૭ નાકા કાર્યાન્વિત કરાયા હોવાનું જીલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## દેવની મોરી રિવરફ્રન્ટ માટે રૂ.૧૨૦૦ કરોડનો પ્રોજેક્ટ કેન્દ્રમાં મંજૂરી માટે મોકલાયો

મોડાસા

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકા અને શહેરોને આવરી લઈને વિકાસ માટે રૂ.૫.૧૨ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જેમાં જિલ્લાના ૨૬૮ ગામડાંઓમાં પ્રાથમિક સુવિધાને લગતા વિકાસના કામો માટે રૂ.૩.૩૦ કરોડ જયારે અન્ય ઐતિહાસિક તેમજ પર્યટન સ્થળોના વિકાસ માટે રૂ.૧.૩૨ કરોડ અને જિલ્લાના પાંચ મોટા ગામડાંઓમાં શબવાહિની માટે રૂ.૫૦ લાખની ગ્રાન્ટમાંથી ફાળવણી કરાઈ છે. અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક પ્રાચીન દેવની મોરી રિવરફ્રન્ટ માટે રૂ.૧૨૦૦ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરાયો છે.

અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ મંત્રી હર્ષદગીરી ગોસ્વામીએ જણાવ્યું કે રાજ્યસભાના સભ્ય અમિત શાહે તેમણે પ્રથમ વર્ષની રૂ. ૫.૧૨ કરોડની ગ્રાન્ટ જિલ્લાના વિકાસના કામો માટે ફાળવી છે. જેમાં મોડાસા, બાયડ, મેઘરજ, માલપુર, ભિલોડા અને ધનસુરા તાલુકાના ગામડાઓ માટે ૩.૩૦ કરોડ રૂપિયા પ્રાથમિક જરૂરિયાત મુજબ ફાળવવામાં આવ્યા છે. જેમાં સી.સી.રોડ, સ્મશાન ગૃહો, ગરનાળા, સંરક્ષણ દીવાલો, ગટર લાઈનના કામ ઓડિટોરીયમ હોલ, સ્નાનઘાટ, હવાડાના કામ, શાળાના કમ્પાઉન્ડ વોલ સહિતના કામોનો સમાવેશ કરાયો છે.

મોડાસા તાલુકાના ૨૪ કામો માટે રૂ. ૬૮ લાખ, જયારે ભિલોડા તાલુકાના ૩૬ કામો માટે રૂ. ૫૭ લાખ, બાયડ તાલુકાના ૪૩ કામો માટે, ૫૫ લાખ માલપુર, મેઘરજ, બંન્ને તાલુકાના ૫૯ કામો માટે ૫૦ લાખ તદઉપરાંત ૨૭ કામો માટે રૂ.૫૦ લાખની ફાળવણી કરાઈ છે. મોડાસા તાલુકાના મહાદેવ ગ્રામ ખાતે ગાંધીસ્મારક રાજઘાટના વિકાસ માટે ૫૫ લાખ રૂપિયા અને બાયડ તાલુકાના ઝાંઝરી પર્યટક સ્થળના વિકાસ માટે રૂ.૩૭ લાખ તેમજ શામળાજીના મેશ્વોમાં આવેલા નાગધરામાં પિતૃ તર્પણ તીર્થ વિકસાવવા રૂ.૪૦ લાખ ફાળવણી કરાઈ છે.

ડેમાઈ, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા પંચાયતોમાં શબવાહિની માટે ૫૦ લાખ ફાળવાયા છે. આ પ્રસંગે મીડિયા કન્વીનર પ્રભુદાસભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી એસ.એમ.ખાંટ, સાબરડેરીના વાઈસ ચેરમેન કાંતિભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, અને શામળાજી મંદિર ટ્રસ્ટના સભ્ય અનિલભાઈ પટેલ અને ગ્રામપંચાયતોના સરપંચો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આચાર સંહીતાના પગલે ઉ.ગુ.યુનિ.માં એક કરોડના વિકાસના કામો અટવાયા

પાટણ

રાજયની ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચુંટણી જાહેર થતાં અને આચાર સંહીતાની અમલવારી શરૂ થતાં આગામી દિવસોમાં જે વિકાસના કામોને મંજુરીઓ આપવાની કાર્યવાહી થનાર હતી તેના પર બ્રેક લાગી ગઈ છે.

ઉત્તર ગુજરાત યુનિ.માં આગામી દિવસોમાં અંદાજે ૨ કરોડના કામોની ટેન્ડરીંગ પ્રક્રિયા અને વહીવટી મંજુરીની કાર્યવાહી હાથ ધરનાર હતી જે આચાર સંહીતા લાગુ પડતા અટકી ગઈ છે. હેમ.ઉ.ગુ.યુનિ.માં દિવાળી વેકેશન બાદ લાભ પાંચમથી યુનિ.નું વહીવટી કામકાજ શરૂ થતાં યુનિ. ફરી ધમધમવા લાગી છે. યુનિ. માં કરોડોના ખર્ચે વિવિધ વિકાસના કામોની કામગીરી ચાલી રહી છે. અને આગામી દિવસોમાં યુનિ.ના સ્ટાફ કવાર્ટરમાં એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટ નાંખવાની કામગીરી થનાર છે. જે રૂા.૧૬ કરોડના કામોની ટેન્ડરીંગ પ્રક્રિયા થઈ ગઈ છે. અને આગામી સમયમાં કારોબારી સમિતિની બેઠકમાં આ કામોને વર્ક ઓર્ડર આપવા અંગે નિર્ણય લેવામાં આવનાર હતો પરંતુ આચાર સંહીતા લાગુ પડતા કામગીરી અટકી પડી છે.

## હિંમતનગરમાં દેશના વિવિધ પ્રદેશના લોકોએ પ્રાણનાથજી મંદિરની મુલાકાત લીધી


સતીષ ભટ્ટ

પ્રતિનિધિ હિંમતનગર

વડોદરામાં આવેલ નિજાનંદ આશ્રમમાં જાગણીઅભિયાન પરીવાર દ્વારા બાળ અને યુવા શિબીરનું આયોજનકરવામાં આવેલ જેમાં દેશના આસામ, મણીપુર, નાગાલેન્ડ તેમજનેપાળ સહિત દેશ-પ્રદેશના પ્રણામી સંપ્રદાયના લોકોએ ભાગલીધો હતો આજ ધાર્મીક ભક્તો દ્વારા સાબરકાઠા જીલ્લાના પ્રાણનાથજી મંદીરોમાં પણ મુલાકાત લીધી હતી. હિંમતનગર સ્થિત પ્રાણનાથજી મંદિરમાં સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે તેઓનું સ્વાગત કર્યુ હતું. જેમાં નરેશભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ તથા સમાજના અગ્રણીઓ જોડાયા હતા જે તસ્વીરમાં નજરે પડે છે.

## રાધનપુરમાં ભાજપ દ્વારા સરદાર જયંતિ નિમિત્તે રન ફોર યુનિટી


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં મંગળવારે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે રન ફોર યુનિટીનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે,જેના આયોજન માટે સોમવારે આસ્થા હોસ્પિટલના પ્રાંગણમાં ભાજપના અગ્રણીઓની એક બેઠક યોજવામાં આવી હતી,પૂર્વ પાલિકા પ્રમુખ ડો.દેવજીભાઈ પટેલ,જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, પ્રકાશભાઈ દક્ષિણી,ઈશુભા મલેક, ડો.વિષ્ણુ ઝૂલા,તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહીર, પાલિકા પ્રમુખ જુગલદાસ ગરો, બાબુભાઈ ચૌધરી સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં રન ફોર યુનિટી અંગે ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સરદાર જયંતિ નિમિત્તે ભાજપના ૩૦૦ થી વધુ કાર્યકરો ગાયત્રી મંદિરથી ગાંધીચોક સુધી દોડમાં ભાગ લેશે.

